Current Affairs September-2018

## 1.September 2018

**(૧) વિરાટના ટેસ્ટમાં ૬૦૦૦ રન પૂરા :**

- વિરાટ કોહલીએ પોતાની ૧૧૯ મી ટેસ્ટમાં ૬૦૦૦ રન પૂરા કર્યા.
- સચિનથી ૧ ઇનિંગ્સ ઓછી રમી કોહલીના ૬૦૦૦ રન પૂરા
- ટીમ ઇન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ ભારત–ઇંગ્લેન્ડ વચ્ચે સાઉથ કેપ્ટન ખાતે રમાઇ રહેલી ચોથી ટેસ્ટમાં ૬૦૦૦ રન પૂરા કર્યા છે.
- હવે સુનિલ ગાવસ્કર જ તેનાથી આગળ છે. ગાવાસ્કરે ૧૧૭ ઇનિંગ્સ રમીને ૬ હજાર રન બનાવ્યા હતા.
- સચિને ૧૨૦, સેહવાગ ૧૨૩ અને દ્રવિડે ૧૨૫ ઇનિંગ્સ રમવી પડી હતી.

**(૨) PNB ના એમડી સુનિલ મહેતા IBA ના ચેરમેન બન્યા**

- પંજાબ નેશનલ બેન્કના એમડી અને સીઇઓ સુનિલ મહેતાને ઇન્ડિયન બેન્ક એસોસિએશનના નવા ચેરમેન તરીકે ચૂંટાઇ આવ્યા છે.
- તેમનો સમયગાળો એક વર્ષનો રહેશે.
- બેન્ક ઓફ ઇન્ડિયાના એમડી અને સીઇઓ બંધુ મોહપાત્રા ડેપ્યુટી ચેરમેન બન્યા છે.
- ઇન્ડિયન બેંક એસોસિએશનની સ્થાપના ૨૬ સપ્ટેમ્બર, ૧૯૪૬ના રોજ થઇ હતી.
- IBM ભારતીય બેન્કો અને નાણાંકીય સંસ્થાઓ દ્વારા સંચાલિત બેન્કિંગ વ્યવસ્થાપન માટે એક પ્રતિનિધિ સંગઠન છે.

**(૩) નાયબ મુખ્યમંત્રીનો જાપાન પ્રવાસ :**

- નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ૧ સપ્ટેમ્બરથી ૮ દિવસના જાપાન પ્રવાસે જઇ રહ્યા છે.
- ગુજરાત સાથે પાર્ટનર સ્ટેટ તરીકે જોડાયેલા જાપાનના હ્યુગો સ્ટેટના ૧૫૦માં સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે વિશેષ આમંત્રિત તરીકે તે ઉપસ્થિત રહેશે.
- તેઓ ગુજરાતમાં મેટ્રો પ્રોજેક્ટમાં આર્થિક સહયોગ કરનાર સંસ્થાઓ જોઇકા અને જેટ્રોની કચેરીઓની મુલાકાત લેશે.

**(૩) એલઆઇસી સ્થાપના દિન :**

- ઓરિએન્ટલ લાઇફ કંપનીની સ્થાપના કોલકત્તા ખાતે બિપિન દાસગુપ્તા અને અન્ય લોકો દ્વારા ૧૮૧૮ માં કરવામાં આવી હતી.
- ઓરિએન્ટલ લાઇફ કંપની ભારતની પ્રથમ વીમા કંપની હતી.
- ભારતીય સંસદ દ્વારા ૧૯ જૂન ૧૯૫૬ના રોજ 'ભારતીય જીવન વીમા બિલ' પસાર કરવામાં આવ્યું હતું.
- જેના હેઠળ, ભારતનું જીવન વીમા કોર્પોરેશન ૧ સપ્ટેમ્બર ૧૯૫૬માં અસ્તિત્વમાં આવ્યું.
- બોમ્બે મ્યુચ્યુઅલ લાઇફ એશ્યુરન્સ સોસાયટી દ્વારા ૧૮૭૦માં દેશનો પ્રથમ વીમા પ્રદાતા હતો.
- ભારતીય જીવન વીમા નીગમ મુખ્યમથક : મુંબઇ
- ચેરમેન : શ્રી વી.કે. શર્મા

**(૪) પોષણ માસ – સપ્ટેમ્બર :**

- કુપોષણથી સમગ્ર દેશને મુક્ત કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષે ૧ થી ૭ સપ્ટેમ્બર સુધી રાષ્ટ્રીય પોષણ અઠવાડિયાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- ભારત સરકાર દ્વારા નવજાત શિશુ પોષણ માટે રાષ્ટ્રીય સપ્તાહ ઉજવવામાં આવે છે.
- રાજ્ય સરકાર દ્વારા આ અંતર્ગત પોષણ માસનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ ઝુંબેશ અંતર્ગત મહિલાઓને સગર્ભાવસ્થા દરમિયાન પૌષ્ટિક ખોરાક તથા સમયાંતરે આરોગ્યની તપાસ કરવામાં આવશે.
- ૦–૫ વર્ષના બાળકોની તા. ૧૦ થી ૧૨ સપ્ટેમ્બર દરમ્યાન પોષણસ્તરની ચકાસણી કરવામાં આવશે.
- રાજ્યભરમાં પોષણની જાગૃતિ માટે સુપોષણ સંવાદ, બાળતુલા, અન્નપ્રાશન – બાલ દિવસ અને અન્ન વિતરણ – પુર્ણા દિવસ જેવા દિવસોની ઉજવણી કરવામાં આવશે.
- આ ઉજવણી રાજ્ય સરકારના તમામ વિભાગોના સહિયારા પ્રયાસથી હાથ ધરવામાં આવી છે.

**(૫) વર્ષ –૨૦૨૧ ની વસતી ગણતરીમાં દેશમાં પહેલીવાર OBC) ની માહિતી એકત્ર થશે.**

- વર્ષ ૨૦૨૧ ની વસતી ગણતરી વખતે પહેલી જ વાર ઓબીસીના ડેટા એકત્ર થશે.
- આઝાદી બાદ આવું પ્રથમ વખત બનશે.
- વર્ષ ૨૦૨૧માં વસતી ગણતરી થયાનાં ત્રણ જ વર્ષમાં અહેવાલ તૈયાર કરવામાં આવશે.
- હાલમાં અહેવાલ તૈયાર થતાં સાતથી આઠ વર્ષ લાગે છે.
- આ વસ્તી ગણતરી વખતે પહેલી જ વાર દેશમાં વસતા અન્ય પછાત વર્ગો અંગે માહિતી એકત્ર થશે.
- ત્રણ વર્ષમાં અંતિમ અહેવાલ તૈયાર થાય તે હેતુસર ડિઝાઇન અને ટેકનોલોજી સંશોધનોનો ઉપયોગ થશે.
- વસતીગણતરીની આ મહા કવાયત માટે ૨૫ લાખ લોકોને તાલીમ આપવામાં આવી છે.

Vivekanand Academy Gandhinagar

- અંતરિયાળ વિસ્તારમાં બાળમૃત્યુનું પ્રમાણ, માતાનું મૃત્યુ પ્રમાણ વગેરેનો અંદાજ મેળવવા જન્મ નોંધણી પ્રક્રિયાને સુદૃઢ બનાવવામાં આવશે.
- ઓબીસી દેશની કુલ વસતીમાં ૪૧ ટકા પ્રમાણ ધરાવે છે.
- ઓબીસી માટે ૨૭% અનામતની ઘોષણા વી.પી.સિંહ સરકાર દ્વારા મંડળ પંચની ભલામણો આધારે કરવામાં આવી હતી.

**(૬) છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય હવાઇમથક**

- મહારાષ્ટ્ર વિધાનસભામાં ઠરાવ પસાર કરવાના લગભગ બે વર્ષ બાદ છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય હવાઇમથકને 'છત્રપતિ શિવાજી મહારાજ' આંતરરાષ્ટ્રીય હવાઈમથક તરીકે નામ આપવામાં આવ્યું.
- મહારાષ્ટ્ર સરકારે ૮ મી ડિસેમ્બર થી છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ એરપોર્ટ અને છત્રપતિ શિવાજી ટર્મિનસને 'મહારાજ' શબ્દનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે.
- મુંબઇના એરપોર્ટને અગાઉ સહાર આંતરરાષ્ટ્રીય હવાઇમથક તરીકે ઓળખવામાં આવે છે.
- ૧૯૯૯ માં તેને છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ એરપોર્ટ તરીકે નામ આપવામાં આવ્યું હતું.

**પ્રશ્નો :**

૧ તાજેતરમાં કયા ખેલાડીએ ટેસ્ટમાં ૬૦૦૦ રન પુરા કર્યા ?
- વિરાટ કોહલી

૨ આઇબીએના નવા ચેરમેન જણાવો ?
- સુનિલ મહેતા

૩ તાજેતરમાં નીતિન પટેલે કયા દેશનો પ્રવાસ કર્યો ?
- જાપાન

૪ એલઆઇસીની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
- ૧૮૧૮

૫ ૨૦૧૮માં રાષ્ટ્રીય પોષણ અઠવાડિયાનું આયોજન ક્યારે થયું હતું ?
- ૧ થી ૭ સપ્ટેમ્બર

૬ ઓબીસી દેશની કુલ વસતીમાં કુલ વસતીમાં કુલ કેટલા ટકા પ્રમાણ ધરાવે છે ?
- ૪૧ ટકા

## 2.September 2018

**(૧) સરકારે કર્મચારીઓને ૨ ટકા મોંઘવારી ભથ્થુ :**

- રાજ્ય સરકારના ૮ લાખથી વધુ કર્મચારીઓને સરકારે ૨ ટકાથી મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે.
- અત્યાર સુધી તેમને ૫ ટકા મોંઘવારી ભથ્થુ આપવામાં આવતું હતું જેમાં બે ટકાનો વધારો થતાં હવે તે ૭ ટકા થયું છે.
- રાજ્ય સરકારના આઠ લખાથી વધુ અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરોને ૧ જાન્યુઆરી, ૨૦૧૮ થી ૨ ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.
- આ મોંઘવારી ભથ્થુ સપ્ટેમ્બર-૨૦૧૮ ના પગાર સાથે ચૂકવવામાં આવશે, જેનાથી રાજ્ય સરકારને રૂા. ૬૮૦ કરોડનો વધારાનો વાર્ષિક બોજ પડશે.
- રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓ તેમજ પેન્શનરો મળી કુલ ૮ લાખ ૨૦ હજાર ૭૬૪ કર્મચારીઓને તેનો લાભ મળશે.
- કેન્દ્રના કર્મચારીઓને કેન્દ્ર સરકારે બે ટકા મોંઘવારી ભથ્થુ બે વાર વધારી આપતા કેન્દ્રના કર્મચારીઓને હાલ ૯ ટકા મોંઘવારી ભથ્થુ ચૂકવવામાં આવે છે.

**(૨) નિધન – જૈનમુનિ તરૂણસાગરજી મહારાજ :**

- નવી દિલ્હી પોતાના ક્રાંતિકારી અને કડવા પ્રવચનોથી જાણીતા જૈનમુનિ તરૂણસાગરજી મહારાજ કાળધર્મ પામ્યા છે.
- ૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ તેમનું નિધન થયું.
- મધ્યપ્રદેશના દમોહ જિલ્લાના ગૂંચી ગામમાં ૨૬ જૂન ૧૯૬૭માં તેમનો જન્મ થયો હતો.
- તેમનું સાંસારિક નામ શ્રી પવનકુમાર જૈન હતું, મુનિશ્રીએ ૧૩ વર્ષની ઉંમરે ક્ષુલ્લક દીક્ષા ગ્રહણ કરી.
- તેઓ દીલ્હીના લાલ કિલ્લા પરથી ૩૩ વર્ષની ઉંમરે પ્રવચન આપનારા મુનિશ્રી બન્યા તેથી તેઓ તેથી તેઓ ક્રાંતિકારી સંત પણ કહેવાતા હતા.
- તેમને મધ્યપ્રદેશ, દિલ્હી અને હરિયાણા વિધાનસભામાં પણ જઇને પ્રવચન આપ્યા.
- તેમનાં 'કડવે પ્રવચન' નામના પુસ્તકોની સીરિજ આવી ચૂકી છે. ૧૦ મા પુસ્તકનું વિમોચન થવાનું બાકી હતું.

**(૩) જસ્ટિસ રંજન ગોગાઇ સુપ્રિમ કોર્ટના હવે પછીના મુખ્ય ન્યાયમૂર્તિ બનશે.**

- મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ દીપક મિશ્રા તેમના નામની ભલામણ સરકારને પાઠવશે.
- નિયમ મુજબ સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ મુખ્ય ન્યાયમૂર્તિ બનતા હોય છે.
- મુખ્ય ન્યાયાધીશના રૂપમાં જસ્ટિસ રંજન ગોગોઇ ૩ ઓક્ટોબરના રોજ શપથ લેશે.
- કાયદા મંત્રાલયે જસ્ટિસ દીપક મિશ્રાને પોતાના ઉત્તરાધિકારીની ભલામણ કરવા જણાવ્યું હતું.

- મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ દીપક મિશ્રા તેમના નામની ભલામણ સરકારને પાઠવી હતી.
- ગોગોઇ ૧૭ નવેમ્બર, ૨૦૧૯ સુધી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ફરજ બજાવશે.
- તેઓ સુપ્રિમ કોર્ટના ૪૬માં મુખ્યન્યાયમૂર્તિ બનશે.
- ગોગોઇ ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૧ ના રોજ પંજાબ અને હરિયાણા હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા.
- સુપ્રીમ કોર્ટ – સ્થાપના – ૨૮ જાન્યુઆરી – ૧૯૫૦

**(૪) ભારત વાટવાની અને સોનમ વાંગચુકને મેસેસે પુરસ્કાર**

- એશિયાના નોબેલ પુરસ્કાર માનવામાં આવતા મેસેસે પુરસ્કારથી આ વખતે બે ભારતીય સહિત છ લોકોને નવાજવામાં આવ્યા છે.
- મનાલી ખાતે આયોજિત કાર્યક્રમમાં પુરસ્કાર એનાયત થયા હતા.
- રસ્તાઓ પર રઝળતા માનસિક બીમાર લોકો માટે કાર્ય કરી રહેલા મનોચિકિત્સક ભારત વાટવાની અને આર્થિક પ્રગતિ માટે વિજ્ઞાન અને સંસ્કૃતિનો રચનાત્મક સુમેળ સાધીને લદાખના યુવાનોનું જીવન બદલી રહેલા સોનમ વાંગચુક એમ બે ભારતીયને વર્ષ ૨૦૧૮ના મેસેસે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- પ્રત્યેક વિજેતાને એક પ્રમાણપત્ર, પદક અને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

પ્રશ્નો :

૧ જૈનમુનિ તરૂણસાગરજી મહારાજનું સાંસારિક નામ શું હતું ?
- શ્રી પવનકુમાર જૈન

૨ સુપ્રીમ કોર્ટના ૪૬માં મુખ્ય ન્યાયમુર્તિનું નામ જણાવો ?
- જસ્ટિસ રંજન ગોસાઇ

૩ સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૨૮ જાન્યુઆરી ૧૯૫૦

૪ તાજેતરમાં ભારત વાટવાની અને સોનમ વાંગચુકને કયો પુરસ્કાર એનાયત થયો ?
- મેગ્સેસ

## 3.September 2018

**(૧) સહ્યાદ્રિ કકાડૂ – ૨૦૧૮**

- દક્ષિણ ચીન સાગર અને પ્રશાંત મહાસાગરમાં ચાર મહિનાની તૈયારી બાદ ભારતીય નૌસેનાનું જહાજ સહ્યાદ્રિ ઓસ્ટ્રેલીયામાં ડાર્વિન બંદર પર આયોજીત કકાડૂ ૨૦૧૮ સૈનાભ્યાસમાં સામેલ થયું.
- સહ્યાદ્રિએ દક્ષિણ ચીન સાગર અને પ્રશાંત મહાસાગરમાં તૈયારી દરમિયાન ગુઆમમાં માલાબાર ૨૦૧૮ અને હવાઈમાં રિમપેક ૨૦૧૮ ના બહુરાષ્ટ્રીય અભ્યાસમાં ભારતીય નૌસેનાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- વર્ષ ૧૯૯૩ થી શરૂ કકાડૂ અભ્યાસ રોયલ ઓસ્ટ્રેલિયાઇ નૌસેના (RAN) દ્વારા આયોજીત અને રોયલ ઓસ્ટ્રેલિયાઇ વાયુસેના (RAAF) દ્વારા સમર્થિત એક મહત્વપૂર્ણ બહુપક્ષીય ક્ષેત્રીય સમુદ્રી અભ્યાસ છે.
- આ અભ્યાસ દર બે વર્ષના સમયે ડાર્વિન અને ઉતરી ઓસ્ટ્રેલીયાઇ અભ્યાસ ક્ષેત્રો (NAXA) માં આયોજીત થાય છે.
- સમુદ્રી અભ્યાસ કકાફ ૨૦૧૮નું ૧૪ મી સંસ્કરણ ૨૯ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી ચાલશે.
- કકાડૂ અભ્યાસનું નામ ડાર્વિનથી દક્ષિણ પૂર્વ ૧૭૧ કિલોમીટર દૂર ઓસ્ટ્રેલિયાના ઉતરી ક્ષેત્રમાં આવેલ કકાડૂ રાષ્ટ્રીય પાર્કના નામ પરથી પડેલ છે.

**(૨) GDP વૃદ્ધિદર ૮.૨**

- કેન્દ્રિય સાંખ્યિકિ કાર્યકાળના નાણાં વર્ષ ૨૦૧૮–૧૯ના પ્રથમ ત્રિમાસિક માટે જીડીપીનો દર અનુમાન કર્યા છે.
- આ જીડીપી વૃદ્ધિ દર વર્ષ ૨૦૧૮–૧૯ના પ્રથમ ત્રણ માસમાં ૮.૨% રહ્યો જે ગયા વર્ષે ૨૦૧૭–૧૮ના છેલ્લા ત્રિમાસિક ૭.૭% ની સરખામણીએ ઘણો વધુ સારી સ્થિતિ દર્શાવી છે.
- તેનો વિકાસનો આધાર ખૂબ વ્યાપક છે અને આ ઉપભોગ ખર્ચમાં ૮.૪% ની વૃદ્ધિ તથા નિયત રોકાણમાં ૧૦.૦% ના વધારાના પ્રમાણમાં શક્ય બન્યું છે.
- વિભિન્ન કેન્દ્રિય મંત્રાલયો અને રાજ્ય સરકારના સાંખ્યિકીય ગતિવિધિની વચ્ચે સમન્વય અને સાંખ્યિકીય માનકોના સંવર્ધન હેતુ ૧૯૫૧માં કેન્દ્રિય સાંખ્યિકી કાર્યાલયની સ્થાપના કરવામાં આવી હતી.
- આ રાષ્ટ્રીય ખાતાને તૈયાર કરવા ઔદ્યોગિક આંકડાને સંકલિત અને પ્રકાશિત કરવાની સાથે સાથે જ આર્થિક જનગણના અને સર્વેક્ષણ કાર્ય પર આયોજીત કરે છે.
- તે દેશમાં સતત વિકાસ લક્ષ્યોની સાંખ્યિકી જાળવણી માટે જવાબદાર છે.

**(૩) ચોથી આંતરરાષ્ટ્રીય આયુર્વેદ કોંગ્રેસ :**

- આયુષ રાજ્ય મંત્રી શ્રી પદ યેસ્સો નાઇક નેધરલેન્ડમાં ચોથા આંતરરાષ્ટ્રીય આયુર્વેદ કોંગ્રેસનું ઉદ્દ્ઘાટન કર્યું.
- ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી ચાલતા આ કોંગ્રેસનું આયોજન આંતરરાષ્ટ્રીય મહર્ષિ આયુર્વેદ ફાઉન્ડેશન, નેધરલેન્ડ અખિલ આયુર્વેદિક કોંગ્રેસ ન્યુ દિલ્લી અને આયોજન આંતરરાષ્ટ્રીય આયુર્વેદ

Vivekanand Academy Gandhinagar

એકેડમી પૂણે દ્વારા નેધરલેન્ડમાં ભારતીય દૂતવાસના સહયોગથી સંયુક્ત રૂપથી કરવામાં આવી રહ્યું છે.
- આ કોંગ્રેસ નેધરલેન્ડ અને યુરોપને તેમા પાડોશી દેશોમાં આયુર્વેદના સંવર્ધન અને પ્રચાર પર ધ્યાન આપશે.
- ભારતીય દુતાવાસ દ્વારા આયુર્વેદ સહિત સ્વાસ્થ દેખરેખ હેઠળ ભારત– નેધરલેન્ડ સહયોગ વિષય પર એક વિશેષ સંગોષ્ઠીનું આયોજન ૩ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ કરાશે.

**નેધરલેન્ડની મુખ્યમાહિતી :**
- રાજધાની : એમ્સટર્ડમ
- વડાપ્રધાન – માર્ક રૂટ

**(૪) કૃષ્ણ કુટીર :**
- કૃષ્ણ કુટીર મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની સ્વધાર ગૃહ યોજના હેઠળ ૧૦૦૦ વિધવાઓ માટે નિર્મિત એક વિશેષ ગૃહ છે અને સરકારી સંગઠન દ્વારા સર્જિત અત્યાર સુધીનું સૌથી મોટું સુવિધા કેન્દ્ર છે.
- વિધવાઓ હેતુ ગૃહ 'કૃષ્ણ કુટીર' નું નિર્માણ ઉત્તર પ્રદેશમાં આવેલ મથુરાના વૃંદાવનમાં રાષ્ટ્રીય ભવન નિર્માણ નિગમ (NBCC) દ્વારા ૫૭.૪૮ કરોડ રૂપિયાના ખર્ચથી ૧.૪ હેક્ટર જમીન પર કરવામકાં આવેલ છે.
- તેના નિર્માણ હેતુ નાણાપોષણ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ છે અને તેની જોગવાઈ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા કરવામાં આવશે.

**(૫) ઉપકરણનો વિના ઇંગ્લિશ ચેનલ પાર કરનાર દુનિયાના પ્રથમ વ્યક્તિ – લેવિસ પગ**
- કોઇપણ પ્રકારના ઉપકરણનો ઉપયોગ કર્યા વિના ૪૮ વર્ષના લેવિસ પગ ઇંગ્લિશ ચેનલ પાર કરનાર દુનિયાના પ્રથમ વ્યક્તિ બન્યા.
- તેમણે ઇંગ્લિશ ચેનલે ૪૯ દિવસમાં તરીને પાર કરી છે.
- આ દરમિયાન વેટસૂટ કે ડ્રાયસૂટ અને ફિલપર્સ પણ નહોંતા પહેર્યા.
- લેવિસે તેમની સફર ૧૨ જુલાઇએ ઇંગ્લેન્ડના પેન્જાસ કિનારેથી શરૂ કરી હતી. આ સફર તેમણે ફ્રાન્સના ડોવરમાં પૂરી કરી.
- આ દરમિયાન તેમણે ૫૩૦ કિમીનું અંતર કાપ્યું. ૫.૩ લાખ સ્ટ્રોક્સ માર્યા. કુલ ૯૮,૦૦૦ કેલોરી ઊર્જા ખર્ચ કરી.
- આ સફર કરવાનો તેમનો હેતુ સમુદ્રમાં વધતાં પ્રદૂષણ પર દુનિયાનું ધ્યાન આકર્ષિત કરવાદ માટે કર્યું.

**(૬) ઓડીશા પર્વ – ૨૦૧૮**
- ડાયમંડ સિટી સુરત ખાતે ઓડિશા રાજ્યની સંસ્કૃતિ, પરંપરા, વારસા અને કળા ની બે દિવસીય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું.
- પર્વનું ઉદ્‌ઘાટન ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરવામાં આવ્યું હતું.
- વિજયભાઇ રૂપાણીએ લોકોને ઉડિયા ભાષામાં શુભકામનાઓ આપી હતી.
- ૨ અને ૩ સપ્ટેમ્બર ૨૦૧૮ દરમ્યાન આ પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ પર્વનું આયોજન નવી દિલ્હીના ઓડિશા સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રશ્નો :

૧ ૧૮ મી એશીયન ગેમ્સનુ આયોત્જન ક્યાં થયું હતું ?
- ઇન્ડોનેશિયાના જકાર્તા અને પાલેમબગ

૨ ૧૮ મી એશિયન ગેમ્સની થીમ જણાવો ?
- એનર્જી ઓફ એશિયા

૩ એશિયન હોમ્સ – ૨૦૧૮માં કુલ કેટલા મેસ્કોર્ટ પસંદ કરવામાં આવ્યા હતા ?
- ૩ (ત્રણ)

૪ એશિયન ગેમ્સનું આયોજન કેટલા વર્ષે થાય છે ?
- ૪

૫ એશિયન ગેમ્સ–૨૦૨૨ નું આયોજન કયા થશે ?
- ચીનના હાંગઝોઉ

૬ એશિયન ગેમ્સ–૨૦૧૮ માં ભારતને પ્રવેશ ગોલ્ડ કોણે અપાવ્યો હતો ?
- હરિયાણાના બજરંગ પુનિયાએ

૭ નેધરલેન્ડની રાજધાની જણાવો ?
- એમ્સટર્ડમ

૮ ઉપકરણ વિના ઇંગ્લિશ ચેનલ પાર કરનાર દુનિયાના પ્રથમ વ્યક્તિ જણાવો ?
- લેવિસ પગ

૯ ઓડિશા પર્વ – ૨૦૧૮ નું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
- શ્રી વિજયભાઇ રૂપાણી

## 5.September 2018

**(૧) શિક્ષક દિન :**
- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ.
- ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નનો જન્મ ૫ સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ, થિરુતની (તામિલનાડું) માં થયો હતો.
- તેમનો જન્મદિવસ ભારતભરમાં શિક્ષક દિન તરીકે ઉજવાય છે.

- આઝાદી બાદ તેઓએ રશિયાના રાજદૂત તરીકે સેવા આપી હતી.
- તેઓએ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તરીકે વર્ષ ૧૯૫૨ થી ૧૯૬૨ સુધી સેવા આપી હતી.
- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ઇન્ડિયન ફિલોસોફી, ધી હિન્દુ વ્યુ ઓફ લાઇફ, ધી ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર, રિક્વરી ઓફ ફેઇથ, ધી પ્રિન્સિપલ ઉપનિષદ વગેરે પુસ્તકો લખ્યા હતા.
- વર્ષ ૧૯૫૪ માં તેઓને ભારત રત્નથી સન્માનીત કરવામાં આવ્યા હતાં.

**(૨) ડૉ. આરિફ્ર રહેમાન – પાકિસ્તાન રાષ્ટ્રપતિ**

- ડૉ. આરિફ્ર રહેમાન અલ્વિ પાકિસ્તાન રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઇ આવ્યા.
- વર્તમાન રાષ્ટ્રપતિ મમનુન હુસેનનો કાર્યકાળ ૮ સપ્ટેમ્બરના રોજ પુરો થાય છે.
- ડૉ. આરિફ્ર રહેમાન પાકિસ્તાનના ૧૩ માં રાષ્ટ્રપતિ તરીકે ૯ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ શપથ લેશે.
- ૬૯ વર્ષના ભૂતપૂર્વ ડેન્ટિસ્ટ ડૉ. અલ્વી પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ સમર્થિત ઉમેદવાર એમએમએના ફઝલુર રહેમાન તથા પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) નેતા એતજાજ અહેસાનની સરખામણીમાં છ મુખ્ય સંસદીય એકમોમાંથી ૫ માં આગળ છે.

**(૩) પ્રથમ ટેસ્ટ ટ્યૂબ સિંહના જોડીયાં બચ્ચાંનો જન્મ થયો.**

- કેપટાઉન ખાતે વિશ્વના પ્રથમ ટેસ્ટ ટ્યૂબ સિંહ જોડિયાં બચ્ચાંનો જન્મ થયો છે.
- આ કારણે સિંહ વંશની સંકટગ્રસ્ત પ્રજાતિ બચાવવાની સંભાવના વધી ગઇ છે.
- આ જોડીયાં બચ્ચાં ના નામ વિક્ટર અને ઇજાબેલ રાખવામાં આવ્યા છે.
- યુનિવર્સિટી ઓફ પ્રિટોરિયાના સંશોધકોની મદદથી સિંહણને કૃત્રિમ ગર્ભાધાન કરાવાયું હતું.

**(૪) આયુષ્યમાન ભારત :**

- આયુષ્યમાન ભારત માટે દેશના ૬ ઝોનમાં કોલ સેન્ટર ખૂલશે
- ૨૦૦ કર્મચારીઓની મદદથી ૨૪ કલાક ચાલનારા આ કોલસેન્ટર ૫ લોકો પોતાની ફરિયાદ નોંધાવી શકશે.
- ૧૪૫૫૫ નંબર પર ફોન કરવાથી તમામ માહિતી મળી શકશે.
- આયુષ્યમાન ભારત યોજના ભારત સરકારની એક પ્રસ્તાવિત યોજના છે, જે સમગ્ર ભારતમાં ૧ એપ્રિલ, ૨૦૧૮ના રોજ લાગુ કરવામાં આવી હતી.
- ૨૦૧૮ના બજેટ સત્રમાં નાણા પ્રધાન અરૂણ જેટલી આ યોજનાની જાહેરાત કરી હતી.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ આર્થિક રીતે નબળા લોકો (બીપીએલ ધારકો) ને આરોગ્ય વીમો પુરો પાડવાનો છે.
- તે હેઠળ દરેક કુટુંબને ૫ લાખ સુધી કેશલેસ આરોગ્ય વીમો આપશે.
- ૧૦ મિલિયન બીપીએલ ધારોક આ સીધો લાભ મેળવી શકશે.

**(૫) મંગળ પર ઓક્સિજન શોધવા નાસા ૩૫ લાખ રૂપિયા આપશે.**

- મંગળ ગ્રહની હવામાં ૯૬% કાર્બન ડાયોક્સાઇડ છે. ત્યાં ઓક્સિજન વિના જીવન શક્ય નથી.
- આથી $Co_2$ કન્વર્જન ચેલેન્જ નાસા દ્વારા સ્પર્ધા શરૂ કરાઇ છે.
- આ માટે વિજેતાને ૩૫ લાખ મળશે.
- નાસા મુખ્યમાહિતી :
- મુખ્યાલય : વોશિંગ્ટન, ડી.સી. યુનાઇટેડ સ્ટેટ્સ
- સ્થાપક : ડ્વાઇટ ડી. આઇજનહોવર
- સ્થાપના : ૨૯ જુલાઇ ૧૯૫૮, યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા

**(૬) પીસીબી અધ્યક્ષ : અહસાન મનીને**

- આઇસીસીના પૂર્વ અધ્યક્ષ અહસાન મનીને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ના નવા અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- પીસીબી અધ્યક્ષ પદ માટે કોઇપણ ઉમેદવારે ફોર્મ ભર્યા જ નહીં અને તેઓ બોર્ડ ઓફ ગવર્નન્સ (બીઓજી) ના બધા સભ્યો દ્વારા સર્વસંમતિથી ચૂંટાયા હતા.
- તે નજમી સેઠીની જગ્યા લેશે.
- અહસાને તરત જ પીસીબીના અધ્યક્ષ તરીકે પદ સંભાળી લીધું હતું.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય શિક્ષક દિન ક્યારે ઉજવાય છે ?
- ૫ સપ્ટેમ્બર

૨ ભારતમાં શિક્ષકદિન કોની યાદમાં ઉજવાય છે ?
- સર્વપલ્લી રાધાકૃષ્ણન

૩ પાકિસ્તાનના નવા રાષ્ટ્રપતિ જણાવો ?
- ડૉ. આરિફ્ર રહેમાન

૪ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નવા અધ્યક્ષ જણાવો ?
- અહસાત મની

૫ આયુષ્યમાન ભારત માટેનો ટોલ ફ્રી નંબર જણાવો ?
- ૧૪૫૫૫

૬ નાસાની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૨૯ જુલાઇ ૧૯૫૮

**6.September 2018**

Vivekanand Academy Gandhinagar

**(૧) મૂર્ધન્ય સાહિત્યકાર ભગવતી કુમાર શર્માનુ અવસાન :**

- સુરત વિખ્યાત સાહિત્યકાર અને કવિ ભગવતી કુમાર શર્માનું ૫ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ અવસાન થયું.
- તેમનો જન્મ ૩૧ મે ૧૯૩૪ના રોજ સુરત ખાતે થયો હતો.
- નિબંધ, કવિતા, નવલકથા વગેરે ક્ષેત્રે તેમનું મોટું પ્રદાન હતું.
- તેમને તેમની નવલકથા અસૂર્યલોક માટે ૧૯૮૭માં સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી એવોર્ડ પણ મળ્યો હતો.
- ૧૯૯૯ માં તેમને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી ડી. લિટ્ટની પદવી એનાયત થઇ હતી. ૨૦03 માં તેમને કલાપી પુરસ્કાર મળ્યો હતો.
- ૨૦૧૭ માં તેમને ગુજરાત સાહિત્ય અકાદમીનો સાહિત્યરત્ન એવોર્ડ મળ્યો હતો.
- આ ઉપરાંત સાહિત્ય રત્ન અને રણજિતરામ સુવર્ણચંદ્રક, કુમાર સુવર્ણ ચંદ્રક પણ એનાયત થયો હતો.

**(૨) પુર ગ્રસ્ત કેરળમાં એક વર્ષ સુધી ઉજવણી બંધ :**

- અત્યંત ખરાબ રીતે પૂરથી પ્રભાવિત કેરળ સરકારે આગામી એક વર્ષ સુધી રાજ્યમાં કોઇપણ પ્રકારની ઉજવણી નહીં કરવાની જાહેરાત કરી છે.
- ચાલુ વર્ષે યોજાનારા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ કેરળ અને યુથ ફેસ્ટિવલને પણ રદ કરવામાં આવ્યા છે.

**કેરળ મુખ્યમાહિતી :**

- રાજધાની : તિરુંવનંતપુરમ્
- મુખ્યમંત્રી : પિનારી વિજયન
- રાજ્યપાલ : પી. સતશિવમ

**(૩) મેરી કોમ : BSNL ની બ્રાન્ડ એમ્બેસેડર બની**

- ઓલિમ્પિક મેડલ વિજેતા અને પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન મેરી કોમ ભારત સંચાર નિગમ કોર્પોરેશન (બીએસએનએલ) એ પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે.
- મેરી કોમને બે વર્ષ માટે તેના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા.

**બીએસએનએલની માહિતી :**

- હેડક્વાર્ટર : નવી દિલ્હી
- સીઇઓ : શ્રી અનુપમ શ્રીવાસ્તવ (૧૫ જાન્યુ. ૨૦૧૫)
- સ્થાપના : ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૦)

**(૪) સર્ચ એન્જિન ગુગલના ૨૦ વર્ષ :**

- અમેરિકાના કેલીફોર્નિયા ખાતે આવેલ ઇન્ટરનેટ સર્ચ એન્જિન, ઇમેલ જેવી સેવા આપતી ઇન્ટરનેશનલ કંપની ગૂગલની સ્થાપના ૪ સપ્ટેમબર ૧૯૯૮ ના રોજ થઇ હતી.
- ગૂગલની સ્થપના લેરી પેજ અને સર્જી બ્રિન દ્વારા કરવામાં આવી હતી.
- ગૂગલ દુનિયાભરમાં ફેલાયેલ ડેટા સેન્ટરમાં ૧૦ લાખથી વુધ સર્વર દ્વારા ચલાવવામાં આવે છે.
- કંપનીની મૂળભૂત સેવા વેબ સર્ચ એન્જિન છે તથા કમ્પ્યુટર સોફટવેર ગુગલ ક્રોમ, પિકાસા તેમજ ઇન્સ્ટન્ટ મેસેજ માટે ગુગલ ટોકની સુવિધા પણ આપે છે.
- તેમજ ગૂગલ નેક્સસ ફોન આજકાલના સ્માર્ટ ફોનમાં વપરાતી ઓપરેટિંગ સિસ્ટમ એન્ડ્રોઇડ પણ ખૂબ લોકપ્રિય છે.

**સર્ચ એન્જિન :**

- ગૂગલની સૌથી મોટી અને લોકપ્રિય સેવા ઇન્ટરનેટ સર્ચ છે, દુનિયાભરમાં થતાં ઇન્ટરનેટ સર્ચના ૬૫% થી વધારે સર્ચ ગૂગલ પર થાય છે.
- દર મહિને ૧૦,૦૦૦ કરોડથી વધારે સર્ચ થાય છે, જે અલગ અલગ પ્રકારે થતાં ફોટો, બ્લોક, સમાચાર સ્વરૂપે હોય છે.

**જીમેલ**

- જીમેલ નામની જાણીતી ઇમેલ સેવાની શરૂઆત ગૂગલ દ્વારા એપ્રિલ ૨૦૦૪માં કરવામાં આવી હતી.
- શરૂઆત સમયે જીમેલ ૧ ગિગા બાઇટ સંગ્રહ સુવિધા આપતું હતું, જે હાલમાં ૧૦ ગિગા બાઇટ સંગ્રહ સુવિધા આપે છે.

**યુ ટ્યુબ :**

- યુ ટ્યુબ દ્વારા વપરાશકર્તાને વીડીઓ અપલોડ કરવાની સુવિધા આપે છે. તે દુનિયાની સૌથી મોટી વિડિઓ સંગ્રહકર્તા સાઇટ છે.
- યુ ટ્યૂબ પર દર સેકન્ડે ૧ કલાકનો વિડીયો વપરાશકર્તા અપલોડ કરે છે. ૪૦૦ કરોડથી વધારે વીડિયો દરરોજ જોવામાં આવે છે.

**(૫) ડૉ. પૂનમ ક્ષેત્રપાલ સિંહ – WHO સાઉથ ઇસ્ટ એશિયાના ક્ષેત્રિય નિર્દેશક**

- ડૉ. પૂનમ ક્ષેત્રપાલ સિંહને WHO(વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન) સાઉથ – ઇસ્ટ એશિયાના ક્ષેત્રિય નિર્દેશક તરીકે પાંચ વર્ષની મુદ્દત માટે નામાંકિત કરવામાં આવ્યા.
- WHO દક્ષિણ-પૂર્વ એશિયા પ્રાંતના ક્ષેત્રીય નિર્દેશક બનનાર તેઓ પ્રથમ મહિલા છે.
- તેઓ ૧ ફેબ્રુઆરી ૨૦૧૯ થી આ પદ બીજીવાર સંભાળશે.

- પ્રથમ વખત તેઓએ ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૩ થી પદ સંભાળ્યું હતું.

**WHO મુખ્યમાહિતી :**

- હેડક્વાર્ટર – જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ
- સ્થાપના : – ૭ એપ્રિલ ૧૯૪૮

**(૬) જાપાનમાં ૨૫ વર્ષનું સૌથી વિનાશક તોફાન :**

- જાપાનના કંસાઇ ક્ષેત્ર માં જેબી તોફાને ભારે વિનાશ વેર્યો છે.
- તે જાપાનમાં ૨૫ વર્ષનું સૌથી શક્તિ શાળી તોફાન છે.
- સૌથી પહેલાં તોફાન શુકોકુ અને ત્યારબાદ કોબે અને હોન્શુ શહેર પહોચ્યું.
- આ તોફાનથી, રોડ, ટ્રેન અને હવાઇ, ત્રણે પરિવહન વ્યવસ્થાને અસર થઇ છે.
- આ તોફાન ૬૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી આગળ વધી રહ્યું છે.
- જાપાન મુખ્યમાહિતી :
- પ્રધાનમંત્રી : સિંઝો આબે
- રાજધાની : ટોકિયો

પ્રશ્નો :

૧ ભગવતી કુમાર શર્માને કલાપી પુરસ્કાર ક્યારે મળ્યો ?
- ૨૦૦૩માં

૨ કેરળના મુખ્યમંત્રી જણાવો ?
- પિનારી વિજયન

૩ BSNL ના ના નવા બ્રાન્ડ એમ્બેસેડર જણાવો ?
- મેરી કમો

૪ ગુગલની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૪ સપ્ટેમ્બર ૧૯૯૮

૫ WHO સાઉથ – ઇસ્ટ એશિયાના નવા ક્ષેત્રિય (નિર્દેશક જણાવો ?
- ડૉ. પુનમ ક્ષેત્રેપાલ સિંહ

## 7.September 2018

**(૧) હિરોઇન ઓફ હાઇજેક : નીરજા ભનોટ**

- ૧૯૮૬ના વર્ષે આતંકવાદીઓના હાથમાંથી અનેક વિમાન યાત્રીઓનાં જીવન બચાવનાર નીરજા ભનોટનો આજે જન્મદિવસ છે.
- પંજાબના ચંડીગઢમાં જન્મેલાં નીરજાનું બીજું નામ લાડો હતું.
- ૧૯૮૬ના વર્ષે મુંબઇથી ન્યૂયોર્ક જતા પૈન એમ–૭૩ વિમાનને ચાર આતંકવાદીઓ દ્વારા કરાચીથી અપહરણ કરવામાં આવ્યું.
- તે દરમિયાન વિમાનના સિનિયર અર્સર તરીકે નીરજા ભનોટે અસાધારણ કોઠાસૂઝ દાખવી અનેક યાત્રીઓનાં જીવ બચાવ્યાં.
- સૌપ્રથમ તો ચાલકદળના ત્રણ સભ્યોને વિમાનના કોકપીટમાંથી સલામત બહાર કાઢ્યા
- ભારત સરકારે તેમનું અશોક ચક્ર, પાકિસ્તાને તમગા – એ– ઇન્સાનિયત અને અમેરિકાએ જસ્ટિક ઓફ ક્રાઇમથી સન્માન કર્યું હતું.
- ૨૦૦૪ માં નીરજા ભનોટની સ્મૃતિમાં ટપાલ ટિકિટ જાહેર કરવામાં આવી હતી.
- તાજેતરમાં જ તેમના જીવન પર હિન્દી ફિલ્મ બની, જેઓ તેમની ભૂમિકા અભિનેત્રી સોનમ કપૂરે નિભાવી હતી.

**(૨) ભારત અને અમેરિકા – ટુ પ્લસ ટુ મંત્રણા :**

- ભારત અને અમેરિકા વચ્ચે પહેલીવાર ટુ પ્લસ ટુ મંત્રણા યોજાઇ.
- જેમાં વિદેશમંત્રી સુષમા સ્વરાજ, સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારમણ, અમેરિકી વિદેશમંત્રી માઇક પોમ્પિયો અને સંરક્ષણ મંત્રી જેમ્સ મેટિસ સામેલ થયા હતા.
- મંત્રણામાં આતંકવાદ, એનએસજી સભ્યપદ, એચડ વિઝા, સુરક્ષા અને વેપાર સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- બંને દેશોએ કોમ્યુનિકેશન, કપેટિબિલિટી સિક્યોરિટી એગ્રીમેન્ટ (કોમકાસા) પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ કરારથી અમેરિકા સંવેદનશીલ સુરક્ષા ટેકનોલોજી ભારતને વેચી શકશે.

**અમેરિકા મુખ્યમાહિતી :**

- રાજધાની : વોશિંગ્ટન ડીસી
- રાષ્ટ્રપતિ : ડોનાલ્ડ ટ્રમ્પ

**(૩) સુનામી મોક ડ્રીલ**

- ભારતે ૨૩ દેશો સાથે સુનામી મોક ડ્રીલમાં ભાગ લીધો હતો.
- હિંદ મહાસાગરમાં યોજાયેલ આ ડ્રિલમાં અન્ય ૨૩ દેશો ભાગ લીધો હતો.
- ૪ ઓગસ્ટના રોજ શરૂ થયેલ આ બે દિવસીય આઇઓ વેવ ૧૮ નામની આ સુનામી મોક ડ્રીલ યુનેસ્કો આંતર સરકારી મહાસાગર કમિશન દ્વારા આયોજિત કરવામાં આવી હતી.
- સમુદ્રના ૬ થી વધુ રાજ્યોના દરિયાઇ વિસ્તારોમાં રહેતા હજારો લોકો ને સુનામીથી બચાવવાના હેતુથી મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

**(૪) 'ભારત કે વીર' માં યોગદાન પર આઇટીમાં છૂટ મળશે. :**

- નાણા મંત્રાલયે ભારત કે વીર ટ્રસ્ટની સ્થાપના કરી છે.
- તેની મદદથી નાગરિકો શહીદોના પરિવારોની આર્થિક મદદ કરી શકાશે.
- તેમાં આપેલી રકમ પર આવકવેરો ચૂકવવો નહીં પડે.
- ભારત કે વીર ટ્રસ્ટને આઇટી છૂટ સંબંધિત ૮૦ (જી) હેઠળ મંજૂરી અપાઇ છે.
- ભારત કે વીર ટ્રસ્ટની સ્થાપના નાણાં મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.

**(૫) વિશ્વનું સૌથી વયસ્ક પરિણીત યુગલ – મસાઓ અને મિયાકો :**

- જાપાનના મસાઓ અને મિયાકો વિશ્વનું સૌથી વયસ્ક પરિણીત યુગલ બન્યાં.
- જાપાનના મસાઓ માતસુમોતો અને તેમના પત્ની મિયાકો વિશ્વનું સૌથી વયસ્ક પરિણીત યુગલ બની ગયા છે.
- ૧૦૮ વર્ષના મસાઓ અને ૧૦૦ વર્ષની મિયાકોના લગ્ન ઓક્ટોબર, ૧૯૩૭માં થયા હતા.
- ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સે આ યુગલને સૌથી વયસ્ક પરિણીત યુગલનો ખિતાબ આપ્યો.
- અગાઉ આ ખિતાબ નોર્વેના દંપતી કાર્લ અને ગ્યૂરડેન ડોલ્વેનના નામે હતો.
- ૨૦૦૪ માં ગ્યૂરડેનનું મોત થયું ત્યારે કપલની સંયુક્ત ઉંમર ૨૧૦ વર્ષ, ૧ મહિનો અને ૩૪ દિવસ હતી.
- ભારતમાં પ્રથમવાર દિલ્હી ખાતે વૈજ્ઞાન ભવન ૭ મી અને ૮ મી સપ્ટેમ્બર પ્રથમ ગ્લોબલ મોબિલીટી સમિટ 'મૂવ' નું આયોજન કરવામાં આવ્યું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સમિટનું ઉદ્‌ઘાટન કર્યું.
- સમિટનો હેતુ દેશના શહેરોમાં પરિવહન – વ્યવસ્થાને વિશ્વ સ્તરીય અને પ્રદુષણ – મુક્ત બનાવવાનો હતો.
- આ સમિટનું આયોજન નીતિ આયોગ દ્વારા કરવામાં આવ્યું હતું.

**નીતિ આયોગ મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૧ જાન્યુઆરી, ૨૦૧૫ આયોજન પંચના સ્થાને
- ઉપાધ્યક્ષ : રાજીવ કુમાર
- સીઇઓ : અમિતાભ કાંત
- અધ્યક્ષ : વડાપ્રધાન (હોદ્દાની રૂએ)

**(૬) ભારત અને શ્રીલંકા નૌસેના વચ્ચે સંયુક્ત અભ્યાસ :**

- ભારત અને શ્રીલંકા વચ્ચે દ્વિપક્ષીય નૌકાદળ સંયુક્ત અભ્યાસ ૭ સપ્ટેમ્બર ૨૦૧૮ થી શરૂ થયો.
- આ સંયુક્ત અભ્યાસને SLINEX-2018 નામ આપવામાં આવ્યું છે.
- નૌકાદળ સંયુક્ત અભ્યાસ માટે ભારતીય નૌકાદળના તરણ જહાજો, બે એરક્રાફ્ટ અને એક હેલીકોપ્ટર ભાગ લઇ રહ્યાં છે.
- સંયુક્ત અભ્યાસ SLINEX નું આયોજન ભારત અને શ્રીલંકા દ્વારા દર બે વર્ષે કરવામાં આવે છે, ૨૦૧૮ થી આ આયોજન દર વર્ષે કરવામાં આવશે.
- SLINEXનો મુખ્યહેતુ બંને દેશો વચ્ચે સમુદ્રી સંબંધમાં વધારો કરવાનો છે.
- SLINEX17 નું આયોજન વિશાખાપટ્ટનમ્ ખાતે થયું હતું.

**શ્રીલંકા મુખ્યમાહિતી :**

- રાજધાની : કોલંબો
- પ્રધાનમંત્રી : શ્રી જયવર્દન પૂરા કોટ
- રાષ્ટ્રપતિ : મિથુરીપલા શ્રીસેના

**(૬) એસબીઆઇ :**

- સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) એ અંશુલા કાંતને બેન્કના મેનેજિંગ ડીરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે.
- તે બે વર્ષ માટે આ પોસ્ટ માટે નિમણૂક કરવામાં આવી છે.
- આ નિમણૂક પહેલાં તેઓ બેન્કના ડે. મેનેજિંગ ડિરેક્ટર હતા.
- આ નિમણૂક સાથે એસબીઆઇમાં હવે ચાર એમડી છે. પી.કે. ગુપ્તા, ડી.કે. ખારા, અર્જિત બાસુ અને અંશુલા કાંત.

**સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા મુખ્યમાહિતી :**

- હેડક્વાર્ટર : મુંબઇ
- સ્થાપના : ૧ જુલાઇ ૧૯૫૫, ચેરમેન : રજનીશકુમાર

પ્રશ્નો

(૧) નીરજા ભાનોટનું બીજું નામ જણાવો ?
- લાડો

૨ નીરજા ભાનોટને અમેરિકાએ શું આપી સન્માન કર્યું હતું ?
- જસ્ટિસ ઓફ ક્રાઇમ

૩ સુનામી મોકડ્રીલમાં કુલ કેટલા દેશોએ ભાગદ લીધો હતો ?
- ૨૪

૪ એસબીઆઇના નવા મેનેજિંગ ડીરેક્ટરનું નામ જણાવો ?
- અંશુલા કાંત

૫ એસબીઆઇના ચેરમેન જણાવો ?

- રજનીશકુમાર
૬ વિશ્વ મોબોલિટી સમિટ – ૨૦૧૮નું આયોજન કયા થયું હતું ?
- દિલ્હી ખાતે
૭ ભારત અને શ્રીલંકા નૌસેના વચ્ચેના સંયુક્ત અભ્યાસ નું નામ જણાવો ?
- Sinex 2018

## 8.September 2018

**(૧) વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે :**

**(૨) વિશ્વ સાક્ષરતા દિવસઃ**

- લોકોને ભણતર પ્રતિ જાગૃત કરવા માટે યુનેસ્કો સપ્ટેમ્બરના સાક્ષરતા દિવસ મનાય છે.
- ૧૯૯૬માં પહેલી વખત આ દિવસ મનાવાયો હતો.
- ભારતમાં સાક્ષરતાનો દર ૭૪.૪ ટકા છે.
- સૌથી વધુ સાક્ષરતા દર – ફિનલેન્ડ (૧૦૦ ટકા)
- સૌથી ઓછો સાક્ષરતા દર – નાઇઝર (૨૦ ટકા)

**થીમ – અક્ષરજ્ઞાન અને કૌશલ્ય વિકાસ**

**(૩) પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અમલીકરણમાં બેસ્ટ ભરૂચ**

- પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના અમલીકરણમાં ૨૦૧૮ ના વર્ષમાં પશ્ચિમ ક્ષેત્રોના રાજ્યોમાં ગુજરાતનાં ભરૂચ જિલ્લાને બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીક્ટ એવોર્ડ મળ્યો.
- ભારત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા તાજેતરમાં માતૃવંદના સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સપ્તાહના રાષ્ટ્રીય કક્ષાના સમાપન અવસરે દેહરાદૂન ખાતે ભરૂચને આ એવોર્ડ એનાયત થયો.
- મહિલા અને બાળ કલ્યાણ મંત્રી : મેનકા ગાંધી

**(૪) બેન્કિંગ ઓમ્બસમેન સ્કીમ :**

- આરબીઆઇ દ્વારા આ સ્કીમ બાબતે ગાઇડલાઇન રજુ કરવામાં આવી છે.
- આ નવા સૂચનો જે બેન્કની ૧૦ થી વધુ શાખા છે તેના પર લાગુ કરવામામાં આવશે.
- બેન્ક દ્વારા રિજેક્ટ કરેલ ગ્રાહક ફરીયાદોનું ઓમ્બસમેન દ્વારા નિવારણ કરવામાં આવશે જેના માટે એક સ્વતંત્ર ઓમ્બસમેનની નિમણૂંક કરવામાં આવશે.
- આ ઓમ્બર્સમેનનો કાર્યકાર ૩ થી ૫ વર્ષ હશે જેની ફરી નિમણૂંક નહી થાય.
- ઓમ્બટ્સમેનને આરબીઆઇની મંજુરી દ્વારા રીમુવ કરી શકાશે.
- ઓમ્બસ્લ્સમેનને પગારની બાબત જે તે બેતનકના ગ્રાહક સબ કમિટી દ્વારા નક્કી કરવામાં આવશે.
- બેનકના ઇન્ટરનલ ઓડીટર ઓમ્બસમેન પર અંકુશ (દેખરેખ) રાખશે.

**(૫) હનુમા વિહારી ટેસ્ટમાં ડેબ્યુ કરનાર ૨૯૨ મો ભારતીય ક્રિકેટર :**

- ઇંગ્લેન્ડ સામે પાંચમી ટેસ્ટ મેચમાં ટીમ ઇન્ડિયાના હનુમા વિહારીએ ડેબ્યુ કર્યુ છે.
- હનુમા વિહારીને ભારતીય સુકાની વિરાટ કોહલીએ ટેસ્ટ કેપ પહેરાવી હતી.
- આ સાથે જ હનુમા વિહારી ટેસ્ટમાં ડેબ્યુ કરનાર ૨૯૨ મો ભારતીય ક્રિકેટર બની ગયો છે.
- હનુમા વિહારીની ફસ્ટ ક્લાસ એવરેજ આજના સ્ટાર ખેલાડી ગણાતા વિરાટ કોહલી, સચિન તેંદુલકર, સ્ટીવ સ્મીથ, ડિ વિલિયર્સ કરતા પણ વધુ છે.
- આંધ્રપ્રદેશના કાકિનાડામાં ૧૩ ઓક્ટોબર ૧૯૯૩માં જન્મેલા હનુમાને કન્નાના નામથી પણ ઓળખવામાં આવે છે.
- હનુમાએ અત્યાર સુધી ૬૩ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૫૯.૭૯ની એવરેજથી ૫૧૪૨ રન બનાવ્યા છે જેમાં ૧૫ સદી અને ૨૪ અડધી સદી સામેલ છે.

**(૬) ભગવો સૂટ પહેરી ભારતીય અવકાશમાં જશે :**

- ૨૦૨૨માં જે બે ભારતીય અવકાશમાં જવાના છે તેમનો સ્પેસ ડ્રેસ તૈયાર થઇ ગયો છે.
- આ ડ્રેસ ભગવા રંગનો હશે અને તે ૨ વર્ષમાં તૈયાર કરાયો છે.
- ઇસરોએ બેંગ્લુરૂ સ્પેસ એક્સ્પોમાં આ સૂટને રજૂ કર્યો.
- આ સૂટને તિરુવનંતપુંરમતના વિક્રમ સારાભાઇ સ્પેસ સેન્ટરમાં તૈયાર કરાયો છે.
- તેમાં ઓક્સિજન સિલિન્ડર ફિટ કરાઇ શકે છે, જેનાથી એસ્ટ્રોનોટ ૬૦ મિનિટ સુધી શ્વાસ લઇ શકશે.
- આ પ્રકારનો વધુ એક સૂટ તૈયાર કરાશે.
- સ્પેસ રિસર્ચ બોડીએ ક્રૂ મોડેલ અને ક્રૂ એસ્કેપ મોડેલ પણ રજૂ કર્યું હતું.
- ક્રૂ મોડેલ કેપ્સૂલમાં એસ્ટ્રોનોટ ૫ થી ૭ દિવસના પ્રવાસ માટે નીકળશે.

ઇસરોની મુખ્યમાહિતી :

- મુખ્યાલય : બેંગલુરુ
- સ્થાપક : વિક્રમ સારાભાઇ
- સ્થાપના : ૧૫ ઓગસ્ટ, ૧૯૬૯

પ્રશ્નો :

૧ વિશ્વ સાક્ષરતા દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૮ સપ્ટેમ્બર

૨ ભારતમાં સાક્ષરતાનો દર કેટલો છે ?
– ૭૪.૪%
૩ સૌથી વધુ સાક્ષરતા દર ધરાવતો દેશ જણાવો ?
– ફિનલેન્ડ
૪ કેન્દ્રિય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી જણાવો?
– મેનકા ગાંધી
૫ હનુમા વિહારી કયા રાજયનો વતની છે ?
– આંધ્રપ્રદેશ
૬ ઇસરોનું મુખ્યાલય કયાં આવેલું છે ?
– બેંગલુરુ

**૧૮ મી એશિયન ગેમ્સ**

**(૧) ૧૮ મી એશિયન ગેમ્સ :**

– ઇન્ડોનેશિયાના જકાર્તા અને પાલેમ બંગમાં શરૂ થયેલ ૧૮ મી એશિયન ગેમ્સનું સમાપન થયું.
– પ્રથમવાર આ આયોજન બે શહેરમાં કરાયું હતું.
– ૧૮ મી એશિયન ગેમ્સનું ઉદ્‌ઘાટન અને સમાપન સમારોહનું આયોજન જકાર્તાના ગેલોરા બંગ કર્ણ મેઇન સ્ટેડિયમ ખાતે થયું હતું.
– ૧૮ મી એશિયન ગેમ્સનું ઉદ્‌ઘાટન ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડોના હસ્તે થયું હતું.
– ૧૮ મી એશિયન ગેમ્સમાં મશાલ ઇન્ડોનેશિયાની પૂર્વ બેડમિન્ટન ખેલાડી સુસી સુસંતી દ્વારા પ્રજ્વલિત કરવામાં આવી હતી.
– ૧૮ મી એશિયન ગેમ્સ થીમ – એનર્જી ઓફ રશિયા
– ૧૬ દિવસ સુધી ચાલેલી આ ગેમ્સમાં ૪૦ રમતોમાં ૪૬૫ ઇવેન્ટ યોજાય હતી.
– ૧૮ મી એશિયન ગેમ્સનું ૨ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ભવ્ય રીતે સમાપન થયું.
– તેમા ૪૫ દેશોના ૧૦ હજારથી વધુ રમતવીરોએ ભાગ લીધો હતો.
– ૧૩૨ ગોલ્ડ સાથે ૨૮૯ મેડલ જીતી ચીન ટોચ પર રહ્યું છે. જો કે ૧૬ વર્ષમાં તેનો આ ખરાબ દેખાવ હતો.
– ૨૦૧૪માં ઇંચિયોન (દ. કોરિયા) માં ભારતે કુલ ૨ ગોલ્ડ સાથે ૧૩ મેડલ જીત્યા હતા.
– ૨૦૦૬ માં ભારતે ૧૮ રમતોમાં મેડલ જીત્યા હતા.

**અશિયાડ – ૨૦૧૮ના ૩ મેસ્કોર્ટ**

– આંતરરાષ્ટ્રીય સ્તરના રમતોત્સવના મેસ્કોર્ટ (શુભાકંર) ની પરંપરા ઇન્ડોનેશિયા એશિયન ગેમ્સમાં પણ જારી રાખવામાં આવી હતી.
– એશિયાડ – ૨૦૧૮ના મેસ્કોર્ટ તરીકે ‘ભિન – ભિન’ પંખીને સ્વર્ગના પંખી તરીકેની ઓળખ મળી હતી.
– બીજા મેસ્કોર્ટ તરીકે સાબર ‘અટુંગ’ હતો. જ્યારે ત્રીજા મેસ્કોર્ટ તરીકે ‘કાકા’ ગેંડો હતો.

**એશિયાડ મુખ્ય માહિતી :**

– એશિયન ગેમ્સનું આયોજન દર ચાર વર્ષે કરવામાં આવે છે.
– ૧૮ મી એશિયન ગેમ્સમાં પહેલી વખત ઇ– સ્પોટ્‌ર્સ અને કેનો– પોલોનો સમાવેશ કરાયો હતો. પરંતુ આ ઇવેન્ટમાં કોઇપણ મેડલ આપવામાં આવ્યા ન હતા.
– ૧૮ મી એશિયન ગેમ્સમાં મેડલ જીતનાર સૌથી નાની વયની ખેલાડી બુંગા કિંતા છે જેણે સ્કેટબોર્ડિંગમાં બ્રોન્જ મેડલ જીત્યો.
– આગામી એશિયન ગેમ્સ ૨૦૨૨ માં ચીનના હાંગઝોઉ ખાતે યોજાશે.
– પ્રથમ એશિયન ગેમ્સનું આયોજન દિલ્લીના ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે થયું હતું જેનું ઉદ્‌ઘાટન ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૯૮૨માં પણ આયોજન થયું હતું.

**૧૮ વર્ષની રિકોકો મોસ્ટ વેલ્યુએબલ ખેલાડી :**

– જાપાનની ૧૮ વર્ષની સ્વીમર રિકાકો એકી ૬ ગોલ્ડ જીતવાની સાથે મોસ્ટ વેલ્યુએબલ ખેલાડી પસંદ થઇ છે.
– તે આ સમ્માન મેળવનારી પહેલી મહિલા એથલિટ બની ગઇ છે.
– તેણે ૬ ગોલ્ડ મેડલ સહિત ૨ સિલ્વર મેડલ પણ જીત્યા હતા.

**એશિયાડ– ૨૦૧૮માં ભારત :**

– જુનિયર વર્લ્ડ ચેમ્પિયન જેવલિન થ્રોઅર નીરજ ચોપડા ૧૮ મી એશિયન ગેમ્સમાં ૫૭૨ સભ્યોની ભારતીય ટીમનો ધ્વજવાહક તરીકે જોડાયા હતા.
**૧૮ મી એશિયન ગેમ્સના સમાપન સમારોહમાં ભારતીય ટીમના ધ્વજવાહક તરીકે હોકી ટીમ કેપ્ટન રાની રામપાલ જોડાયા હતા.**
– આ ઇવેન્ટમાં ભારતના ૫૭૨ ખેલાડીઓએ ૩૬ રમતોમાં ભાગ લીધો હતો.
– ભારતે ૧૫ ગોલ્ડ સાથે ૬૯ મેડલ જીત્યા. આ ભારતનો ૬૭ વર્ષનો સર્વશ્રેષ્ઠ દેખાવ હતો.
– ભારતે આ વખતે સૌથી વધુ ૧૮ રમતોમાં મેડલો જીતવાનો રેકોર્ડની બરોબરી કરી છે.
– આ ઇવેન્ટમાં અપૂર્વી ચંદેલા અને રવિકુમારે ભારતને પ્રથમ મેડલ અપાવ્યો હતો.
– ટેબલ ટેનીસ ૬૦ વર્ષથી એશિયન ગેમ્સમાં રમાય છે. પણ ભારતે પહેલીવાર મેડલ જીત્યો.
– ૧૮ મી એશિયન ગેમ્સમાં ભારત આઠમાં સ્થાને રહ્યું.
– ભારતે આ ઇવેન્ટમાં ૧૫ ગોલ્ડ, ૨૪ સિલ્વર અને ૩૦ બ્રોન્જ મળી કુલ ૬૯ મેડલ જીત્યા.
– ૧૮ મી એશિયન ગેમ્સ ભારત મોટો – એનર્જી ઓફ ઇન્ડિયા

Vivekanand Academy Gandhinagar

**ભારતના ૧૫ ગોલ્ડ :**

(૧) બજરંગ પુનિયા રેસલિંગ મેન્સ (૬૫ કિ.ગ્રા.) ઝાજજર, હરિયાણા

(૨) વિનેશ ફોગટ રેસલિંગ વુમન્સ (૫૦ કિ.ગ્રા.) ભિવાની, હરિયાણા. એશિયન ગેમ્સમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીતનાર મહિલા

(૩) સૌરભ ચૌધરી એર પિસ્ટલ મેન્સ (૧૦ મીટર) – મેરઠ, ઉત્તર પ્રદેશ. અત્યાર સુધી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર સૌથી યુવા ખેલાડી.

(૪) રાની સરનોબત એર પિસ્ટલ વુમન્સ (૨૫ મીટર) કોલ્હાપુર, મહારાષ્ટ્ર. અત્યાર સુધી એશિયન ગેમ્સમાં શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ખેલાડી.

(૫) નૌકાયન ટીમ : સવર્ણ સિંહ, દત્તુ ભોકનાલ, ઓમ પ્રકાશ અને સુખમિત સિંહ

(૬) મેન્સ યુગલ ટેનિશ – રોહન બોપન્ના (બેંગ્લોર) અને દેવી શરણ (ન્યુ દિલ્લી)

(૭) તજેન્દ્રપાલ સિંહ મેન્સ ગોળાફેક– મોગા, પંજાબ

(૮) નીરજ ચોપડા મેન્સ જેવલિન થ્રોઅર – પાણીપત, હરિયાણા.

(૯) અર્પિન્દ્ર સિંહ મેન્સ ત્રિપલ જમ્પ – અમૃતસર, પંજાબ

(૧૦) મંજિત સિંહ મેન્સ ૮૦૦ મીટર – હરિયાણા

(૧૧) સ્વપ્ના બર્મન વુમન્સ હેપ્થેલોન – જલપૈંગુરી, પશ્ચિમ બંગાળ

(૧૨) જીનસન જોંસન મેન્સ ૧૫૦૦ મિટર – કોઝિકોડ – કેરલ

(૧૩) વુમન્સ 4X400 રિલે ટિમ – હિમા દાસ, એમઆર પૌવામા, સરિતા ગાયકવાડ અને વિકે વિસમયા

(૧૪) અમિત પંઘાલ બોક્સિંગ (૪૯ કિ.ગ્રા.) રોહતક, હરિયાણા

(૧૫) બ્રિજ મેન્સ જોડી – પ્રણવ બરધાન અને શીભનાથ સરકાર

## 9.September 2018

**(૧) બ્રિટિશ એરવેઝની વેબસાઇટ અને એપ હેક :**

- હેકરોએ બ્રિટિશ એરવેઝની વેબસાઇટ અને એપને હેક કરી ફલાઇટ બુક કરાવતા ૩.૮૦ લાખ યાત્રીઓની કાર્ડ ડીટેલ ચોરી લીધી છે.
- તેમણે યાત્રીઓને તેમની બેન્ક અને ક્રેડિટકાર્ડ આપનારાઓ સાથે સંપર્ક કરવાની સલાહ આપી હતી.
- ક્રૂઝે કહ્યું કે હેકરોએ ૨૧ ઓગસ્ટથી ૫ સપ્ટેમ્બર વચ્ચે વેબસાઇટ અને એપને હેક કરી યાત્રીઓના ડેટા ચોરી કર્યા હતા.
- હેકરોએ યાત્રીઓના ક્રેડિટકાર્ડ નંબર, નામ, સરનામું, ઇમેલ વગેરે માહિતી ચોરી લીધી છે.
- હેકિંગથી યાત્રીઓનો ડેટા પ્રભાવિત થઇ શકે છે જેમાં નાણાકીય માહિતી સામેલ છે.

**(૨) ગાંધી જયંતિ પર ટ્રેનમાં નોનવેઝ નહીં, માત્ર શાકાહારી ભોજન**

- ગાંધીની ૧૫૦મી જયંતી ૨ ઓક્ટોબરને ટ્રેનમાં માત્ર શાકાહારી ભોજન પીરસવામાં આવશે.
- આ દિવસે નોનવેજ ભોજન નહીં મળે. જોકે આગામી દિવસથી આ વિકલ્પ ફરી શરૂ થઇ જશે.
- ૧૫ સપ્ટેમ્બરથી રેલવે સ્વચ્છતા પખવાડીયું શરૂ કરશે.
- તેમાં રેલવે પરિસર અને શૌચાલયોની સફાઇ થશે.

**(૩) યુએન આગામી મહિને દિવાળી પર વિશેષ ટપાલ ટિકિટ જાહેર કરશે :**

- યુએન તરફથી આગામી મહિને દિવાળી પર વિશેષ ટપાલ ટિકિટ બહાર પાડશે.
- યુએન પોસ્ટ વિભાગના તંત્ર તરફથી ૧૯ ઓક્ટોબરે એક વિશેષ સમારંભમાં હેપ્પી દિવાળીના સંદેશ સાથે ટિકિટ જાહેર કરાશે.
- દિવાળી પર તેને ખાસ બનાવવા માટે દરેક સેટ ૧૦ ટિકિટ અને દીવડા સાથે સજાવવામાં આવશે.
- યુ.એન. મુખ્યમાહિતી :
- સ્થાપના : ૨૪ ઓક્ટોબર, ૧૯૪૫
- કેલિફોર્નિયા, યુનાઇટેડ સ્ટેટ્સ
- સેક્રેટરી જનરલ : એન્ટોનિયો ગુટેરેસ

**(૪) વિશ્વ હિન્દૂ કોંગ્રેસ :**

- શિકાગો ખાતે ૧૮૯૩માં યોજાયેલ વિશ્વ ધર્મ સંસદમાં સ્વામી વિવેકાનંદના ઐતિહાસિક ભાષણની ૧૨૫મી વર્ષગાંઠ પ્રસંગે બીજી વિશ્વ હિન્દૂ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું.
- દુનિયાભરના ૨૦૦૦ થી વધારે પ્રતિનિધિઓ આ આયોજનમાં હાજર રહ્યા હતા.
- વિશ્વ હિન્દૂ કોંગ્રેસનો વિષય : think collectively, achieve valiantly'
- ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેંયા નાયડુ બીજી વર્લ્ડ કોંગ્રેસના સમાપન સમારોહ હાજર રહ્યા હતા.

**(૫) ૨૦૧૯ થી મોબાઇલમાં સ્વદેશી 'નાવિક' જીપીએસ હશે**

- મોબાઇલ ફોનમાં આગામી વર્ષથી સ્વદેશી જીપીએસ સિસ્ટમ નાવિકા કામ કરશે.
- ૨૦૧૯ના પ્રારંભમાં ઇન્ડિયન રિજનલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ, જેને નાવિક નામથી ઓળખાય છે.

- મોબાઇલ હેન્ડ સેટમાં સક્રિય થઇ જશે. જોકે તે લગાવવું જરૂરી નહીં હોય.

**ઇસરો મુખ્ય માહિતી :**

- મુખ્યાલય : બેંગ્લુરુ
- સ્થાપક : વિક્રમ સારાભાઇ
- સ્થાપના : ૧૫ ઓગસ્ટ, ૧૯૬૯

**(૫) પાકિસ્તાન સરહદે ભારત સ્માર્ટ ફેન્સ :**

- ભારતે સરહદે લેસર કિરણથી નજર રાખતો 'સ્માર્ટ ફેન્સ' પાઇલોટ પ્રોજેક્ટ ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે.
- આ યોજના ગૃહપ્રધાન રાજનાથસિંહ ખુલ્લી મુકશે.
- આપણી સરહદ પાકિસ્તાન, ચીન, મ્યાનમાર, બાંગ્લાદેશ સાથે જોડાયેલી છે.
- તે પૈકી પાકિસ્તાન સાથેની ૨૪૦૦ કિ.મી. લાંબી સરહદ, ખાસ કરીને કાશ્મીર સરહદે આ યોજનાનો સૌપ્રથમ અમલ થશે.
- તેમાં આધુનિક વૈજ્ઞાનિક ટેકનોલોજી અને લેસર કિરણથી સરહદની સુરક્ષા કરવામાં આવશે.
- આ ઉપકરણમાં આવી જનાર વ્યક્તિની જાણ બોર્ડર પોસ્ટ પર થઇ જશે.
- જેને કોમ્પ્રીહેન્સીવ ઇન્ટ્રીગેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ (CIBMS) પણ કહેવાય છે, જેને વૈજ્ઞાનિકોએ ટુંકુ નામ 'સ્માર્ટ ફેન્સ આપ્યું છે.

પ્રશ્નો :

(૧) રેલવે સાક્ષરતા પખવાડિયું– ૨૦૧૮ ક્યારથી શરૂ થશે ?
- ૧૫ સપ્ટેમ્બર

૨) યુ.એન. ની સ્થાપના ક્યારે થઇ ?
- ૨૪ ઓક્ટોબર ૧૯૪૫

૩ વિશ્વ હિન્દુ કોંગ્રેસ– ૨૦૧૮ નો વિષય જણાવો ?
- think collectively, achieve valiantly'

૪ ૨૦૧૯ થી મોબાઈલમાં સ્વદેશી જીપીએસનું નામ શું હશે ?
- નાવિક

૫ પાકિસ્તાન સરહદ પર લેસર કિરણથી નજર રાખતો પ્રોજેક્ટનું નામ જણાવો ?
- સ્માર્ટ ફેન્સ

## 10.September 2018

**(૧) વિરાટ કોહલીએ સૌથી ઓછી ઇનિંગ્સમાં ૧૮૦૦૦ રન પૂરા કર્યા :**

- ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ઇંગ્લેન્ડ વિરૂદ્ધ પાંચમી અને અંતિમ ટેસ્ટની પ્રથમ ઇનિંગ્સમાં વિશ્વ વિક્રમ બનાવ્યો છે.
- તે હવે સૌથી ઓછી ઈનિંગ્સમાં ૧૮૦૦૦ રન કરનારા બેટ્સમેન્ બની ગયા છે.
- કોહલીએ ૩૮૨મી ઇનિંગ્સમાં આ રેકોર્ડ બનાવ્યો છે.
- લારાએ ૪૧૧ અને સચિને ૪૧૨ ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી.

**(૨) આયરિશ સમુદ્રમાં દુનિયાનું સૌથી મોટું વિન્ડફાર્મ :**

- ઇંગ્લેન્ડના ઉત્તર – પશ્ચિમ કિનારે આયરિશ સમુદ્રમાં દુનિયાનું સૌથી મોટું વિન્ડફાર્મ બનાવાયું છે.
- તેની ક્ષમતા ૬૫૯ મેગાવોટ છે. તેનાથી ૫.૯૦ લાખ ઘરો માટે પર્યાપ્ત વીજળી મળશે. ૧૪૫ ચો.કિમીમાં ફેલાયેલ વિન્ડફાર્મમાં ૮૭ ટર્બાઇન લાગેલા છે.
- ૨૦૧૫માં શરૂ થયેલ પ્રોજેક્ટને તાજેતરમાં સત્તાવાર રૂપે ખોલી દેવાયો છે.
- વીજળી ઉત્પાદનનું કામ પણ શરૂ થઇ ગયું છે.
- વીજળી ઉત્પાદન મામલે પણ આ દુનિયાનું સૌથી મોટું વિન્ડફાર્મ છે.

**(૩) આયુષ્માન ભારત– ગુજરાત સરકાર :**

- કેન્દ્ર સરકારની આયુષ્માન ભારત યોજના હવે ગુજરાતમાં અમલી બનશે.
- તે માટે રાજ્ય સરકારે કેટલા ધારાધોરણ મુજબ નક્કી કર્યો છે.
- જે અંતર્ગત આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ગુજરાત હેલ્થ પ્રોટેક્શન સોસાયટી અંતર્ગત કરાશે આ માટે સોસાયટીની રચના કરવામાં આવી છે.
- આ યોજનાના લાભાર્થીઓ બીપીએલ કાર્ડ ધારકો હશે. ૫૦,૦૦૦ રૂપિયા સુધીનું કવર ઇન્સ્યોરન્સ આધારિત એટલે કે થર્ડ પાર્ટી કંપનીને સરકાર પ્રીમિયમ આપીને મેળવશે, જ્યારે ૫૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦ રૂપિયા સુધીનું એસ્યોરન્સ કવર હશે જે હાલની મા કાર્ડ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.
- આ નિર્ણયને કારણે મા કાર્ડ ધરાવતા તમામ પરિવારો આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાશે અને મા કાર્ડની મર્યાદા ૩ લાખ રૂપિયા સુધીની છે તે હવે બે લાખ રૂપિયાથી વધીને ૫ લાખ રૂપિયા થઇ જશે.
- રાજ્ય સરકાર લોકોને રૂ. ૫ લાખનું આરોગ્ય કવચ આપશે.

**(૪) આર.એસ.બી. વાય. કાર્ડ બંધ થશે.**

- આયુષ્માન ભારત યોજના અમલમાં મુકાતા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજનાને સપ્ટેમ્બર માસના અંતમાં બંધ કરવાની જાહેરાત કરાઈ છે ત્યારબાદ આરએસબીવાય કાર્ડ માન્ય રહેશે નહીં. જો કે, રાજ્ય સરકારે સૂચન કર્યું છે કે આયુષ્માન ભારત

યોજનાના અમલીકરણ બાદ ક્રમશ: લાભાર્થી ને મુશ્કેલી ન પડે તે રીતે બંધ કરવામાં આવશે.

- સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ હેઠળ નોંધાયેલા અને નિયમ માપદંડો ધરાવતા પરિવારો આ યોજનાના લાભાર્થી ગણાશે.
- આ માટેની તમામ કાર્યવાહી ગુજરાત હેલ્થ પ્રોટેક્શન સોસાયટી આઇટી પ્લેટ ફોર્મ પર કરશે.

**(૫) સ્વિટ્ઝરલેન્ડમાં શ્રીદેવીનું સ્ટેચ્યુ મૂકીને સન્માન કરાશે :**

- બોલીવુડની દિવંગત અભિનેત્રી શ્રીદેવીની યાદગાર ફિલ્મ 'ચાંદની' જ્યાંના રમણીય સ્થળોએ શૂટ થઇ હતી.
- તે સ્વિટ્ઝલેન્ડના સત્તાવાળાઓએ શ્રીદેવીનું સ્ટેચ્યૂ મુકવાનું નક્કી કર્યું છે.
- 'ચાંદની' સહિત પોતાની ઘણી ફિલ્મો સ્વિટ્ઝરલેન્ડમાં શૂટ કરનારા ફિલ્મકાર સ્વ. યશચોપરાના સ્ટેચ્યુનું સ્વિટ્ઝરલેન્ડના રિસોર્ટ ટાઉન ઇન્ટરલેકનમાં ૨૦૧૬માં અનાવરણ કરાયું હતું.
- હવે સ્વિટ્ઝરલેન્ડમાં ટૂરિઝમને પ્રમોટ કરવામાં શ્રીદેવીની ભૂમિકાને ધ્યાને લઇને તેમના સન્માનરૂપે તેમનું સ્ટેચ્યું મૂકવામાં આવશે.
- ૧૯૮૯માં રિલિઝ થયેલી બ્લોકબસ્ટર ફિલ્મ 'ચાંદની' ના મોટા ભાગના ગીતો સ્વિટ્ઝરલેન્ડમાં શૂટ થયા હતા.
- રાજકપૂરની ૧૯૬૪ માં આવેલી ફિલ્મ 'સંગમ' સ્વિટ્ઝરલેન્ડમાં શૂટ થયેલી પ્રથમ ભારતીય ફિલ્મ હતી.

**(૬) બિમલ જાલાન – મુખ્યઆર્થિક સલાહકાર :**

- મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ દ્વારા રાજીનામું આપ્યા બાદ સરકારે મુખ્ય આર્થિક સલાહકારની પસંદગી કરતા ભારતીય રિઝર્વ બેન્કના પૂર્વ ગર્વનર જનરલ બિમલ ઝાલાનની અધ્યક્ષતાના સમીતીની રચના કરવામાં આવી
- જાલાન સિવાય કાર્મિક અને પ્રશિક્ષણ વિભાગના સચિવ સિ.ચંદ્રમોલી અને આર્થિક બાબતોના સચિવ સુભાષ ચંદ્ર આ સમિતિના સભ્ય છે.
- મુખ્ય આર્થિક સલાહકારની નિયુક્તિના સંદર્ભમાં અંતિમ નિર્ણય પ્રધાનમંત્રીની અધ્યક્ષતા વાળી મંત્રીમંડળ નિયુક્ત સમિતિ દ્વારા કરવામાં આવે છે.

પ્રશ્નો :

(૧) ક્રિકેટમાં સૌથી ઓછી ઇનિંગ્સમાં ઇતિહાસમાં ૧૮૦૦૦ રન કયા ખેલાડીએ પુરા કર્યા ?

- વિરાટ કોહલી

૨ દુનિયાનું સૌથી મોટું વિન્ડફાર્મ કયા સમુદ્રમાં બનાવાયું ?

- આયરિશ

૩ સ્વિટ્ઝરલેન્ડમાં શૂટ થયેલી પ્રથમ ભારતીય ફિલ્મ જણાવો ?

- સંગમ

૪ મુખ્ય આર્થિક સલાહકાર તરીકે કોની નિમણૂંક કરવામાં આવી ?

- અરવિંદ સુબ્રમણ્યમ્

૫ કઈ ભારતીય અભિનેત્રીનું સ્વિટ્ઝરલેન્ડમાં સ્ટેચ્યું મુકીને સન્માન કરાશે ?

- શ્રીદેવી

## 11.September 2018

**(૧) અલીબાબાના એક્ઝિક્યુટિવ ચેરમેન જેક માએ નિવૃત્તિ જાહેર કરી.**

- ૩૦ લાખ કરોડની ઇકોમર્સ કંપની અલીબાબાના એક્ઝિક્યુટિવ ચેરમેન જેક માએ ૧ વર્ષ પછી નિવૃત્તિ લેવાનું જાહેર કર્યું.
- તેમના સ્થાને ૪૬ વર્ષીય સીઇઓ ડેનિયલ ઝેંગ આ પદ સંભાળશે.
- ૨૦૦૭માં કંપનીમાં જોડાયેલા ઝેંગને ૨૦૧૫માં અલીબાબાના સીઇઓ બનાવાયા હતા.
- જેક મા નિવૃતિ પછી શિક્ષણ ક્ષેત્રે પરત ફરશે તથા જેક મા ફાઉન્ડેશન હેઠળ ચેરિટી કરશે.
- તેઓ ચીનના ત્રીજા અને વિશ્વના ૧૯માં ક્રમાંકના સૌથી શ્રીમંત વ્યક્તિ છે.
- તેમની નેટવર્થ ૨.૬ લાખ કરોડ રૂપિયા છે.
- તેઓ ૧૦ વર્ષથી ઉત્તરાધિકારીની યોજના પર કામ કરી રહ્યા હતાં.

**(૨) યુએસ ઓપન ચેમ્પિયન – નોવાક જેકોવિચ :**

- સર્બિયાના નોવાક જોકોવિચ ત્રીજી વખત યુએસ ઓપનમાં ચેમ્પિયન બન્યો છે.
- ફાઇનલમાં જોકોવિચે જુઆમ માર્ટિન ડેલ પોત્રોને ૬–૩, ૭–૬ અને ૬–૩ થી હાર આપી હતી.
- આ સાથે તેણે અમેરિકાના દિગ્ગજ પીટ સૈમ્પ્રાસની બરોબરી પણ કરી લીધી છે.
- જોકોવિચે સૈમ્પ્રાસની બરોબરી તે જ કોર્ટ પર કી જ્યા સૈમ્પ્રાસે પોતાની કારકિર્દીનું અંતિમ ૧૪ મું ગ્રાન્ડ સ્લેમ જીત્યું હતું.
- હવે જોકોવિચ સૌથી વધુ ગ્રાન્ડ સ્લમે ટાઇટલ જીતનારાની યાદીમાં ઓલ ટાઇમ સંયુક્ત ત્રીજા ક્રમે છે.

Vivekanand Academy Gandhinagar

- સ્વિઝરલેન્ડના દિગ્ગજ રોજર ફેડરર ૨૦ ગ્રાન્ડ સ્લમે અને સ્પેનના સ્ટાર રફેલ નડાલ ૧૭ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ સાથે બીજા ક્રમે છે.
- જોકોવિચે ન્યુયોર્કમાં આઠમી ફાઇનલ રમી હતી.
- ટેનિસની સૌથી મહત્વપૂર્ણ અને વિશેષ પ્રતિયોગિતા એ દર વર્ષે યોજાતી ચાર ગ્રાન્ડઉસ્લેમ ટુર્નામેન્ટ છે. જેને મેજર કહેવાય છે.

| ક્રમ | ગ્રાન્ડસ્લેમ | સમયગાળો | આયોજન સ્થળ |
|---|---|---|---|
| ૧ | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન પાર્ક |
| ૨ | ફ્રેન્ચ ઓપન | મે–જુન | રોલેન્ડ ગેરોસ, પેરિસ |
| ૩ | વિમ્બલ્ડન ઓપન | જૂન– જુલાઇ | વિમ્બલ્ડન, લંડન |
| ૪ | યુ.એસ. ઓપન | ઓગ. –સપ્ટે. | ન્યૂયોર્ક |

- ઓસ્ટ્રેલિયા ઓપન અને યુ.એસ. ઓપન બંને હાર્ડ કોર્ટ પર રમાય છે.
- ફ્રેન્ચ ઓપન માટીના કોર્ટ પર તથા વિમ્બલ્ડન ઘાસના કોર્ટ પર રમાય છે.

**(૩) પી.એમ. જે. વાય હેઠળ બાળ કેન્સર કવચ :**

- બાળકોમાં કેન્સરની સારવાર વડાપ્રધાન જન આરોગ્ય યોજના હેઠળ આવરી લેવામાં આવશે.
- આ યોજના ગરીબ પરિવારોને પાંચ લાખ રૂપિયાના આરોગ્ય વીમા કવર આપશે.
- આ યોજનાથી ગરીબી રેખાની નીચે (બીપીએલ) અને ઉચ્ચ મધ્યમ વર્ગના પરિવારોને લાભ થશે.
- વડાપ્રધાન જન આરોગ્ય યોજના (પીએમજેવાય) યોજના લોન્ચ – ૧૫ ઓગસ્ટ– ૨૦૧૮
- શરૂઆત : ૨૫ મી સપ્ટેમ્બર ૨૦૧૮, (દિન દયાલ ઉપાધ્યાયનો જન્મદિવસ)

**(૪) ૧૦ સપ્ટેમ્બર : વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ :**

- સમગ્ર વિશ્વમાં ૧૦ સપ્ટેમ્બરના રોજ દર વર્ષે ‘વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ’ મનાવવામાં આવે છે.
- આત્મહત્યાના ગુનાઓ અટકાવવાના હેતુથી આ દિવસની ઉજવવામાં આવે છે.
- ૨૦૧૮ ની થીમ આત્મહત્યાના ગુનાઓ અટકાવવાના હેતુથી આ દિવસની ઉજવવામાં આવે છે.
- ૨૦૧૮ ની થીમ ‘આત્મહત્યા અટકાવવા માટે એક સાથે કામ કરીએ’
- આ દિવસની ઉજવણી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા કરવામાં આવે છે.

**(૫) દિલ્હી સરકારની ડોર સ્ટેપ સેવા માટે ‘ડાયલ ૧૦૭૬’**

- દિલ્હી સરકાર દ્વારા હેલ્પલાઇન નંબર ‘૧૦૭૬’ લોન્ચ કરવમાં આવી છે.
- જે લોકોને વિવિધ સરકારી સુવિધાઓ મળી રહે તેના માટે કાર્ય કરશે.
- દિલ્હી સરકારના ૪૦ વિભાગો સાથે મળીને ડ્રાઇવીંગ લાઇસન્સ, રેશન કાર્ડ, ન્યૂ વોટર કનેક્શન વગેરે જેવી ૧૦૦ સેવાઓ ઉપલબ્ધ છે.
- આ યોજના માટે ૧૧ જિલ્લાઓમાં ૧૧ કોલ સેન્ટર સ્થાપવામાં આવ્યા.

**(૬) ઓલિસ્ટર કૂક પોતાની પહેલી અને અંતિમ ટેસ્ટમાં સદી કરનાર વિશ્વનો પાંચમો ખેલાડી :**

- ભારત સામેની પાંચમી અને પોતાની અંતિમ ટેસ્ટ રમી રહેલા એલિસ્ટર કૂકે સદી નોંધાવતા અનેક રેકોર્ડ પોતાના નામે કરી લીધા છે.
- કૂકે પોતાની ટેસ્ટ કારકિર્દીની પહેલી અને અંતિમ ટેસ્ટમાં સદી ફટકારનાર ઇંગ્લેન્ડનો પહેલો અને વિશ્વનો પાંચમો બેટ્સમેન બની ગયો છે.
- આ સાથે તેના જોડીદાર ઇંગ્લેન્ડના સુકાની જો રૂટે પણ પોતાની ટેસ્ટ કારકિર્દીની ૧૪ મી સદી હતી.
- એલિસ્ટર કૂકે પોતાની ટેસ્ટ ક્રિકેટની શરૂઆત પણ ભારત સામે અને કારકિર્દીની અંતિમ ટેસ્ટ રમી રહ્યો છે.
- તેણે ૨૦૦૬માં નાગપુરમાં તેણે ૧૦૪ રનની રણનમ ઇનિંગ રમી હતી. તે એક જ ટીમ વિરૂદ્ધ કેરિયરની પ્રથમ અને અંતિમ સદી ફટકારનાર ત્રીજો બેટ્સમેન છે.

**સૌથી વધુ રન બનાવનાર ડાબોડી બેટ્સમેન બન્યો**

- સાંગાકારના રેકોર્ડ તોડવાની સાથે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ડાબોડી બેટ્સમેન બન્યો.
- હવે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર પ્રથમ ચાર બેટ્સમેનો સચિન, પોન્ટિંગ, કાલિસ અને દ્રવિડ છે.
- ત્યારબાદ પાંચથી આઠમાં નંબર સુધી ડાબોડી બેટિંગ કરનાર બેટ્સમેન છે.
- કૂક પાંચમાં સ્થાને છે. ત્યારબાદ સાંગાકારા, લારા, ચંદ્રપોલ છે.

**પોતાની પહેલી અને અંતિમ ટેસ્ટમાં સદી કરનાર ખેલાડીઓ :**

- ભારતના પૂર્વ કેપ્ટન મોહમ્મદ અઝહરૂદ્દીને પ્રથમ સદી ઇંગ્લેન્ડ (૧૧૦) સામે અને ૨૦૦૦ માં અંતિમ ટેસ્ટમાં આફ્રિકા વિરૂદ્ધ ૧૦૨ રન બનાવ્યા.
- ગ્રેગ ચેપલે ૧૯૭૦માં પહેલી ટેસ્ટમાં ઇંગ્લેન્ડ સામે ૧૦૮ રન બનાવ્યા અને અંતિમ ટેસ્ટમાં પાક. સામે ૧૮૨ રન બનાવ્યા હતા.
- વિલિયમ પોસફર્ડએ ઇંગ્લેન્ડ સામે પહેલી ટેસ્ટમાં ૧૧૦ રન, અને અંતિમ ટેસ્ટમાં ઇંગ્લેન્ડ સામે ૨૬૬ રન કર્યા.

Vivekanand Academy Gandhinagar

– રેગિનલ્ડ ડફે ઇંગ્લેન્ડ સામે પહેલી ટેસ્ટમાં ૧૦૪ રન અને અંતિમ ટેસ્ટમાં ૧૪૬ રનની ઇનિંગ રમી હતી.

પ્રશ્નો :

(૧) અલીબાબાના એક્ઝિક્યુટિવના નવા ચેરમેનનું નામ જણાવવો ?
– ડેનિયલ ઝેંગ
૨ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૧૦ સપ્ટેમ્બર
૩ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ–૨૦૧૮ની થીમ જણાવો ?
– આત્મહત્યા અટકાવવા માટે એક સાથે કામ કરીએ
૪ દિલ્હી સરકારની ડોર સ્ટેપ સેવા માટેના હેલ્પલાઇન નંબર જણાવો ?
– ૧૦૭૬
૫ યુએસ ઓપનના મેન્સ વિજેતા જણાવો ?
– નોવાક જોકોવિચ
૬ એલિસ્ટર કુકનું કાર્યક્ષેત્ર જણાવો ?
– ક્રિકેટ

## 12.September 2018

### (૧) કોલ્ડવૉર બાદ રશિયાનો સૌથી મોટો યુદ્ધાભ્યાસ 'વોસ્તોક–૨૦૧૮'

– રશિયામાં ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ શીતયુદ્ધનાં ૩૭ વર્ષ બાદ સૌથી મોટો સૈન્ય અભ્યાસ શરૂ થયો.
– તેમાં ૩ લાખ સૈનિક ભાગ લઇ રહ્યા છે.
– પૂર્વીય સાઇબેરીયા માં વોસ્તોક – ૨૦૧૮ માં રશિયાનાં પૂર્વીય અને મધ્ય સૈન્ય ડિસ્ટ્રીક્ટસના સભ્ય, પેસિફિક એન્ડ નોર્ધન ફલીટ્સ, એરબોર્ન ફોર્સ, ૧૦૦૦ થી વધુ વિમાન, ૩૬ હજાર ટેન્ક, ૮૦ જહાજ ભાગ લઇ રહ્યાં છે. આ ડ્રીલમાં ચીને ૩,૨૦૦ જવાન મોકલ્યા છે.

### (૨) ચીન – રશિયાએ ૧૫ વર્ષમાં ૩૦ ડ્રિલ કરી.

– યુદ્ધાભ્યાસ પાંચ જગ્યાએ થશે. તેમાં જાપાની સાગર, રિંગ સાગર, ઓખોત્સક સાગરનો પણ સમાવેશ થાય છે.
– ૨૦૦૩ થી અત્યાર સુધીમાં રશિયા અને ચીનના સૈન્ય અંદાજે ૩૦ વખત સંયુક્ત યુદ્ધાભ્યાસ કરી ચૂક્યા છે, પરંતુ વોસ્ટોકમાં પહેલી વખત બંને દેશના સૈન્ય સાથે અભ્યાસ કરી રહ્યાં છે.
– આ પહેલાં માત્ર બેલારૂસે જ રશિયન સૈન્ય સાથે આ પ્રકારનો વ્યૂહાત્મક યુદ્ધાભ્યાસ કર્યો હતો.
– સૈન્ય અભ્યાસ બે તબક્કામાં થશે. પહેલો તબક્કો ૧૭ સપ્ટેમ્બરે પુરો થશે. તેમાં જવાનોતને રશિયાના પૂર્વીય ભાગ, ઉત્તર પ્રશાંત અને ઉત્તરીય સાગર પાસે નિયુક્ત કરાશે.
– આ યુદ્ધાભ્યાસ ૧૯૮૧ માં થયેલા યુદ્ધાભ્યાસ જેવો છે, પરંતુ આ વખતે જવાનોની સંખ્યા અનેક ઘણી વધુ છે.
– યુદ્ધાભ્યાસમાં રશિયાના ૧૦ લાખમાંથી એક તૃતીયાંશ સૈનિકો ભાગ લઇ રહ્યાં છે.

### (૩) ભારતની પ્રથમ રેલવે યુનિવર્સિટી વડોદરામાં શરૂ :

– રાષ્ટ્રીય રેલ અને પરિવહન સંસ્થા (એનઆરટીઆઇ) દ્વારા પરિવહન ક્ષેત્રમાં દેશની પ્રથમ યુનિવર્સિટી શરૂ કરવામાં આવી છે.
– હાલમાં તે નેશનલ એકેડેમી ઓફ ભારતીય રેલવે વડોદરાથી કાર્યશીલ છે.
– રેલવે મંત્રાલય દ્વારા નાણાંકીય અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો કેલિફોર્નિયા યુનિવર્સિટી, બર્કલે અને કોર્નેલ યુનિવર્સિટીઓ સાથે આ યુનિવર્સિટી શરૂ કરવામાં આવી છે.
– આ યુનિવર્સિટી બે ઉન્નત અભ્યાસક્રમો – બીએસસી ટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજી અને બીબીએ ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટમાં ૫૦ વિદ્યાર્થીઓને અભ્યાસ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.

### (૪) ઓએનજીસી દ્વારા મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં તેલ અને ગેસ ભંડારની શોધ કરવામાં આવી

– ઓઇલ અને નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) એ મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ઓઇલ અને ગેસની શોધ કરી છે.
– આ કાર્ય સાથે દેશમાં બે નવા બેસિનો શરૂ થયા છે.
– ઓએનજીસીને મધ્ય પ્રદેશના વિંધ્ય બેસિન બ્લોકમાં ગેસ નો જથ્થો મળી આવ્યો છે.
– તેવી જ રીતે પશ્ચિમ બંગાળના ૨૪ પરગણા જિલ્લાના અશોક નગરમાં તેલ અને ગેસ મળી આવ્યા છે.

**ઓએનજીસી**

ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન :

– સ્થાપના : ૧૪ ઓગસ્ટ, ૧૯૫૪
– હેડક્વાર્ટર : નવી દિલ્હી
– પ્રમુખ અને એમડી : શશી શંકર

### (૫)ભારત – મંગોલિયા સંયુક્ત અભ્યાસ 'નોમડિક એલીફન્ટ– ૨૦૧૮' શરૂ

– ભારત– મંગોલિયા સંયુક્ત અભ્યાસ 'નોમડિક એલિફન્ટ– ૨૦૧૮' ૧૦ સપ્ટેમબર ૨૦૧૮ના રોજ શરૂ થયો.
– મંગોલિયા સશસ્ત્ર દળ (એમએએફ) ફાઇવ હીલ્સ ટ્રેનીંગ એરિયા ખાતે આ સંયુક્ત અભ્યાસ શરૂ થયો.
– નોમડિક એલિફન્ટ લશ્કરી અભ્યાસનું આયોજન દર વર્ષે એક વખત કરવામાં આવે છે.

મંગોલિયા મુખ્યમાહિતી

– રાજધાની : ઉલાનબટોર

Vivekanand Academy Gandhinagar

– રાષ્ટ્રપતિ : ખલ્તમાગિન બટુલ્ગા

પ્રશ્નો :

(૧) ૨૦૧૮ના સૌથી મોટા યુદ્ધાભ્યાસનું નામ જણાવો ?

– વોસ્તોક– ૨૦૧૮

૨ ભારતની પ્રથમ રેલવે યુનિવર્સિટી કયાં શરૂ થઇ ?

– વડોદરા

૩ ઓએનજીસીનું પુરૂનામ જણાવો ?

– ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન

૪ ઓએનજીસીનું મુખ્યમથક કયાં આવેલું છે ?

– નવી દિલ્હી

૫ ૨૦૧૮ના ભારત – મંગોલિયા સંયુક્ત અભ્યાસનું નામ જણાવો ?

– નોમડિક એલીફન્ટ – ૨૦૧૮

## 13.September 2018

**(૧) એસબીઆઇએ રોકડ જમા કરવાની મર્યાદા હટાવી.**

– સ્ટેટ બેન્કે તેના ખાતા ધારકો માટે રોકડ જમા કરવાની મર્યાદા હટાવી.
– હવે તેઓ નોન હોમ બ્રાન્ચમાં પણ ગમે તેટલી રકમ જમા કરાવી શકશે.
– અત્યાર સુધી આ મર્યાદા ૨૫ હજારની હતી.
– નોન હોમ બ્રાન્ચમાંથી રોકડ ઉપાડવા પર રૂા. ૫૦ નો જીએસટી વસૂલાતો હતો.

**એસબીઆઇ મુખ્યમાહિતી :**

– અધ્યક્ષ : રજનીશ કુમાર
– મુખ્યમથક : મુંબઇ
– સ્થાપના : ૧ જુલાઇ ૧૯૫૫

**(૨) એશિયા – પેસિફીક જીડીપીમાં ભારતનો હિસ્સો ૨.૭ ટકા વધ્યો.**

– એશિયા પેસિફિકની જીડીપીમાં ૧૭ વર્ષમાં ભારતનો હિસ્સો ૨.૭ ટકા વધ્યો છે.
– ૨૦૦૦માં ભારતનો હિસ્સો ૧૪.૬ ટકા હતો. જે ૨૦૧૭ માં વધીને ૧૭.૩ ટકા થયો છે.
– જ્યારે ચીનનો ૨૦૦૦ માં ૨૫. ૧ ટકાથી વધી ૨૦૧૭માં ૪૨.૭ ટકાએ પહોંચ્યો.
– એશિયન ડેવલપમેન્ટ બેન્કના રિપોર્ટ અનુસાર લોકોની ખરીદ ક્ષમતાનો આધારે વૈશ્વિક જીડીપીમાં એશિયા – પેસિફિકનો હીસ્સો ૪૦ ટકાથી વધુ છે.
– જે હાલ ૧૨.૫ ટકા વધ્યો છે. ૨૦૦૦ માં તે ૩૧.૧ ટકા હતી. જે વધીને ૨૦૧૭માં ૪૨.૬ ટકા થઇ હતી.
– એશિયા – પેસિફિક ક્ષેત્રમાં જીડીપીમાં ત્રણ મોટી અર્થવ્યવસ્થાઓ ચીન, ભારત, અને જાપાનનો ફાળો ૭ ટકા વધ્યો છે.

**(૩) સેમસંગનું વિશ્વનું સૌથી મોટું એક્સપિરિયન્સ સેન્ટર શરૂ : બેંગલુરૂ**

– બેંગલુરૂમાં સેમસંગ વિશ્વનો સૌથી મોટો મોબાઇલ ફોન ઓપેરા હાઉસ શરૂ કર્યો છે.
– જે ઇલેક્ટ્રોનિક જગતનો સૌથી મોટો રિટેલ સ્ટોર તથા એક્સપિરિયન્સ સેન્ટર છે.
– સેમસંગ ઓપેરા હાઉસમાં ટેક્નોલોજી લાઇફસ્ટાઇલ, અને ઇનોવેશન સાથે જોડાયેલા પ્રોડક્ટસનો અનુભવ લઇ શકાશે.
– તેમાં વર્ચ્યુઅલ રિયાલ્ટી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત પ્રોડક્ટ્સ સામેલ છે.
– કંપની આગામી સમયમાં દેશભરમાં ૧૦ મોટા એક્સપિરિયન્સ સ્ટોર શરૂ કરશે.

**(૪) સરદારસિંહ એ આંતરરાષ્ટ્રીય હોકીમાંથી નિવૃત્તિની જાહેરાત કરી**

– ભારતની હોકી ટીમમાં છેલ્લા ૧૨ વર્ષથી મહત્વનો ભાગ ભજવનાર પૂર્વ સ્ટાર સુકાની સરદાર સિંહે
– આંતરરાષ્ટ્રીય હોકીમાંથી નિવૃત્તિ જાહેર કરી.
– સરદારનો જન્મ હરિયાણાના સંતનગર (સિરસા જીલ્લા) માં થયો હતો.
– ૨૦૦૮ ની સુલતાન અઝલન શાહ કપમાં ટીમનું નેતૃત્વ કરતી વખતે સરદાર ભારતીય ટીમના સુકાનીનો સૌથી યુવાન ખેલાડી બન્યો.
– ભારતનું ચોથા ક્રમનું સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મશ્રી તેમને ૨૦૧૫માં એનાયત કરવામાં આવ્યું હતું.
– તેઓ હરિયાણા પોલીસના ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ પોલીસ ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

**(૫) મિતાલી રાજ – સુકાની તરીકે સૌથી વધુ વન–ડે રમવાનો રેકોર્ડ :**

– ભારતની મિતાલી રાજ અને ઝુલન ગોસ્વામીએ મંગળવારે શ્રીલંકા સામે અનોખો રેકોર્ડ બનાવ્યો છે.
– મિતાલી રાજ સુકાની તરીકે સૌથી વધુ વન–ડે રમનાર મહિલા ક્રિકેટર બની ગઇ છે.
– શ્રીલંકા સામે આઇસીસી ચેમ્પિયનશીપમાં પહેલી વન–ડે માં સુકાની તરીકે મેદાન પર ઉતરતા જ મિતાલી રાજ ૧૧૮ મી વન–ડે માં સુકાની તરીકે રમનાર પહેલી મહિલા ખેલાડી બની ગઈ છે.
– તેણે ઇંગ્લેન્ડની સુકાની ચાર્લોટ એડવર્ડ્સના ૧૧૭ વન–ડે નો રેકોર્ડ તોડી નાખ્યો છે.
– ૩૫ વર્ષની મિતાલી રાજ સુકાની તરીકે ભારતે ૭૨ મેચ જીતી છે અને ૪૩ મેચ હારી છે.
– ભારતીય ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૦૦ વિકેટ ઝડપનારી પહેલી મહિલા ક્રિકેટર બની છે.

**(૬) 'સ્વચ્છતા હી સેવા આંદોલન' :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૫ સપ્ટેમ્બર 'સ્વચ્છતા હી સેવા આંદોલન' ના પ્રારંભની જાહેરાત કરવામાં આવી હતી.
- તેમણે આ આંદોલનને બે ઓક્ટોબર પર મહાત્મા ગાંધીની ૧૫૦ મી જયંતીના અવસરો પર તેમની સાચી શ્રદ્ધાંજલિ બતાવી.
- ૧૫ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર દરમ્યાન 'સ્વચ્છતા હી સેવા આંદોલન' કાર્યક્રમ યોજવામાં આવશે.
- ચાર વર્ષ પહેલાં ૨ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ ગાંધીજીની જયંતીના અવસરે સ્વચ્છ ભારત અભિયાન શરૂ થયું હતું.

પ્રશ્નો :

૧ એસબીઆઇના અધ્યક્ષ જણાવો ?
- રજનીશ કુમાર

૨ સેમસંગનું વિશ્વનું સૌથી મોટું એક્સપિરિયન્સ સેન્ટર ક્યાં શરૂ થયું ?
- બેંગ્લુરૂ

૩ સરદારસિંહ ક્યા રાજ્યના વતની છે ?
- હરિયાણા

૪ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૦૦ વિકેટ ઝડપનાર પ્રથમ મહિલા જણાવો ?
- ઝુલન ગોસ્વામી

૫ સ્વચ્છ ભારત અભિયાન ક્યા વર્ષમાં શરૂ થયું હતું ?
- ૨૦૧૪

## 14.September 2018

**(૧) રાષ્ટ્રીય હિંદી દિવસ :**
- દર વર્ષે ૧૪ મી સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય હિન્દી દિવસ ઉજવાય છે.
- બંધારણસભા દ્વારા ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ હિન્દી ભાષાનો રાજભાષા તરીકે સ્વીકાર કર્યો હોવાથી આ દિવસ મનાવવામાં આવે છે.
- હિન્દી દિવસના અવસરે રાષ્ટ્રપતિ દ્વારા હિન્દી ભાષામાં યોગદાન બદલ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

**(૨) ઓક્ટોબરથી ઓનલાઇન ખરીદી ૨ ટકા ટેક્સ :**
- ઓનલાઇન ખરીદી ૧ ઓક્ટોબરથી મોંઘી થશે છે. ઇ-કોમર્સ કંપનીઓએ પોતાના પ્લેટફોર્મ પર સામાન વેચનારાને પેમેન્ટમાંથી ૨ ટકા ટેક્સ કાપવો પડશે.
- જેમાં ૧ ટકા સેન્ટ્રલ જીએસટી અને ૧ ટકા સ્ટેટ જીએસટી હશે.
- ઉપરાંત ટીસીએસની સાથે ટીડીએસનું નોટીફિકેશન પણ બહાર પડાયું છે.
- આ જોગવાઇથી માત્ર ઈનડાયરેક્ટ જ નહીં ડાયરેક્ટ ટેક્સની ચોરી પણ અટકશે.
- ટીસીએસથી ઇ-કોમર્સ પ્લેટફોર્મ પર સામાન વેચનારાની કમાણીનો ખ્યાલ આવી શકશે.

**(૩) સ્વદેશી એન્ટી ન્યૂક્લિયર મેડિકલ કિટ :**
- પેરા મિલિટરી અને પોલીસદળની સુરક્ષા માટે પરમાણુ ચિકિત્સા અને સહયોગી વિજ્ઞાન સંસ્થા (INMAS) દ્વારા પ્રથમ સ્વદેશી એન્ટી ન્યૂક્લિયર મેડિકલ કિટ તૈયાર કરાઇ છે.
- તેનો ઉપયોગ પરમાણુ હુમલા દરમિયાન જવાનોની સારવાર અને બચાવ માટે થશે તેમાં રેડિયો એક્ટિવ પ્રસરે તો પીડિત લોકોની સારવાર થઇ શકશે.
- INSTITUTE OF NUCLEAR MEDICINE & ALLIED SCIENCE (INMAS) - DRDO ની લેબોરેટરી છે જેની સ્થાપના ૧૯૬૧ માં કરવામાં આવી હતી.

**(૪) ફિલિપાઇન્સમાં ૨૦૦ કિમીની ઝડપે મેંગકૂટ વાવાઝોડું :**
- ફિલિપાઇન્સમાં ૨૦૦ કિમીની ઝડપે મેંગકૂટ વાવાઝોડુ ત્રાટક્યું.
- આ વાવાઝોડને લીધે ૧ લાખ લોકો પ્રભાવિત થયા છે.
- ફિલિપાઇન્સમાં એક વર્ષમાં નાના – મોટા મળીને ૨૦ થી વધુ વાવાઝોડાં આવી ચૂક્યાં છે.

**(૫) એશિયા કપ-૨૦૧૮**
- ૧૫ સપ્ટેમ્બરથી યુએઇમાં ૧૪ માં એશિયા કપની શરૂઆત થશે.
- યુએઇ ૨૩ વર્ષ બાદ એશિયા કપની યજમાની કરી રહ્યું છે. આ પહેલા યુએઇએ ૧૯૯૫ માં એશિયા કપની યજમાની કરી હતી.
- આ ટુર્નામેન્ટમાં હોંગકોંગ ૧૦ વર્ષ બાદ ભાગ લઇ રહી છે. હોંગકોંગ અત્યાર સુધી ૨ વાર આ ટુર્નામેન્ટમાં ભાગ લઇ ચૂક્યું છે.
- જોકે યુએઇ બંન્ને વખત ટૂર્નામેન્ટમાં રમી શક્યુ ન હતું.
- તે પ્રથમ વખત ૨૦૦૪ અને તે બાદ ૨૦૦૮ માં રમ્યુ હતું. આ વખતે ૧૩ માંથી ૮ મેચો દુબઇ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાશે, જેમાં દર્શક ક્ષમતા ૨૫ હજાર છે.

**સૌથી વધુ ૩૫ જીત શ્રીલંકાના નામે :**
- એશિયા કપમાં સૌથી વધુ ૩૫ જીતનો રેકોર્ડ શ્રીલંકા ટીમના નામે છે.
- જ્યારે ભારતે ૩૧ અને પાકિસ્તાને ૨૬ મેચ જીતી છે.
- એશિયા કપમાં સૌથી વધુ સ્કોર બનાવવાનો રેકોર્ડ પાકિસ્તાનના નામે છે. તેણે ૨૦૧૦ માં બાંગલાદેશ સામે ૩૮૫ રન કર્યા હતા.

Vivekanand Academy Gandhinagar

**બાંગ્લાદેશ પાંચ વખત યજમાની :**

– બાંગ્લાદેશ એશિયા કપની ૫ વાર યજમાની કરી ચુક્યું છે પણ ક્યારેય ટૂર્નામેન્ટ જીત્યું નથી. ૨૦૧૬માં તેને ફાઇનલમાં ભારતે હરાવ્યું હતું.

**(૬) ચીન કુનમિંગ – કોલકાતા વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવાની યોજના :**

– ચીન કુનમિંગથી કોલકાતા વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવાની યોજના બનાવી રહ્યું છે.
– આ ટ્રેન મ્યાનમાર અને બાંગ્લાદેશ થઇને કોલકાતા પહોંચશે.
– બુલેટ ટ્રેન માટે ભારત અને ચીનના સંયુક્ત પ્રયાસોની જરૂર છે.
– કુનમિંગ અને કોલકાતા વચ્ચે હાઇસ્પીડ રેલવે લિન્કનું નિર્માણ કરી શકાય છે.
– પ્રોજેક્ટ સફળ થશે તો કુનમિંગથી કોલકાતા પહોંચવામાં ફક્ત બે કલાક લાગશે.
– મ્યાનમાર અને બાંગ્લાદેશને પણ પ્રોજેક્ટનો લાભ થશે.
– વર્ષ ૨૦૧૫માં કુનમિંગમાં યોજાયેલ ગ્રેટર મેકાંગ સબ્રેગિયનની બેઠકમાં પણ આ પ્રોજેક્ટનો ઉલ્લેખ કરાયો હતો.
– પ્રોજેક્ટ સફળ થશે તો કુનમિંગ અને કોલકાતા વચ્ચે ૨૦૦૦ કિમીનું અંતર કલાકમાં કપાશે.
– જોકે વિમાનથી આટલું અંતર અઢી કલાકમાં કપાય છે. આગામી એક દાયકામાં પ્રોજેક્ટ પૂરો થઇ જશે.

**પ્રશ્નો :**

૧ રાષ્ટ્રીય હિંદી દિવસ ક્યારે મનાવાય છે ?
– ૧૪ સપ્ટેમ્બર
૨ ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
– ૧૯૬૧
૩ તાજેતરમાં 'મેંગકુટ' વાવાઝોડું કયા દેશમાં આવ્યું હતું ?
– ફિલિપાઇન્સ
૪ એશિયા કપ–૨૦૧૮ ની યજમાની કોણે કરી ?
– યુએઇ
૫ બાંગ્લાદેશે એશિયાકપની કેટલી વખત યજમાની કરી છે ?
– ૫ વાર

## 15.September 2018

**(૧) એમ. વિશ્વેશ્વરૈયા – એન્જિનિયર દિવસ :**

– સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાનો જન્મ ૧૫ સપ્ટેમ્બર ૧૮૬૧માં કર્ણાટકમાં થયો હતો.
– તેમનો જન્મ દિવસ ભારતમાં એન્જિનિયર દિવસ તરીકે મનાવવામાં આવે છે.
– કાવેરી નદી પર આવેલ ક્રિષ્ના રાજા સાગર બંધનું નિર્માણ તેમની દેખરેખમાં થયું હતું.
– ૧૯૧૧ માં બ્રિટિશ દ્વારા તેમને 'સર' ની ઉપાધિ આપવામાં આવી હતી.
– ૧૯૧૭ માં સ્થાપાયેલ ભારતની પ્રથમ એન્જિનિયરિંગ સંસ્થાને તેમનું નામ અપાયું હતું. જે બેંગ્લોર ખાતે સ્થપાય હતી.
– બ્રિટિશ સરકાર દ્વારા તેમને CIE (companion of the order of the Indian Empire) પદવી આપવામાં આવી હતી.
– ૧૯૫૫માં ભારત સરકાર દ્વારા તેઓને ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન અપાયો હતો.

**(૨) દુરદર્શન સ્થાપના દિન :**

– ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૯ માં ભારત સરકાર દ્વારા સ્થપાયેલી જાહેર બ્રોડ કાસ્ટિંગ સંસ્થા દૂરદર્શનનો આજે ૫૯મો સ્થાપના દિવસ છે.
– દૂરદર્શનનું સ્લોગન – સત્યમ્ શિવમ સુંદરમ્
– દૂરદર્શનના પ્રથમ ન્યૂઝરીડર પ્રતિમા પૂરી હતા
– ભારતીય ટેલીવિઝનનો સૌથી લાંબો ચાલુ કાર્યક્રમ કૃષિ દર્શન છે જેની શરૂઆત ૨૬ જાન્યુઆરી ૧૯૬૭ ના રોજ થઇ હતી.
– દૂરદર્શન દ્વારા કુલ ૩૪ ચેનલ ચલાવવામાં આવે છે, જેમાં ગુજરાતી ભાષા માટે ડીડી ગિરનાર ચેનલ છે જેની શરૂઆત ૨003 માં થઇ હતી.
– ડીડી ગિરનાર સ્લોગન – આપણી સંસ્કૃતિ, આપણી ઓળખ

**(૩) સૈયદના સાહેબના પ્રવચનમાં હાજર રહેનાર પ્રથમ વડાપ્રધાન – મોદી**

– વડાપ્રધાન મોદી ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ઇન્દોરમાં દાઉદી વ્હોરા સમાજના વાએજ (પ્રવચન) માં ભાગ લેવા ગયા હતા.
– ઇન્દોરમાં માણેકબાગ ખાતેની સૈફી મસ્જિદમાં તેઓ હાજર રહ્યા હતા.
– વડાપ્રધાન મોદી સૈયદના સાહેબના પ્રવચનમાં હાજર રહેનાર પ્રથમ વડાપ્રધાન બન્યા.

**(૪) માનવ વિકાસ સૂચકઆંક :**

– તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી) દ્વારા માનવ વિકાસ સૂચકઆંક (હ્યુમન ડેવલમેન્ટ ઇન્ડેક્સ) જાહેર કરવામાં આવ્યો.
– આ ઇન્ડેક્સમાં વર્ષ ૨૦૧૭ માટે ભારત ૧૩૦ માં ક્રમે રહ્યો, જે ૨૦૧૬માં ૧૩૧ મો હતો.
– આ રેન્કિંગમાં કુલ ૧૮૯ દેશ સામેલ છે.

**ટોચના રેન્કિંવાળા દેશો :**

**રેન્ક દેશ HDI વેલ્યુ**

Vivekanand Academy Gandhinagar

| | | |
|---|---|---|
| ૧ | નોર્વે ૦.૯૫૩ | |
| ૨ | સ્વિટ્ઝરલેન્ડ | ૦.૯૪૪ |
| ૩ | ઓસ્ટ્રેલિયા | ૦.૯૩૯ |
| ૪ | આયરલેન્ડ | ૦.૯૩૮ |
| ૫ | જર્મની | ૦.૯૩૬ |

**(૫) પ્રોજેક્ટ લુન માટે ૬ વિશાળ બલૂન**

- ગુગલની પેરેન્ટ કંપની આલ્ફા બેટે વિશ્વના અંતરિયાળ વિસ્તારો સુધી ઇન્ટરનેટ કનેક્ટિવિટી પહોંચાડવા માટે પ્રોજેક્ટ લુન માટે ૬ વિશાળ બલૂન બનાવ્યા છે.
- જેને ટેસ્ટિંગના ભાગરૂપે લોન્ચ કરવામાં આવ્યા. તેની મદદથી ૧૦૦૦ કિમીના વિસ્તારમાં ડેટા ટ્રાન્સફર થઇ શકશે.
- જમીનથી ૨૦ કિમીની ઊંચાઇ પર સ્થિત આ બલૂન ૪જી સિગ્નલ મોકલવામાં સક્ષમ છે. આ સેલફોન ટાવરની જેમ કામગીરી કરી રહ્યું છે.
- કંપની ૨૦૧૯ થી તેનું કોમર્શિયલ લોન્ચિંગ કરશે.
- બલૂનમાં એક બાસ્કેટ છે. જેમાં ઇન્ટરનેટ ટ્રાન્સમીટર ઉપરાંત સોલર પ્લેટ અને બેટરી છે.
- જેમાંથી તે ઉર્જા મેળવે છે. તેમાં લગાવેલો ઇન્ટરનેટ રેડિય એન્ટિના સિગ્નલ લઇ તેને બીજા બલૂનમાં મોકલે છે.

**(૬) ફેમિલિ બિઝનેસની સંખ્યાની દ્રષ્ટિએ વિશ્વમાં ભારત ત્રીજા ક્રમે :**

- ફેમિલિ બિઝનેસની સંચાની દ્રષ્ટિ એ ભારત વિશ્વમાં ત્રીજું સ્થાન ધરાવે છે.
- ભારતમાં ૧૧૧ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટ લાઇઝેશન ૮૩૯ અબજ ડોલર પહોંચ્યું છે.
- જ્યારે ચીનમાં ૧૫૯ ફેમિલિ બિઝનેશ ધરાવતી કંપની અને અમેરીકામાં ૧૨૧ કંપનીઓનો સામેલ છે.
- ક્રેડિટ સુઇસે વિશ્વના ૧૦૦૦ ફેમિલિ બિઝનેસને સાંકડીને આ સર્વે કર્યો હતો.
- આ યાદીમાં પ્રથમ સ્થાને ચીન ક્યારે બીજા સ્થાને અમેરિકાનો સમાવેશ થાય છે.

પ્રશ્નો :

૧ એન્જિનિયર દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૧૫ સપ્ટેમ્બર
૨ ક્રિષ્ના રાજા સાગર બંધ કઈ નદી પર આવેલ છે ?
– કાવેરી
૩ દુરદર્શન સ્થાપનાને ૨૦૧૮માં કેટલા વર્ષ પૂર્ણખ થયા ?
– ૫૯
૪ દુરદર્શનનું સ્લોગન જણાવો ?
– સત્યમ્ શિવમ્ સુંદરમ્
૫ માનવ વિકાસ સુચકઆંકમાં પ્રથમ ક્રમે રહેલ દેશ જણાવો ?
– નોર્વે
૬ ફેમિલિ બિઝનેસની સંખ્યાની દ્રષ્ટિએ વિશ્વમાં ભારતનો ક્રમ જણાવો ?
– ત્રીજા ક્રમે

## 16.September 2018

**(૧) આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ :**

- સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભાએ ૧૯ ડિસેમ્બર ૧૯૯૪ના રોજ એક વિશેષ ઠરાવ પસાર કરીને દર વર્ષે ૧૬ સપ્ટેમ્બર ને આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ ઉજવવાનું નક્કી કર્યું.
- ખરેખર તો પૃથ્વીના કુદરતી સુરક્ષા કવચરૂપ ઓઝોનની સુરક્ષા માટે વિશ્વના રાષ્ટ્રોએ ૧૬ સપ્ટેમ્બર ૧૯૮૪ના રોજ મોન્ટીયલ કરાર પર સહી કરી હતી.
- તેથી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**સંયુક્ત રાષ્ટ્ર સંઘ મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૨૪ ઓક્ટોબર, ૧૯૪૫, સાન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયા, યુનાઇટેડ સ્ટેટ્સ
- મુખ્યમથક : ન્યૂ યોર્ક , યુનાઇટેડ સ્ટેટ્સ
- જનરલ સચિવ : એન્ટોનિયો ગુટરેશ

**(૨) ભારત પ્રવાસન માર્ટ :**

- ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ કેન્દ્રિય રેલવે પ્રધાન શ્રી પિયુષ ગોયલ ઔપચારિક રીતે નવી દિલ્હીમાં ભારત પ્રવાસનમાર્ટનું ઉદ્ઘાટન કરશે.
- પ્રવાસન મંત્રાલય ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૮ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૮ દરમ્યાન રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે મળી ભારત પ્રવાસન માર્ટનું આયોજન કરી રહ્યું છે.

**(૩) સ્વદેશી હોવિત્ઝર તોપ વ્રજનું સફળ પરિક્ષણ :**

- ભારતીય સેનાએ ૧૪ સપ્ટેમ્બર ના રોજ હવિત્ઝર ટોપ 'કે–૯ વર્જ – ટી' નું સફળ પરીક્ષણ કર્યું.
- આ પરીક્ષણ હોવિત્ઝર ટોપ 'કે–૯ વ્રજ–ટી' ની લાંબી મારક ક્ષમતા માટે કરવામાં આવ્યું હતું.
- હોવિત્ઝર ટોપ 'કે–૯ વ્રજ – ટી' ની રેન્જ ૪૦–૫૦ કિ.મી. સુધી છે.
- 'કે–૯ વજ– ટી' મેક ઈન ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ ઉત્પાદિત એક સ્વદેશી તોપ છે. આ તોપની મોટા ભાગની પાટ્ર્સ દેશમાં બનાવવામાં આવ્યા છે.
- આ પરીક્ષણ જેસેલમેરની પોખરણ ફાયરિંગ રેન્જથી કરવામાં આવ્યું હતું.

**(૪) PMJSY માં ઉત્તરાખંડ પ્રથમ સ્થાને :**

- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ઉત્તરાખંડ વર્ષ ૨૦૧૭–૧૮ માં પ્રથમ સ્થાને રહ્યું.
- યોજના અંતર્ગત દરેક રાજ્યોને ૧૫૦૦ કિ.મી. લક્ષ્યાંક આપવામાં આવે છે.
- ઉત્તરાખંડે આ લક્ષ્યાંક પાર કરી વર્ષ ૨૦૧૭–૧૮માં રાજ્યભરમાં ૧૮૩૯ કિમી સડકનું નિર્માણ કર્યું છે.

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના :**

- શરૂઆત ૨૫ ડિસેમ્બર ૨૦૦૦

**ઉત્તરાખંડની મુખ્યમાહિતી**

- રાજધાની : દેહરાદૂન
- મુખ્યમંત્રી : ત્રિવેન્દ્રમ રાવત
- ગવર્નર : કૃષ્ણકાંત પાલ

**(૫) એરપોર્ટ સર્વિસ ક્વોલિટી એવોર્ડ – ૨૦૧૭**

- ભારત એરપોર્ટ ઓથોરિટીના ૭ એરપોર્ટને સાત આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા છે.
- ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ કેનેડામાં એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલની કસ્ટમર એક્સેલન્સ ગ્લોબલ સમિટ દ્વારા એરપોર્ટ સર્વિસ ક્વોલિટી એવોર્ડ – ૨૦૧૭ આપવામાં આવ્યો.
- વિજેતા એરપોર્ટ – લખનૌ, ઇન્દોર, અમદાવાદ, ચેન્નાઇ, કોલકાતા અને પૂણે એરપોર્ટ છે.

**ભારત એરપોર્ટ ઓથોરિટી મુખ્યમાહિતી :**

- હેડક્વાર્ટર : નવી દિલ્હી
- સ્થાપના : ૧ એપ્રિલ ૧૯૯૫
- ભારતના એરપોર્ટ ઓથોરિટી કુલ ૧૩૭ એરપોર્ટ્સનું સંચાલન કરે છે.

પ્રશ્નો :

(૧) આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
- ૧૬ સપ્ટેમ્બર

૨ આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ કઇ સંસ્થા દ્વારા મનાવવામાં આવે છે ?
- સંયુક્ત રાષ્ટ્ર સંઘ

૩ સંયુક્ત રાષ્ટ્ર સંઘના જનરલ સચિવ જણાવો ?
- એન્ટોનિયો ગ્યુટેર્સ

૪ ભારત પ્રવાસન માટેનું આયોજન કયાં મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું ?
- પ્રવાસન મંત્રાલય

૫ હોવિત્ઝર ટોપ 'કે–૯ વ્રજ– ટી' નું પરીક્ષણ ક્યાથી કરવામાં આવ્યું હતું ?
- જેસલમેરની પોખરણ ફાયરિંગ રેન્જથી

૬ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮ માં કયું રાજ્ય પ્રથમ સ્થાને રહ્યું ?
- ઉત્તરાખંડ

૭ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત ક્યારથી થઇ હતી ?
- ૨૫ ડિસેમ્બર ૨૦૦૦

૮ ઉત્તરાખંડની રાજધાની જણાવો ?
- દહેરાદૂન

૯ એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલની કસ્ટમર એક્સેલન્સ ગ્લોબલ સમિટ દ્વારા ભારત એરપોર્ટ ઓથોરિટીના કેટલા એરપોર્ટને એરપોર્ટ સર્વિસ ક્વોલિટી એવોર્ડ આપવામાં આવ્યા ?
- ૭

## 17.September 2018

**(૧) મેન પોર્ટેબલ એન્ટિ– ટેન્ક મિસાઇલનું સફળ પરીક્ષણ :**

- ભારતીય સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ) એ ખભા પર રાખીને ચલાવી શકાય તેવી સ્વદેશી મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઇડેડ મિસાઇલનું સફ પરિક્ષણ કર્યું.
- આ પરીક્ષણ મહારાષ્ટ્રની અહમદનગર રેન્જ પરથી કરવામાં આવ્યું હતું.
- ડીઆરડીઓ દ્વારા ભારતીય સૈન્યને ૨૦૧૮ના અંત સુધીમાં પ્રથમ મેન પોર્ટેબલ એન્ટિ – ટેન્ક મિસાઇલ સોંપવામાં આવશે.
- મેન પોર્ટેબલ એન્ટિ – ટેન્ક મિસાઇલ ત્રીજી પેઢીની મિસાઇલ છે, જેનું નિર્માણ ડીઆરડીઓ અને વીઇએમ ટેકનોલોજિસ લિ. દ્વારા કરવામાં આવ્યું છે.
- **DRDO મુખ્યમાહિતી :**
- Defence research and Development organisation

મુખ્યાલય : નવી દિલ્હી

સ્થાપના : ૧૯૫૮

મોટો : બલસ્ય મૂલમ્ વિજ્ઞાનમ્ 'strength's Origin is in Science'

**(૨) ૩૫ વર્ષની મેરીકોમને વર્ષમાં બોક્સિંગમાં ત્રીજો ગોલ્ડ :**

- પૉલેન્ડ ખાતે યોજાયેલ ૧૩ મી સિલિસિયન ચેમ્પિયનશીપમાં મેરીકોમે ગોલ્ડ મેડલ જીત્યો.
- આ વર્ષમાં તેનો ત્રીજો ગોલ્ડ છે. આ પહેલા ઇન્ડિયા ઓપન અને કોમનવેલ્થ ગેમ્સમાં પણ તેણે ગોલ્ડ જીત્યા હતા.
- પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયન મેરીકોમે ફાઇનલમાં કઝાકિસ્તાનની એગેરિમ કાસાનાયેવાને હરાવી હતી.
- સિલિસિયન ચેમ્પિયનશીપમાં સિનિયર કેટેગરીમાં ભારતીય ખેલાડીઓએ ચાર બ્રોન્ઝ જીત્યા છે.

**પૉલેન્ડ મુખ્યમાહિતી :**

- રાજધાની : વૉર્સો
- પ્રધાનમંત્રી : મેત્યુઝ મોરાવૈંકી
- રાષ્ટ્રપતિ : એન્ડ્રેઝ દુડા

**(૩) કેન્યાના ઈલિયડ કિપચોગેએ મેરેથોનનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો :**

- કેન્યાના ઓલિમ્પિક ચેમ્પિયન ઇલિયડ કિપચોગેએ મેરેથોનનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો.
- ૩૩ વર્ષીય કિપચોગેએ ૧૭ કિમીની બર્લિન મેરેથોનમાં બે કલાક એક મિનિટ અને ૩૯ સેકન્ડનો સમય લઇ નવો રેકોર્ડ બનાવ્યો.
- આધુનિક સમયના સૌથી મહાન મેરેથોન દોડવીર કિપચોગેએ તેના જ દેશના ડેનિસ કિમેતોના રેકોર્ડમાં એક મિનિટ ૧૪ સેકન્ડનો સુધારો કર્યો છે.
- કિપચોગેએઁ તેનો રેકોર્ડ આ જ કોર્સ પર ૨૦૧૪ માં બનાવ્યો હતો.

**(૪) ઇબ્રાહિમોવિચ ૫૦૦ ગોલ કરનાર દુનિયાનો ૨૮ મો ખેલાડી :**

- સ્વીડનના ફૂટબોલ ખેલાડી જ્લાટન ઇબ્રાહિમોવિચ ક્લબ અને ટીમ તરફથી ૫૦૦ ગોલ કરનારા દુનિયાના ૨૮ માં ખેલાડી બની ગયા છે.
- અમેરિકન ફૂટબોલ લીગની એક મેચ દરમિયાન લોસ એન્જલસ ગેલેક્સી તરફથી રમતા ઇબ્રાહિમોવિચે ટોરંટો એફસી વિરૂદ્ધ ગોલ કરીને આ સિદ્ધી મેળવી.
- ૫૦૦ ગોલ કરનારા તે સ્વીડનના બીજા ખેલાડી બની ગયા છે. આ પહેલા ગુનાહ નોરડાલ્હા (૫૧૩) એ ૧૯૫૮માં આ સિદ્ધિ મેળવી હતી.
- એક્ટીવ ખેલાડીઓમાં ઇબ્રાહિમોવિચ સિવાય આર્જેન્ટિનાના લિયોનલ મેસ્સી (૬૪૮) અને પોર્ટુગલના ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (૬૭૬) જ આવું કરી શક્યા છે.
- પીએસજી તરફથી સૌથી વધુ ગોલ ૩૬ વર્ષના ઇબ્રાહિમોવિચ અત્યાર સુધીમાં ૧૦ ક્લબ તરફથી રમી ચૂક્યા છે.

**(૫) ડોનાલ્ડ ટ્રમ્પની સિક્યુરિટી ટીમમાં પ્રથમ શીખ :**

- લુધિયાણાના અંશદીપસિંહ શીખ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સિક્યુરિટી ટીમના સભ્ય બન્યા.
- અંશદીપસિંહનો જન્મ કાનપુરમાં થયો હતો.
- મહત્વપૂર્ણ નોકરી માટે સખત પ્રશિક્ષણ સમૂહના તમામ રાઉન્ડ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી તેમને સામેલ કરવામાં આવ્યા હતા.

**(૬) આઇસસેટ – ૨**

- અમેરિકી સ્પેસ એજન્સી નાસાએ ક્લાઉડ એન્ડ લેન્ડ એલિવેશન સેટેલાઇટ – ૨ (આઇસસેટ ૨ ) ને ડેલ્ટા – ૨ રોકેટથી લૉન્ચ કર્યું.
- તેનું વજન ૧૫૧૪ કિલોગ્રામ છે.
- આઇસસેટ–૨ નો એટલસ દર સેકન્ડે ૧૦ હજાર વખત લેસર છોડશે, જેમાં સેંકડો અબજો ફોટોન્સ હશે.
- આ ઉપગ્રહ છોડવાનો હેતુ ૫૦૦ કિ.મી.ની ઊંચાઇએથી ધરતી પરના બરફના પડ, ગ્લેશિયરો અને દરિયાળ બરફ પીગળવા પાછળનું કારણ જાણવાનો છે.
- આ સટેલાઇટમાં અત્યાધુનિક એડવાન્સ્ડ ટોપોગ્રાફિક લેસર અલ્ટી મીટર સિસ્ટમ લગાવવામાં આવી છે.
- વિશ્વમાં આ પહેલીવાર આ ઉપકરણોનો અવકાશમાં પ્રયોગ થશે. આ અભિયાનનો ખર્ચ ૭ હજાર કરોડ રૂપિયાથી વધુ છે.
- આ સેટેલાઇટ દર સેકન્ડે ૬૦ હજાર મેપ કેપ્ચર કરવા સક્ષમ છે. તેનાથી ગ્રીનલેન્ડ, એન્ટાર્કટિકામાં બરફની ઊંચાઇ તથા હિમાલયના ગ્લેશિયરોમાં થતા ફેરફારો વિશે જાણી શકાશે.
- આ અગાઉ આઇસસેટ – ૧ નું ૨૦૦૩ માં પ્રક્ષેપણ કરાયું હતું. તેણે ૨૦૦૯ સુધી ડેટા પૂરો પાડ્યો હતો.
- પૃથ્વી પર જામેલા તથા બરફીલા ક્ષેત્રો ને હિમમંડળ (ક્રાસોસ્ફિયર) કહે છે. આઇસસેટ– ૨ તેનો અભ્યાસ કરશે.

**નાસા મુખ્યમાહિતી :**

- The National Aeronautics and space Administration
- મુખ્યમથક : વૉશિંગ્ટન ડી.સી., યુનાઇટેડ સ્ટેટ્સ
- સ્થાપના : ૨૯ જુલાઇ, ૧૯૫૮

પ્રશ્નો :

(૧) મેન પોર્ટેબલ એન્ટિટેક મિસાઇલનું પરીક્ષણ કયાં સ્થળેથી કરવામાં આવ્યું ?
- મહારાષ્ટ્રની અહમદનગર રેન્જ

(૨) **DRDO**નું પુરૂનામ જણાવો ?
- Defence research and Development organisation

૩ ૧૩ મી સિલિસિયન ચેમ્પિયનશીપ કયાં યોજાઇ હતી ?
- પોલેન્ડ

૪ પોલેન્ડની રાજધાની જણાવો ?
- વોર્સો

૫ જલાટન ઇબ્રાહિમોવિચ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ફુટબોલ

૬ ડોનાલ્ડ ટ્રમ્પની સિક્યુરીટી ટીમમાં સ્થાન મેળવનાર પ્રથમ શીખનું નામ જણાવો ?
- અંશદીપસિંહ

૭ નું પુરૂનામ જણાવો ?

Vivekanand Academy Gandhinagar

- The National Aeronautics and space Administration

## 18.September 2018

**(૧) દેશના બધા જિલ્લામાં ESIC ડિસ્પેન્સરી શરૂ કરશે.**

- દેશના બધા જિલ્લામાં કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) ની ડિસ્પેન્સરી અને ઓફિસ ખોલાશે.
- હાલ ૨૯ જિલ્લામાં તે શરૂ કરાઇ રહી છે.
- ESIC ની 'ચિંતાથી મુક્તિ' નામની એપથી સંપૂર્ણ માહિતી મળી શકશે.

**(૨) BOB માં દેના બેન્ક, વિજયા બેન્કનું મર્જર**

- કેન્દ્ર સરકારે બેન્ક ઓફ બરોડામાં દેના બેન્કનું મર્જર કરવાનું નક્કી કર્યુ છે.
- મર્જર બાદ આ દેશની ત્રીજા નંબરની મોટી બેન્ક હશે.
- ટોચની બે બેન્કો માં સ્ટેટ બેન્ક અને એચડીએફસી બેન્કનો સમાવેશ થાય છે.
- મર્જર બાદ તમામ બેન્કના કર્મચારીઓ પણ જળવાઇ રહેશે.
- બેન્કોના મર્જરથી ગ્રાહકોને ખાસ કોઇ અસર નહીં થાય. બેન્કનું નામ બદલાશે, પાસબુક અને ચેકબુક બદલાશે. ખાતામાં રહેલા નાણાં પર કોઇ અસર નહીં થાય.

**મુખ્ય માહિતી :**

- બેંક ઓફ બરોડા – સ્થાપના – ૧૯૦૮, મુખ્યમથક – વડોદરા
- વિજયા બેંક – સ્થાપના – ૧૯૩૧– મુખ્યમથક – બેંગલુરુ
- દેનાબેંક – સ્થાપના – ૧૯૩૮ – મુખ્યમથક – મુંબઇ

**(3) સર્વોચ્ચ ખેલરત્ન એવોર્ડ માટે ભલામણ :**

- ભારતીય ક્રિકેટના સુકાની વિરાટ કોહલી અને વર્લ્ડ ચેમ્પિયન મહિલા વેઇટ લિફ્ટર મીરાબાઇ ચાનુનું નામ રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ માટે ભલામણ કરવામાં આવી છે.
- હવે રમત મંત્રાલયને તેના પર અંતિમ નિર્ણય લેવાનો છે.
- ૧૯૯૧ થી રાજીવ ગાંધી ખેલ રત્ન અવૉર્ડ આપવામાં આવે છે, અત્યાર સુધી ૩૪ ખેલાડીને અપાય છે.
- બંને ખેલાડી પોતાની રમતમાં આ પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવનાર ત્રીજા ખેલાડી બનશે.
- ક્રિકેટમાં સચિન તેંદુલકર (૧૯૯૭–૯૮) અને મહેન્દ્રસિંહ ધોની (૨૦૦૮) ને આ એવોર્ડ મળી ચુક્યો છે.
- વેઇટ લિફ્ટિંગમાં કર્ણમ મલ્લેશ્વરી (૧૯૯૪–૯૫) અને કુંજરાની દેવી (૧૯૯૬–૯૭) માં ખેલ રત્ન એગવોર્ડ મળી ચુક્યો છે.
- આમ ૧૧ વર્ષ બાદ કોઇ ક્રિકેટરને અને ૨૩ વર્ષ બાદ કોઇ વેઇટ લિફ્ટરને આ પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો છે.
- મોટા ભાગે કોમનવેલ્થ અને એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરનાર ખેલાડીઓને ખેલ રત્ન એવોર્ડ માટે પસંદ કરવામાં આવે છે.
- ગત વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર મીરાબાઇ ચાનુને કોમનવેલ્થમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

**મીરાબાઇ અને રિષભ પંતના કોચને દ્રોણાચાર્ય એવોર્ડ :**

- મીરાબાઈના કોચ વિજય શર્મા અને રિષભ પંતના કોચ તારક સિન્હાના નામો દ્રોણાચાર્ય એવોર્ડ માટે મોકલાયા છે.
- સીએ કટપ્પા, શ્રી નિવાસન રાવ, ક્લેરેન્સ લોબો જીવન શર્માના નામો પણ દ્રોણાચાર્ય એવોર્ડ જ્યારે ભરત છેત્રી, સત્યદેવ પ્રસાદ, દાદુ ચોગલે, બોબી એલોયસિયસના નામો ધ્યાનચંદ એવોર્ડ માટે મોકલાયા છે.

**(૪) જર્મનીમાં દુનિયાની પ્રથમ હાઇડ્રોજન પાવર ટ્રેન દોડી :**

- જર્મનીના લોઅર સેક્સોની શહેરમાં રવિવારથી દુનિયાની પહેલી હાઇડ્રોજન ફ્યુઅલ સેલ ટ્રેન શરૂ થઇ.
- તેની ગતિ ૧૪૦ કિ.મી. સુધી છે.
- શૂન્ય પ્રદૂષણ અને ઓછા અવાજવાળાં બે મોડલે કામ શરૂ કરી દીધું છે.
- યુરોપિયન રેલવે મેન્યુ ફેક્ચરર એલ્સ્ટમ મુજબ સેલથી હાઇડ્રોજન અને ઓક્સિજનને વીજળીમાં ફેરવી શકાશે.

**(૫) ૯૫ વર્ષમાં સાતમી વાર ટાઇમ મેંગેઝિનના માલિક બદલાશે**

- દુનિયામાં પ્રસિદ્ધ ટાઇમ મેગેઝિન – ૨૦૧૮ના વર્ષ માં બીજીવાર અને ૯૫ વર્ષમાં સાતમી વાર વેચાશે.
- આ ડીલ ૧૪૦૦ કરોડ રૂપિયામાં થઇ છે.
- સેલ્સફોર્સ ના સહ– સંસ્થાપક માર્ક બેનિઓફ અને તેમની પત્ની લાઇની બેનિઓફ તેને મેરડિથ મીડિયા ગ્રુપ પાસેથી ખરીદી રહ્યાં છે.
- મેરેડિથે કોશ બ્રધર્સ સાથે ટાઇમને ચાલુ વર્ષે જાન્યુઆરીમાં ૧૮ હજાર કરોડમાં ખરીદ્યું હતું.
- ટાઇમ મેગેઝિન અમેરિકાનું પ્રથમ સાપ્તાહિક છે.

પ્રશ્નો :

૧ 'ચિંતાથી મુક્તિ' એપ કોની છે ?

Vivekanand Academy Gandhinagar

– ESIC

૨ ક્રિકેટમાં કુલ કેટલા ભારતીય ખેલાડીને ખેલરત્ન એવોર્ડ મળ્યા છે ?

– ૨

૩ મહેન્દ્રસિંહ ધોનીને કયા વર્ષમાં ખેલરત્ન એવોર્ડ એનાયત થયો હતો ?

– ૨૦૦૭

૪ દુનિયાની પ્રથમ હાઇડ્રોજન ટ્રેન કયા દેશમાં શરૂ થઇ ?

– જર્મની

૫ અમેરિકાનું પ્રથમ સાપ્તાહિકનું નામ જણાવો ?

– ટાઇમ મેગેઝિન

## 19.September 2018

**(૧) ગાંધીજીની ૧૫૦ મી જયંતિ લોગો લોન્ચ :**

– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપિતા મહત્મા ગાંધીની ૧૫૦ મી જયંતિ નિમિત્તે એક લોગો અને વેબ પોર્ટલ (http://gandhi.gov.in/)જાહેર કર્યા છે.

– આ લોગોમાં ગાંધીજીનો ફોટો તથા ચરખો દર્શાવાયા છે.

– આ લોગો ટ્રેન, વિમાન અને સરકારી જાહેરાતો, સરકારી ઇમેલ વગેરે પર ઉપયોગમાં લેવાશે.

– મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મજયંતિના પ્રસંગે, આ તહેવાર, જે સમગ્ર દેશમાં અને વિશ્વભરમાં બે વર્ષ ચાલે છે, ૨ ઓક્ટોબર, ૨૦૧૮ થી શરૂ થશે. અને ૨ ઓક્ટોબર ૨૦૨૦ સુધી ચાલશે.

**મુખ્યમાહિતી :**

– મહાત્મા ગાંધી : જન્મ – ૨ ઓક્ટોબર ૧૮૬૯, મૃત્યુ : ૩૦ જાન્યુઆરી ૧૯૪૮

– ગાંધીજીને મહાત્મા તરીકે ૧૯૧૫માં રાજ્યવૈદ્ય જીવરામ કાલિદાસ દ્વારા સંબોધિત કરવામાં આવ્યા હતા, જ્યારે સુભાષ ચંદર્ બોઝે રાષ્ટ્રપિતા તરીકે સંબાધિત કર્યા હતા.

– ૨ ઓક્ટોબરના રોજ દર વર્ષે ગાંધી જયંતિને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

**(૨) ૯૧૦૦ કરોડ રૂ.ની સંરક્ષણ ખરીદી મંજૂર, આકાશ મિસાઇલ સિસ્ટમ ખરીદશે.**

– સરકારે સૈન્ય માટે ૯૧૦૦ કરોડ રૂપિયાના સંરક્ષણ સોદાને મંજૂરી આપી.

– સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં સંરક્ષણ ખરીદ પરિષદની બેઠકમાં સ્વદેશી આકાશ મિસાઇલ સિઇટમની બે રેજિમેન્ટની ખરીદી, ટી–૯૦ ટેન્કો માટે પાણીની નીચે શ્વાસ લેવામાં મદદ કરનારા ઉપકરણ અને ગાઇડેડ વેપન્સ સિસ્ટમ વિકસાવવાની મંજૂરી આપવામાં આવી.

– આકાશ મિસાઈલ સિસ્ટમ (દેશમાંથી જ ખરીદો) (બાય ઇન્ડિયન) શ્રેણીમાં ભારત ડાયનેમિક્સ લિમિટેડ પાસેથી ખરીદાશે.

– તે વર્તમાન આકાશ મિસાઇલોની અપગ્રેડેડ આવૃત્તિ હશે.

**(૨) સાંસદ બન્યા બાદ મોદીનો કાશીમાં ૧૪ મો પ્રવાસ :**

– ૬૮મો જન્મદિન ઉજવી રહેલા પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના સંસદીય ક્ષેત્ર વારણસીને પ્રવાસના બીજા દિવસે મોટી ભેટ આપી.

– મોદીએ બનારસ હિન્દુ યુનિવર્સિટીના એમ્ફીથિયેટર મેદાનમાં ૫૫૭.૪૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો.

– તેમણે બનારસ હિન્દુ યુનિવર્સિટીસ્પોર્ટર્સ મેદાનમાં અટલ ઇન્ક્યુબેશન સેન્ટર લોકાર્પણ કર્યું.

– તેમણે ઓપ્થોમોલોજી સંસ્થાન અને વેદ વિજ્ઞાન કેન્દ્રનો શિલાન્યાસ પણ કર્યો.

**(૩) મેજાવા – ચંદ્ર પર જનારા પ્રથમ પ્રવાસી :**

– યોસાકુ મેજાવા જાપાનના ઓનલાઇન શોપિંગ મોલ જોજોટાઉનના ફાઉન્ડર જાપાનના અબજપતિ યોસાકુ મેજાવા ચંદ્ર પર જનારા પ્રથમ ટુરિસ્ટ બનશે.

– તે માટે તેમણે રોકેટ બનાવતી કંપની સ્પેસએક્સના સીઇઓ ઇલોન મસ્ક સાથે કરાર કર્યો.

– છેલ્લાં ૪૬ વર્ષમાં મેજાવા એવી પ્રથમ વ્યક્તિ હશે કે જેઓ ચંદ્ર પર જવાની અને પાછા ફરવાની તૈયારી કરી રહ્યા છે.

– ૧૯૭૨નું એપોલો એવું છેલ્લ મિશન હતું કે જ્યારે માણસ ચંદ્ર પર પહોંચ્યો હતો.

– મેજાવા જાપાનના સૌથી મોટા ઓનલાઇન શોપિંગ મોલ જોજોટાઉનના ફાઉન્ડર છે અને દુનિયાભરની કલાકૃતિઓનો સંગ્રહ કરવાના પણ શોખીન છે.

– મેજાવા ૨૦૨૩ માં મસ્કની કંપની સ્પેસએક્સના બિગ ફાલ્કન રોકેટથી ઉડાન ભરે તેવી શક્યતા છે.

– યોસાકુ મેજાવા ૬ થી ૮ કલાકારોને પણ સાથે મૂન મિશન પર આવવાનું આમંત્રણ આપશે.

– ચંદ્રની ભ્રમણકક્ષા પૃથ્વીથી ૨,૩૮,૮૫૫ માઇલ (૩,૮૪,૪૦૦ કિ.મી.) દૂર છે. મેજાવાને ચંદ્ર સુધી પહોંચતા ૩ દિવસ લાગશે.

**(૪) ભારત – બાંગ્લાદેશ પેટ્રોલિયમ પાઇપલાઇન બાંધકામ પ્રોજેક્ટ :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીનાએ સંયુક્તપણે ૧૮ સપ્ટેમ્બરના રોજ વિડિઓ કોન્ફરન્સિંગ દ્વારા ભારત – બાંગ્લાદેશ

Vivekanand Academy Gandhinagar

મૈત્રી પાઇપલાઇન પ્રોજેક્ટના નિર્માણ કાર્યનો શુભારંભ કરાવ્યો.
- ૧૩૦ કિ.મી. લાંબી આ પાઇપલાઇન ભારતના પશ્ચિમ બંગાળના સિલિગુડી અને બાંગ્લાદેશના દિનાજપુર જિલ્લાના પાર્બતીપુરને જોડશે.
- આ પ્રોજેક્ટને અંદાજિત કિંમત રૂા. ૩,૪૬ કરોડ હશે અને તે પૂર્ણ કરવાનો લક્ષ્યાંક ત્રીસ મહિનાનો છે.

**બાંગ્લાદેશ મુખ્યમાહિતી :**
- રાજધાની – ઢાકા
- વડાપ્રધાન – શેખ હસીના

પ્રશ્નો :

૧ ગાંધીજીની ૧૫૦ મી જયંતીનો લોગો જણાવો ?
- ગાંધીનો ફોટો તથા ચરખો

૨ ગાંધીજીને 'મહાત્મા' તરીકે સૌપ્રથમ કોણે સંબોધ્યા હતા ?
- રાજ્યવૈધ જીવરામ કાલિદાસ

૩ આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨ ઓક્ટોબર

૪ બનારસ હિન્દુ યુનિવર્સિટી સ્પોર્ટ્સ મેદાનમા અલટ ઇન્ક્યુલેશન સેન્ટરનું લોકાર્પણ ક્યારે થયું ?
- નરેન્દ્ર મોદી

૬ કેન્દ્રિય સંરક્ષણમંત્રી જણાવો ?
- નિર્મલા સીતારામન

## 20.September 2018

**(૧) એમેઝોને ૪૨૦૦ કરોડમાં મોર ચેન ખરીદી :**
- પ્રાઇવેટ ઇક્વિટી ફંડ સમારા કેપિટલ અને ઇ-કોમર્સ કંપની એમેઝોનને આદિત્ય બિરલા જૂથની રિટેલ ચેન મોર ખરીદી લીધી છે.
- આ સોદાનું મૂલ્ય ૪૨૦૦ કરોડ આંકવામાં આવ્યું છે. રિલાયન્સ રિટેલ, બિગ બજાર અને ડીમાર્ટ બાદ મોર દેશની ચોથા નંબરની સુપર માર્કેટ ચેન છે.
- દેશભરમાં મોર બ્રાન્ડના ૫૦૯ સુપર માર્કેટ અને ૨૦ હાઇપર માર્કેટ છે. તેની માલિકી આદિત્ય બિરલા રિટેલ પાસે છે.
- આ સોદા માટે કોમ્પિટિશન કમિશનની મંજૂરી લેવી પડશે.
- સમારા કેપિટલે મોર ખરીદવા જૂન મહિનામાં આદિત્ય બિરલા રિટેલ સાથે સમજૂતી કરી હતી.
- મોરમાં સમારા કેપિટલનો ૫૧% જ્યારે એમેઝોનનો ૪૯% હિસ્સો રહેશે.
- અમારા અને એમેઝોનની યોજના દર વર્ષે ૧૦૦-૧૫૦ સ્ટોર ખોલવાની છે. ચાલુ વર્ષે ૯૦ સ્ટોર ખોલવાની યોજના તૈયાર કરાઇ છે.

**(૨) ત્રણ તલાક પર મોદી સરકારનો વટહુકમ :**
- મુસ્લિમોમાં એકસાથે ત્રણ તલાકને દંડનીય ગુનો બનાવવા માટે મોદી સરકાર વટહુકમ લાવી છે.
- કેન્દ્રિય કેબિનેટ આ વટહુકમને મંજૂરી આપી દીધી.
- રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ આ કાયદો લાગુ થઇ ગયો છે.
- તેના હેઠળ તલાક -એ બિદ્દત એટલે કે એકસાથે ત્રણ તલાક અમાન્ય અને ગેરકાયદે થઇ જશે.
- આમ કરનારા પતિને ત્રણ વર્ષની જેલ કે દંડ પણ થઇ શકે છે. આ કાયદો તલાકના જૂના કેસ પર લાગુ નહીં પડે.
- મૌખિક, લેખિક તે ઇલેક્ટ્રોનિક માધ્યમથી પણ તલાક ગેરકાયદે ગણાશે.
- પીડિતા અને સગીર બાળકોના ભરણપોષણ માટે ભથ્થું પણ માગી શકે છે. તેને સગીર બાળકોની કસ્ટડી માગવાનો પણ અધિકાર છે.
- ત્રણ તલાક ૨૨ મુસ્લિમો ગેરકાયદે છે.

**(૩) ધારાસભ્યોના પગાર ભથ્થામાં વધારો :**
- વિધાનસભામાં પ્રાયોરિટી પર વિધેયક પસાર કરી ધારાસભ્યોએ પગાર ભથ્થામાં ૪૫ હજાર જેટલો વધારો કરવાનો સર્વાનુમત્તે નિર્ણય લીધો છે.
- ધારાસભ્યોના પગાર વર્ષ ૨૦૦૫ બાદ વધ્યા નથી અને અન્ય રાજ્યોમાં ઘણા વધારે ભથ્થાં મળે છે.
- હાલ ધારાસભ્યોને એકત્રિત ભથ્થાં, ટેલિફોન ભથ્થાં, અંગત મદદનીશ ભથ્થું, ટપાલ અને લેખન સામગ્રી તથા મૂળ પગાર ૫૬,૧૦૦ સહિલ કુલ ૭૦,૨૨૭ રૂા. મળે છે. જેના બદલે ૧,૧૬,૩૧૬ મળશે.
- મંત્રીમંડળના સભ્યો, વિધાનસભાના અધ્યક્ષ - ઉપાધ્યક્ષ અને વિપક્ષના નેતા સહિતના પદાધિકારીઓને ધારાસભ્યોના પગાર ભથ્થા સામે ૨૫ ટકા વધારે એટલે કે ૧,૩૨,૩૯૫ રૂા. મળશે.
- ધારાસભ્યોને હાલ દૈનિક ભથ્થું ૨૦૦ મળે છે તે વધારીને ૧૦૦૦ કરવામાં આવ્યું છે.
- ટપાલ ખર્ચના ૧૦૦૦ થી વધારી ૧૦ હજાર કરાયા છે.
- પદાધિકારીઓને ડિસેમ્બર ૨૦૧૭ થી અને ધારાસભ્યોને ફેબ્રુઆરી ૨૦૧૮ની અસરથી પગાર ભથ્થા ચૂકવાશે.
- પગાર -ભથ્થાને કારણે સરકાર પર વાર્ષિક ૧૦ કરોડ અને એરીયર્સનું ૬ કરોડનું ભારણ પડશે.

**(૪) મહિલાઓને મતાધિકાર મળ્યાને ૧૨૫ વર્ષ પૂરાં**
- ૧૨૫ વર્ષ પૂર્વે વિશ્વમાં કોઇ દેશે પહેલીવાર મહિલાઓને મતાધિકાર આપ્યો હતો તે દેશ છે ન્યુઝીલેન્ડ.
- ૧૮૯૩માં ન્યુઝીલેન્ડે જ દુનિયામાં સૌથી પહેલા મહિલાઓને મતદાનનો અધિકાર આપ્યો હતો.

Vivekanand Academy Gandhinagar

- ૧૯ સપ્ટેમ્બર ૧૮૯૩માં આ નિર્ણય થયો હતો કે ચૂંટણીમાં મહિલાઓ પણ મતદાન કરશે.
- ન્યુઝીલેન્ડ બાદ ૧૯૦૨ માં ઓસ્ટ્રેલિયાએ મહિલાઓને મતદાનનો અધિકાર આપ્યો હતો.
- ભારતના બંધારણમાં શરૂઆતથી જ મહિલાઓને મદતાનનો અધિકાર મળ્યો છે.
- મહિલાઓને મતાધિકાર આપનાર તાજેતરનો દેશ સાઉદી અરબ છે. તેણે ૨૦૧૧માં દેશની મહિલાઓને મતદાનનો અધિકાર આપ્યો હતો.

**ન્યુઝિલેન્ડ મુખ્યમાહિતી :**

- **કેપિટલ : વેલિંગ્ટન**
- **વડાપ્રધાન : જાકીંડા આર્ડન**

**(૫) ડૉ. રઘુપતિ સિંઘાનિયાને મેક્સિકોનો સર્વોચ્ચ પુરસ્કાર :**

- જે કે ટાયર એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. રઘુપતિ સિંઘાનિયાને મેક્સીકન ઓર્ડર ઓફ ધ એઝટેક ઇગલ એનાયત કરવામાં આવ્યો છે.
- જે મેક્સીન સરકાર દ્વારા બિન–નાગરિકોને આપવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- મેક્સિકોના ૧૨૮ માં રાષ્ટ્રીય દિવસની પૂર્વસંધ્યાએ મેક્સિકોના રાષ્ટ્રપતિએ આ પુરસ્કાર ડૉ. સિંઘાનિયાને આપ્યો.

**(૬) કમલેશ નિલકાંત વ્યાસ પરમાણુ ઊર્જા આયોગના અધ્યક્ષ :**

- જાણીતા વૈજ્ઞાનિક કમલેશ નિલકાંત વ્યાસને પરમાણુ ઉર્જા વિભાગના અધ્યક્ષ અને પરમાણુ ઉર્જા આયોગના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા છે.
- કમલેશ નિલકાંત વ્યાસ હાલમાં ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર છે.
- પરમાણુ ઉર્જા આયોગ – સ્થાપના – ૩ ઓગસ્ટ ૧૯૪૮ મુખ્યાલય મુંબઇ

પ્રશ્નો :

૧ ત્રણ તલાક કેટલા દશોમાં ગેરકાયદે છે ?
– ૨૨
૨ ધારાસભ્યોના પગાર ભથ્થામાં કેટલો વધારો કરવામાં આવ્યો છે ?
– ૪૫ હજાર
૩ ધારાસભ્યને દૈનિક ભથ્થુ ૨૦૦માંથી વધારીને કેટલું કરવામાં આવ્યું છે ?
– ૧૦૦૦
૫ સૌપ્રથમ મહિલા મતાધિકાર કયા દેશો આપ્યો હતો ?
– ન્યુઝીલેન્ડ
૬ તાજેતરમાં કયા દેશે મહિલાને મતાધિકાર આપ્યો હતો ?
– સાઉદી અરબ
૭ ડૉ. રઘુપતિ સિંઘાનિયાને મેક્સિકોનો કયો પુરસ્કાર એનાયત થયો ?
– મેક્સીકન ઓર્ડર ઓફ ધ એઝટેક ઇગલ
૮ પરમાણુ ઊર્જા આયોગના અધ્યક્ષ જણાવો ?
– કમલેશ નિલકાંત વ્યાસ

## 21.September 2018

**(૧) દેશના યૌન ગુનેગારોનો ડેટાબેઝ :**

- દેશમાં યૌન અપરાધ અને મહિલા ઉત્પીડનની સમસ્યા રોકવા કેન્દ્ર સરકારે મહત્વનું પગલું ભર્યું.
- સરકારે યૌન ગુનેગારોનો અલગ ડેટાબેઝ તૈયાર કર્યો છે. આમ કરનાર ભારત વિશ્વનો ૯ મો દેશ બન્યો છે.
- ગૃહમંત્રી રાજનાથસિંહ ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ તેનું ઉદ્‌ઘાટન કર્યું.
- આ ડેટાબેઝમાં આવા તમામ ગુનેગારોના ફોટા, સરનામું, ડીએનએ, આધારકાર્ડ, ફિંગરપ્રિન્ટ, પાનકાર્ડ જેવી માહિતી ઉપલબ્ધ હશે.
- આ માટે દેશભરની જેલમાંથી માહિતી મેળવાશે.
- આ ડેટાબેઝમાં ગુનેગારોને ત્રણ શ્રેણીમાં વહેંચાયા છે. પ્રથમવાર ગુનો કરનાર ગુનેગારની માહિતી ૧૫ વર્ષ સુધી રહેશે. બીજી શ્રેણીના ગુનેગારોનો ડેટા ૨૫ વર્ષ સુધી અને વારંવાર ગુનો કરનારાનો ડેટા આજીવન રહેશે.
- અગાઉ અમેરિકા, યુકે, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દ.આફ્રિકા, ન્યૂઝિલેન્ડ, ટ્રિનિદાદમાં આવો ડેટા ઊભો કરાયો છે.

**(૨) ભારત – પાક. વિદેશમંત્રી ન્યુયોર્કમાં મુલાકાત કરશે :**

- પાક. પીએમ ઈમરાન ખાને વડાપ્રધાન મોદીને શાંતિમંત્રણા માટે કરેલી અપીલને ભારતે મહદઅંશે સ્વીકારી બંને દેશોના વિદેશમંત્રીઓ વચ્ચે મુલાકાતની તૈયારી દર્શાવી.
- આ બેઠક ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધિવેશન દરમિયાન થશે.
- યુએન મહાસભા વખતે ભારત પાક. વિદેશમંત્રી સાથેની બેઠકમાં બીએસએફ જવાનની બર્બર હત્યા અને શીખ શ્રદ્ધાળુઓ માટે કરતારપુર સાહિબ કોરિડોર ખોલવા સહિતના વિવિધ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે.
- પઠાણકોટ હુમલા પછી આશરે પોણા ત્રણ વર્ષ બાદ બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરની આ પ્રથમ મુલાકાત હશે.

**સંયુક્ત રાષ્ટ્ર મુખ્યમાહિતી :**
- સચિવ જનરલ : એન્ટોનિયો ગ્યુટેર
- મુખ્ય મથક : ન્યુયોર્ક, યુનાઇટેડ સ્ટેટ્સ
- સ્થાપના : ૨૪ ઓક્ટોબર – ૧૯૪૫

**(૩) ૧૦ સરકારી બેનકોના એમડી અને સીઈઓ નિમણૂક**
- સરકારે દસ સરકારી બેન્કોમાં એમડી તથા ઇસીઓની નિમણૂકના આદેશ જારી કર્યા છે.
- એસબીઆઇના ૫ ડેપ્યુટી એમડીને બીજી બેન્કોના પ્રમુખ બનાવવામાં આવ્યા છે.
- મૃત્યું જય મહાપાત્રા સિન્ડિકેટ બેન્ક અને પદ્મજા ચંદૂને ઇન્ડિયન બેન્કના એમડી તથા સીઇઓ બનાવ્યા છે.
- સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાના એમડી તરીકે પલ્લવ મોહપાત્રા આંધ્રા બેન્કના એમડી તરીકે જે પ્રકિરિસ્વામી અને દેના બેન્કના એમડી તથા સીઇઓ પદે કર્ણમ શેખરની નિમણૂક થઇ છે.
- સિન્ડિકેટ બેન્કના ઇડી એસએસ મલ્લિકાર્જુન રાવને અલાહાબાદ બેનકના એમડી બનાવ્યા છે.
- ઈન્ડિયન બેન્કના ઇડી એએસ રાજીવ બેન્ક ઓફ મહારાષ્ટ્રના એમડી તથા સીઇઓ પદે નિમણૂક થઇ છે.

**(૪) અનુષ્કાને સ્મિતા પાટિલ એવોર્ડ અનાયત :**
- મુંબઇ ખાતે ૩૪માં પ્રિયદર્શિની એકેડમી ગ્લોબલ એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ૩૪માં પ્રિયદર્શિની એકેડમી ગ્લોબલ એવોર્ડ્સ સમારોહમાં કેન્દ્રિય પરિવહન મંત્રી નિતિન ગડકરીએ અનુષ્કા શર્માને પ્રતિષ્ઠિત સ્મિતા પાટિલ એવોર્ડથી સન્માનિત કરી હતી.

**(૫) 'પ્રહર' મિસાઈલનું સફળ પરીક્ષણ :**
- દેશમાં જ વિકસિત સપાટીથી સપાટી પર ટૂંકા અંતરની મિસાઇલ 'પ્રહર' નું ઓડિશાની બાલાસોર પરીક્ષણ રેન્જથી સફળ પરીક્ષણ થયું.
- 'પ્રહર' મિસાઇલ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ) દ્વારા વિકસાવવામાં આવી છે.
- આ મિસાઇલ ૧૫૦ કિ.મી. સુધીની મારક ક્ષમતા ધરાવે છે.

**ઓડિશા મુખ્યમાહિતી :**
- રાજધાની : ભૂવનેશ્વર
- મુખ્યમંત્રી : નવિન પટનાયક
- રાજ્યપાલ : પ્રો. ગણેશ લાલ

**(૬) અવિએન્દ્ર ૧૮ :**
- ભારત અને રશિયા વચ્ચે એવિએન્દ્ર ૧૮ સંયુક્ત હવાઇ કવાયત લિપેટસ્કમાં યોજાઇ.
- એવિએન્દ્રએ ભારત અને રશિયા વચ્ચેની હવાઇ દળની કવાયત છે.
- પ્રથમ વખત આ કવાયત ૨૦૧૪માં યોજાય હતી.
- બંને દેશોમાં વાર્ષિક ધોરણે (વાર્ષિક બે વાર) યોજાય છે.

**રશિયા મુખ્યમાહિતી :**
- રાજધાની : મોસ્કો
- રાષ્ટ્રપતિ : વ્લાદિમીર પુતિન

**(૭) ગાયને 'રાષ્ટ્રમાતા' ઘોષણા કરનાર દેશનું પ્રથમ રાજ્ય ઉત્તરાખંડ**
- ઉત્તરાખંડ ગાયને 'રાષ્ટ્રમાતા' ઘોષણા કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ અંગેનું બિલ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું.
- રાજ્ય સરકાર દ્વારા ગયા અને તેના સંતાનને બચાવવા અને રક્ષણ કરવા માટે પણ પ્રયત્નો કરવામાં આવશે

**ઉત્તરાખંડ મુખ્યમાહિતી :**
- રાજધાની : દેહરાદૂન
- મુખ્યમંત્રી : ત્રિવેન્દ્ર રાવત
- ગવર્નર : બેની રાની મૌર્ય

**પ્રશ્નો :**

૧ યૌન ગુનેગારોનો ડેટાબેઝ તૈયાર કરનાર ભારત કેટલામો દેશ બન્યો ?
- ૯ મો

૨ કેન્દ્રિય ગૃહમંત્રી જણાવો ?
- રાજનાથસિંહ

૩ ભારત પાક. વિદેશમંત્રી કયા મુલાકાત કરશે ?
- ન્યુયોર્ક

૪ ૩૪માં પ્રિયદર્શીની એકેડમી ગ્લોબલ એવોર્ડ્સનું આયોજન કયાં થયું હતું ?
- મુંબઈ

૫ તાજેતરમાં કઇ અભિનેત્રીને સ્મિતા પાટીલ એવોર્ડ એનાયત થયો ?
- અનુષ્કા શર્મા

૬ 'પ્રહાર' મિસાઈલનું પરીક્ષણ કયાં થી કરવામાં આવ્યું હતું ?
- ઓડીશાની બાલાસોરથી

૭ ઓડિશાની રાજધાની જણાવો ?
- ભુવનેશ્વર

૮ કયા રાજ્યે ગાયને 'રાષ્ટ્રમાતા' ઘોષિત કરી ?
- ઉત્તરાખંડ

## 22.September 2018

**(૧) સૌથી ઝડપી સાઇકલ ચલાવવાનો રેકોર્ડ કર્યો :**

Vivekanand Academy Gandhinagar

- અમેરિકાની મહિલા સાઇક્લિસ્ટ ડેનિસ મ્યુલર કોરેનેકે સૌથી ઝડપી સાઇકલ ચલાવવાનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો.
- ૪૫ વર્ષની ડેનિસે વર્લ્ડ ઓફ સ્પીડ ઇવેન્ટમાં ૨૯૬ કિમી / કલાકની સ્પીડથી સાઇકલ ચલાવી હતી.
- ડેનિસે નેધરલેન્ડના રાઇડર ફ્રેડ રોમપેલબર્ગનો ૨૩ વર્ષ જુનો રેકોર્ડ તોડ્યો, ફ્રેડે ૧૯૯૫ માં ૨૯૬ કિમી / કલાકની સરેરાશ સ્પીડથી સાઇક્લિંગ કરી હતી.
- ડેનિસનો લક્ષ્યાંક ૨૮૨ કિમી / કલાકની સ્પીડથી સાઇકલ ચલાવવાનો હતો. પણ તેણે તે સ્પીડને પણ આગળ નીકળ ગઈ હતી.
- ડેનિસે રેકોર્ડ બનાવવા માટે અમેરિકાની પ્રોફેશનલ રેસકાર ડ્રાઇવર શિયા હોલબ્રુકની મદદ લીધી હતી.
- સ્પીડ માટે તેણે સાઇકલ ડ્રેગસ્ટરની મદદથી શિયાની કાર સાથે બાંધી લીધી હતી.

**(૨) ભારત ઇરાનથી આયાત થતાં ક્રૂડતેલની ચૂકવણી રૂપિયામાં કરશે.**

- ૪ નવેમ્બરથી અમેરિકા દ્વારા પ્રતિબંધ લાગુ થયા બાદ ભારત ઇરાનને આયાત ક્રૂડની ચૂકવણી રૂપિયામાં કરશે.
- ઇરાન રૂપિયામાં પેમેન્ટ લેવા તૈયાર છે. તેમજ ભારતમાંથી થતી નિકાસની ચૂકવણી ઇરાન તે જ રૂપિયામાં કરશે.
- ઇરાક અને સઉદી અરબ બાદ ભારત ઇરાનમાંથી સૌથી વધુ ક્રૂડ ખરીદે છે.
- અગાઉ પ્રતિબંધ સમયે ૫૦ ટકા પેમેન્ટ રૂપિયામાં થતું હતું, આ વખતે ૧૦૦ ટકા થશે.
- હાલ, ભારત ઇરાનને યુરોપિયન બેન્કો મારતફ ચૂકવણી કરે છે. પરંતુ નવેમ્બરથી આ રૂટ બંધ થઇ જશે.

**(૩) વર્લ્ડનું સૌથી મોટુ હવા અને પાણીમાં તરતુ વિમાન :**

- ચીનની સ્થાનિક એરક્રાફ્ટ કંપનીએ AG600 વિમાન લોન્ચ કર્યું હતું
- જે હવાની સાથે પાણીમાં પણ તરી શકશે ૪ મોટા ટર્બોપ્રાય એન્જિન દ્વારા ડિઝાઇન એરક્રાફ્ટ કુદરતી આફત દરમિયાન ૫૦ લોકોને એકસાથે બચાવી શકશે.
- તેમજ ફાયર ફાઇટિંગ માટે ૧૨ ટન પાણી ૨૦ સેકન્ડમાં એકત્ર કરે છે. ૨ મીટરના મોજામાં તે ટેકઓફ અને લેન્ડિંગ પણ કરી શકે છે.

**(૪) સચિન તેંડુલકરે ડી. લિટની પદવી લેવાની ના પાડી દીધી**

- સચિન તેંડુલકર કોલકાતાની જાધવપુર યુનિવર્સિટીમાંથી ડી. લિટની પદવી લેવાની ના પાડી છે.
- તેંડુલકરે નૈતિક કારણોસર તેઓ આ પદવી લઇ શકે તેમ નથી.
- અગાઉ તેઓ ઓક્સફર્ડ અને રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સને પણ ના પાડી ચૂક્યા છે.

**(૫) ગૃહમંત્રી રાજનાથસિંહે મહિલા સંરક્ષણ માટે બે પોર્ટલ શરૂ કર્યા :**

- ગૃહમંત્રી રાજનાથસિંહે મહિલા સંરક્ષણ માટે બે પોર્ટલ શરૂ કર્યા
- નવી દિલ્હીમાં ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ મહિલા સુરક્ષાને મજબૂત કરવા માટે કેન્દ્રના ગૃહમંત્રી રાજનાથ સિંહે બે જુદા જુદા પોર્ટલ બનાવ્યા હતા
- પ્રથમ પોર્ટલ 'cybercrime.gov.in'ના બાળકોને અશ્લીલ સ્પષ્ટ સામગ્રી જેમ કે બાળક પોર્નોગ્રાફી, બાળ લૈંગિક દુરૂપયોગની છબી, ગેરવર્તન અને ગેંગ બળાત્કારથી સંબંધિત વાંધાજનક ઑનલાઇન સામગ્રી પર ફરિયાદો પ્રાપ્ત થશે.
- બીજો પોર્ટલ અસરકારક રીતે રાષ્ટ્રીય ગુનાખોર (એનડીએસપો) પર રાષ્ટ્રીય ડેટાબેઝને સહાય કરશે, જે ફક્ત કાયદા અમલીકરણ એજન્સીઓને જ સંભવિત છે, જે જાતીય ગુનાઓ શોધવા અને કેસની તપાસ કરવામ માટે છે.

પ્રશ્નો:

૧ સૌથી ઝડપી સાઇકલ ચલાવવાનો રેકોર્ડ કોણે નોંધાવ્યો ?
- ડેનિસ મ્યુલર કોરનેક

૨ વર્લ્ડનું સૌથી મોટું હવા અને પાણીમાં તરતું વિમાન જણાવો ?
- AG600

૩ ગૃહમંત્રી રાજનાથસિંહે મહિલા સંરક્ષણ માટે કેટલા પોર્ટલ શરૂ કર્યા ?
- બે

## 23.September 2018

**(૧) આયુષ્માન ભારત**

- વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના આયુષ્યમાન ભારત વડાપ્રધાન જન આરોગ્ય યોજના અમલી થઇ ગઇ.
- હવે તેના દાયરામાં આવનારા લોકો રેશન કાર્ડ અથવા આધાર કાર્ડ બતાવીને સારવાર કરાવી શકશે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી (પ્રભાત તારા મેદાન) રાંચી (ઝારખંડ)થી આ યોજના ઓપચારિક રીતે લોન્ચ કરી. તેનાથી દેશમાં ૧૦.૭૪ કરોડ પરિવારોને લાભ થશે.

- તેમાં સરકારી અને ખાનગી બંને હોસ્પિટલમાં મફત સારવાર થશે. તેના માટે રાજ્યોએ ખાનગી હોસ્પિટલો સાથે કરાર થઇ ગયો છે.
- લાભાર્થી ૧૩૫૦ પ્રકારની તપાસ, પ્રોસિજર સર્જરી મફત કરાવી શકશે.
- વીમા પહેલાની બીમારી પણ કવર થશે. હોસ્પિટલ, સરકાર અને વીમા કંપની વચ્ચે કડીનું કામ આયુષ્માન મિત્ર કરશે.

**(૨) પૂણેમાં દુનિયાનો બીજો સૌથી મોટો ડોમ બન્યો :**

- મહારાષ્ટ્ર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (એમઆઇટી) દ્વારા દેશની પ્રથમ વિશ્વ શાંતિ યુનિવર્સિટીમાં દુનિયાનો સૌથી મોટો ગુંબજ (ડોમ) બનાવ્યો છે.
- આ ગુંબજ ૬૨,૫૦૦ ચો. ફૂટમાં બનેલ છે. તેને બનાવવામાં લગભગ ૧૩ વર્ષનો સમય લાગ્યો છે.
- એમઆઇટીની વિશ્વ શાંતિ લાઇબ્રેરીમાં ૫૪ સ્ટેચ્યૂ પણ લગાવાયાં છે.
- દુનિયામાં સૌથી મોટો ગુંબજ સેન્ટ પીટર્સ બેસિલિકા વેટિકન સિટીમાં બનેલો છે.
- તેની ઊંચાઇ ૪૪૮ ફૂટ છે અને પહોળાઇ ૪૯૦ ફૂટ છે. આ ડોમનો ગોળાકાર ૧૩૮ ફૂટ છે.

**(૩) અનિલકુમાર ચૌધરી સેલના નવા ચેરમેન**

- કેબિનેટની નિમણૂંક સમિતિએ અનિલકુમાર ચૌધરીને સ્ટીલ ઓથોરિટી ઑફ ઇન્ડિયાના નવા અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા.
- તેઓ પ્રકાશકુમાર સિંહાનું સ્થાન લેશે.
- તેઓ સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (સેલ) ના નાણાંકીય ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા.
- સેલ ભારતની સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક કંપની છે. તે ભારતમાં સૌથી વધુ નફો કરતાં ટોચનાં પાંચ નિગમોમાંની એક છે.

સેલ મુખ્ય માહિતી :

- મુખ્યાલય : નવી દિલ્હી
- સ્થાપના : ૧૯ જાન્યુઆરી ૧૯૫૪

**(૪) વડાપ્રધાન મોદીનો ઓડિશા અને છત્તીસગઢ પ્રવાસ :**

- વડાપ્રધાન મોદીએ ઓડિશા છત્તીસગઢના પ્રવાસ દરમ્યાન અનેક પ્રજા લક્ષી પ્રોજેક્ટોનો પાયો રાખવાની સાથે ઉદ્દ્ઘાટન પણ કર્યું.
- વડાપ્રધાને ઓડિશામાં અંદાજે ૧૪ હજાર અને છત્તીસગઢમાં અંદાજે ૪ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ શરૂ કર્યા છે.
- મોદીએ સૌથી પહેલા ઓડિશાના તલચર ખાતર કારખાનાનો શિલાન્યાસ કર્યો.
- તલચર ખાતર કારખાનું કોલસા– ગેસથી ચાલતું ભારતનું પહેલું એકમ હશે. આ પ્લાન્ટ પ્રાકૃતિક ગેસનું ઉત્પાદન પણ કરશે.
- કેન્દ્ર સરકાર બારાસોર, બારીપડા, બોલાંગીર, કોરાપુટ અને પુરીમાં ૫ મેડીકલ કોલેજોના નિર્માણ માટે ૫૭૦ કરોડ રૂપિયાની મદદ કરી રહી છે.
- મોદી વડાપ્રધાન બન્યા બાદ ૪ વર્ષમાં છઠ્ઠીવાર છત્તીસગઢ પહોંચ્યા.
- છત્તીસગઢમાં તેમણે જાં જગીરમાં ૧૬૦૭ કરોડ રૂ. ના બિલાસપુર– પથરાપાલી ફોર લેન રોડ પ્રોજેક્ટનો પાયો નાખ્યો.
- તેના બાદ ૧૬૯૭ કરોડ ૭૯ લાખ રૂ. ના ખર્ચે બનનાર બિલાસપુર– અનૂપપુર ત્રીજી રેલવેલાઇન પરિયોજનાનો શિલાન્યાસ પણ કર્યો.
- આ નવા રેલમાર્ગની લંબાઇ ૧૫૨ કિમી હશે. તેમાંથી ૧૧૯.૫૫ કિમીનો ભાગ છત્તીસગઢમાં અને ૩૨.૪૫ કિમીનો ભાગ મધ્યપ્રદેશમાં હશે.
- મોદીએ ઓડિશાના પ્રથમએરપોર્ટ ઝારસુગુડા એરપોર્ટનું ઉદ્દ્ઘાટન પણ કર્યું.
- આ એરપોર્ટ પર્વતીય વિસ્તારમાં ૪૫૦૦ ફૂટની ઊંચાઇ પર બનાવાયું છે. એરપોર્ટ ૧,૦૨૭ એકરમાં ફેલાયેલું છે. રન વે ૨૩૯૦ મીટર લાંબો છે. એરપોર્ટનું નામ સ્વતંત્રતા સંગ્રામ સેનાની વીર સુરેન્દ્ર સાઇ રખાયું છે.
- પીએમે ગર્જ નબહલમાં કોલસા ખાણનું ઉદ્દ્ઘાટન કર્યું. તે ૨૩૦ મિલિયન ટનનો કોલ બ્લોક રિઝર્વ છે.
- તેનાથી દર વર્ષે અંદાજે ૧૩ મીલિયન ટન કોલસાનું ઉત્પાદન થવાની સંભાવના છે. ૫ હજાર લોકોને રોજગાર મળશે.

**(૫) 'વિલેજ રોકસ્ટાર' ઓસ્કારમાં**

- રીમા દાસ દ્વારા નિર્દેશિત વિલેજ રોકસ્ટાર ફિલ્મ ઓસ્કાર પુરસ્કાર – ૨૦૧૯ માટે વિદેશી ભાષાની શ્રેષ્ઠ ફિલ્મની કેટેગરીમાં ભારત તરફથી રજૂ થશે.
- એફએફઆઇએ આ અંગે જાહેરાત કરી હતી.
- ૬૫માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ્સ માટે આ ફિલ્મને શ્રેષ્ઠ ફિચર ફિલ્મ પુરસ્કાર મળ્યો.

પ્રશ્નો :

(૧) વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજનાનું નામ જણાવો ?
- આયુષ્યમાન ભારત

૨ આયુષ્યમાન ભારત ક્યાંથી લોન્ચ કરવામાં આવ્યું ?
- રાંચીથી

૩ દુનિયાનો સૌથી મોટો ગુંબજ કયા બનેલો છે ?

- સેન્ટ પીટર્સ બેસિલિકા વેટિકન સિટી

૪ ભારતની સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક કંપનીનું નામ જણાવો ?

- સેલ

૫ સેલ કંપનીના નવા ચેરમેન જણાવો ?

- અનિલકુમાર ચૌધરી

૬ કોલસા– ગેસથી ચાલતું ભારતનું પ્રથમ એકડ જણાવો ?

- તલચર ખાતર કારખાનું

૭ ૬૫માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ્સ ની કઇ ફિલ્મ ને શ્રેષ્ઠ ફિચર ફિલ્મ જણાવો ?

- વિલેજ રોક્સ્ટાર

## 24.September 2018

**(૧) કલ્પના લાજમીનું ૬૪ વર્ષની વયે નિધન થયું :**

- ફિલ્મકાર કલ્પના લાજમીનું ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ મુંબઇની કોકીલાબહેન હોસ્પિટલમાં નિધન થયું છે. તેઓ ૬૪ વર્ષના હતા.
- તેમણે મહિલાઓ અને સમાજની કુનીતિ પર રુદાલી, ચિંગારી અને દમન જેવી ફિલ્મ બનાવી હતી.

**(૨) વોટ્સએપએ ફરિયાદ માટે મહિલા અધિકારી નિમ્યા**

- નકલી સમાચારો અંગે ભારતના દબાણ પછી વોટ્સએપ દ્વારા ગ્રીવન્સ ઓફિસરની નિમણૂક કરી.
- કોમલ લાહિરી નામના અધિકારી અમેરિકાથી જ ભારતીય યુઝર્સની નકલી સમાચાર સહિતની ફરિયાદો અને ચિંતા દૂર કરશે.
- મોબ લિન્ચિંગની ઘણી ઘટનાઓ બાદ ફેક ન્યુઝ પર પ્રતિબંધની પ્રક્રિયા શરૂ થઇ છે.

**(3) ક્રાંતિની જનની : મેડમ કામા :**

- આજે મેડમ કામાનો જન્મદિવસ છે. મેડમ કામાનું આખું નામ ભીખાઇજી રૂસ્તમજી કામા હતું.
- ૧૮૮૫ માં લગ્ન થયાં પણ પછી વૈવાહિક જીવનમાં વ્યસ્ત રહેવાના સ્થાને સામાજિક – રાષ્ટ્રીય પ્રવૃતિઓમાં આગળ વધ્યાં પોતાની જીવન પણ રાષ્ટ્રના કાજે સમર્પિત કર્યું હતું.
- ચેપી રોગચાળો, દુષ્કાળ અને આર્થિક મંદીએ કામોને રાજનીતિના માર્ગે વળ્યાં હતાં.
- ઓગસ્ટ ૧૯૦૭ માં સ્ટુટગાર્ડમાં ભારતનો ત્રિરંગો લહેરાવવાનું સૌપ્રથમ શ્રેય માટે પણ મેડમ કામાનું સ્મરણ થાય છે.
- મેડમ કામા એ જિંદગીના 33 વર્ષ વિદેશમાં વિતાવ્યાં હતાં.
- નવેમ્બર ૧૯૩૫ માં ભારત પરત આવ્યાં તેના બીજા જ વર્ષે ૧૩ ઓગસ્ટ ૧૯૩૬ના રોજ ગુલામ ભારતમાં આઝાદીનું ગુલાબી સોણલું સેવનાર આ મહાન ક્રાંતિકારી મહિલાનું અવસાન થયું હતું.

**(૪) સાઉદીમાં પહેલીવાર મહિલા ન્યુઝ એન્કરે સમાચાર વાંચ્યા :**

- સાઉદી અરેબિયામાં પહેલીવાર એક મહિલા ન્યૂઝ એન્કરે ઓન એર સમાચારો મળ્યા.
- વિયામ અલ દખીલ નામની આ ન્યૂઝ એન્કર દેશની પહેલી મહિલા ન્યૂઝ એન્કર બની ગઇ છે.
- તેણે ઉંમર અલ નાશવાન સાથે સરકારી ચેનલ સઉદિયા પર મુખ્ય સમાચાર રજૂ કર્યા.
- વિયામ આ અગાઉ સીએનબીસી અરબિયામાં કામ કરી ચૂકી છે.
- સાઉદીમાં આ પગલું પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના વિઝન ૨૦૩૦ હેઠળ ભરાયું છે, જે અંતર્ગત સાઉદીમાં હવે મહિલાઓની આઝાદી માટે પ્રયાસ કરાઇ રહ્યાં છે, જેથી વધુ ને વધુ ક્ષેત્રોમાં મહિલાઓની હિસ્સેદારી વધારી શકાય.

**(૫) ૩૮ વર્ષ બાદ આજે સિક્કિમને પોતાનું એરપોર્ટ મળશે.**

- સિક્કિમના પ્રથમ એરપોર્ટ પાક્યોંગ ગ્રીનફીલ્ડનું વડાપ્રધાન મોદી ઉદ્દઘાટન કર્યું
- આ એરપોર્ટ ૪૫,૦૦ ફૂટની ઊંચાઇ પર સ્થિત છે. તે એન્જીનિયરિંગનું ઉદાહરણ ગણાઇ રહ્યું છે.
- એરપોર્ટ બનવામાં ૯ વર્ષનો સમય લાગ્યો છે. આધારશિલા ૨૦૦૯માં મનમોહન સરકારના સમયમાં મુકાઇ હતી.
- પાક્યોંગ એરપોર્ટ સિક્કિમનું પહેલું અને દેશનું ૧૦૦ મું ફંક્શનલ એરપોર્ટ છે.
- સિક્કિમ દેશનું એકમાત્ર એવું રાજ્ય હતું કે જેની પાસે અત્યાર સુધી પોતાનું એરપોર્ટ નહોતું.
- તેનું નિર્માણ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ કર્યું છે. તે ભારત – ચીન સરહદથી ૬૦ કિ.મી. દૂર છે.
- ભારતીય હવાઇ દળ પાક્યોંગ એરપોર્ટ પર દરેક પ્રકારના વિમાનો ઉતારી શકશે.
- સિક્કિમ ૧૯૭૫માં ભારતનું ૨૨ મું રાજ્ય બન્યું હતું. ગયા વર્ષે ૧૪ લાખ પર્યટક સિક્કિમ ફરવા આવ્યા હતા.

**સિક્કિમ મુખ્યમાહિતી :**

- કેપિટલ : ગંગટોક
- ગવર્નર : ગંગા પ્રસાદ
- મુખ્યપ્રધાન : પવનકુમાર ચામલિંગ

**(૬) દિવ્યાંગ અંકુર ધામા અને મનોજ સરકારનો અર્જુન એવોર્ડ મેળવનાર ૨૦ ખેલાડીઓમાં સમાવેશ**

- અંધ એથલીટ અંકુર ધામા અને પૈરા બેડમિન્ટન ખેલાડી મનોજ સરકાર આ વર્ષે અર્જુન એવોર્ડ મેળવનારા ૨૦ ખેલાડીઓમાં સામેલ થયા છે.
- અત્યાર સુધીના ઇતિહાસમાં ચોથીવાર એક વર્ષમાં બે દિવ્યાંગ ખેલાડીઓને આ એવોર્ડ મળ્યો છે.
- આ પહેલા ૨૦૦૦, ૨૦૧૨ અને ૨૦૧૭ માં બે દિવ્યાંગ ખેલાડીઓને આ એવોર્ડ મળી ચુક્યા છે.
- આ તમામ ખેલાડીઓ એથલેટીક્સમાં છે. આ પહેલીવાર છે કે જ્યારે બે અલગ અલગ રમતના દિવ્યાંગ ખેલાડીઓને અર્જુન એવોર્ડ મળશે.
- દિવ્યાંગ બેડમિન્ટનમાં પહેલીવાર કોઇ ખેલાડીને આ એવોર્ડ મળશે.

પ્રશ્નો :

૧ વોટ્સએપે ફરિયાદ માટે કઇ મહિલાની ગ્રિવેન્સ ઓફિસરની નિમણૂંક કરી ?
- કોમલ લાહિરી

૨ મેડમ કામાનું પુરૂનામ જણાવો ?
- ભીખાઇજી રૂસ્તમજી કામા

૩ ભારતનો તિરંગો લહેરાવનાર પ્રથમ મહિલા જણાવો ?
- મેડમ ભિખાઇજી કામા

૪ પ્રથમ મહિલા ન્યુઝ એન્કર જણાવો ?
- વિયામ અલ દખીલ

૫ દેશનું ૧૦૦ મું એરપોર્ટ ક્યાં રાજ્યમાં બન્યું ?
- સિક્કિમ

૬ સિક્કિમનું પ્રથમ એરપોર્ટ કયાં શરૂ થયું ?
- પાકંયોગ ગ્રીનફિલ્ડ

૭ તાજેતરમાં કયા બે દિવ્યાંગ ખેલાડીને અર્જુન એવોર્ડ મળ્યો ?
- અંકુર ધામા, મનોજ સરકાર

## 25.September 2018

**(૧) દુનિયાનો સૌથી મોટો ઘંટ ૧૭ મીટર ઊંચી બાસ્કેટ :**

- પોલેન્ડના બીજા સૌથી મોટા શહેર ક્રાકોવમાં દુનિયાનો સૌથી મોટો ઘંટ (બેલ)
- તેનું વજન આશરે ૫૫ ટન છે અને તેની ઊંચાઇ ૧૩ ફૂટ જેટલી છે. આ ઘંટનો વ્યાસ લગભગ સાડા ચાર મીટર છે.

**(૨) પૃથ્વી સંરક્ષણ યાનનું સફળ પરીક્ષણ :**

- ભારત દ્વારા ઓડિસા કિનારે દૂર પ્રતિરક્ષા મિસાઇલનું સફળ પ્રેક્ષપણ કરવામાં આવ્યું.
- પૃથ્વી સંરક્ષણ યાન મિશન પૃથ્વીની વાયુમંડળથી પચાસ કિલોમીટરની ઊંચાઇ પર લક્ષ્યને પાડવું સક્ષમ છે.
- આ તકનીકી સંરક્ષણ યાન સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ) ના વૈજ્ઞાનિકોએ વિકાસ કર્યો છે.

**ડીઆરડીઓ :**

- Defence Research and Development organization

સ્થાપના : ૧૯૫૮

અધ્યક્ષ : જી. સતીશ રેડ્ડી

**(૩) મધ્ય પ્રદેશીય પરિષદની ૨૧ મી બેઠક :**

- ગૃહ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતા લખનૌ મધ્ય ક્ષેત્રીય પરિષદની ૨૧ મી બેઠક યોજાઇ.
- આ બેઠકમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, અને છત્તીસગઢે ભાગ લીધો.
- બેઠકનો ઉદ્દેશ સંબંધિત રાજ્યોની સમસ્યાઓનું નિરાકરણ અને આંતરરાજ્ય સીમાઓ સાથે સંકળાયેલા મુદ્દાઓનો હલ કાઢવું હતું.
- **શ્રેત્રીય પરિષદ મુખ્યમાહિતી :**

રચના : રાષ્ટ્રપતિ દ્વારા

અધ્યક્ષ : કેન્દ્રિય ગૃહમંત્રી અથવા રાજ્ય સરકાર દ્વારા નામાંકિત કોઇ કેન્દ્રિય મંત્રી

- હાલમાં ભારતમાં પાંચ પ્રદેશીય પરિષદો છે

(૧) ઉત્તર ક્ષેત્રીય પરિષદ (૨) દક્ષિણ ક્ષેત્રીય પરિષદ
(૩) પૂર્વ ક્ષેત્રીય પરિષદ (૪) પશ્ચિમ ક્ષેત્રીય પરિષદ
(૫) મધ્ય પ્રદેશ પરિષદ

**(૪) ચોથો ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૬ ઓક્ટોબરે લખનૌમાં ચોથા ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ આઇઆઇએસએફ ૨૦૧૮ નું ઉદ્દ્ઘાટન કરશે.
- ચાર દિવસના આ આયોજનમાં ૫૦૦૦ વિદ્યાર્થી, ૫૫૦ શિક્ષકો અને ઉત્તર – પૂર્વ ક્ષેત્રના ૨૦૦ વિદ્યાર્થીઓ, ૨૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ અને લગભગ ૨૦૦ સ્ટાર્ટઅપ્સ ભાગ લેશે.
- પહેલા અને બીજા વિજ્ઞાન મહોત્સવનું આયોજન નવી દિલ્હી ખાતે થયું હતું. ત્રીજા વિજ્ઞાન મહોત્સવનું આયોજન ચેન્નાઇમાં થયું હતું.

**(૫) દિલ્હી આઇજીઆઇ એરપોર્ટ વિશ્વનો ૧૬ મો સૌથી વ્યસ્ત એરપોર્ટ :**

- ઇન્ટરનેશનલ એરપોર્ટ કાઉન્સિલના અહેવાલ મુજબ ૨૦૧૭ માં, દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ (આઇજીઆઇ) એરપોર્ટ પરથી ૩૪ કરોડ મુસાફરોએ પરિવહન કર્યું.
- જેથી ૨૦૧૬માં ૨૨ માં સ્થાનેથી વિશ્વના સૌથી વ્યસ્ત ૧૬માં એરપોર્ટ તરીકે સ્થાન મેળવ્યું.

- ૩૯ કરોડ મુસાફરો સાથે એટલાન્ટાનો હેટર્સફિલ્ડ જેક્સન એરપોર્ટ ૨૦૧૭ માં સૌથી વ્યસ્ત એરપોર્ટ રહ્યું.
- અહેવાલ મુજબ બેઇજિંગ એરપોર્ટ બીજા સ્થાને પર અને ટોક્યો એરપોર્ટ ત્રીજી સ્થાને રહ્યું.

પ્રશ્નો :

૧ દુનિયાનો સૌથી મોટો ઘંટ કયા દેશમાં રજુ કરાયો ?

- પોલેન્ડ

૨ ના અધ્યક્ષ જણાવો ?

- જી. સતીશ રેડ્ડી

૩ ભારતમાં કુલ કેટલી ક્ષેત્રિય પરિષદ આવેલી છે ?

- પાંચ

૪ ચોથા ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવનું ઉદ્દ્ઘાટન ક્યાં થયું ?

- લખનૌમાં

૫ પ્રથમ ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવનું આયોજન ક્યાં થયું હતું ?

- નવી દિલ્હી

૬ વિશ્વનો ૧૬ મો સૌથી વ્યસ્ત એરપોર્ટ જણાવો ?

- દિલ્હી આઇજીઆઇ

## 26.September 2018

**(૧) પ્રખ્યાત સ્પોર્ટ્સ કોમેન્ટેટર જસદેવ સિંહનું નિધન :**

- લોકપ્રિય સ્પોર્ટ્સ કોમેન્ટેટર જસદેવ સિંહનું ૨૫ સપ્ટેમ્બરના રોજ નિધન થયું.
- તેમનો જન્મ ૧૮ મે ૧૯૩૧ ના રોજ રાજસ્થાનના સવાઇ માધોપુરના બોલી ગામમાં તેમનો જન્મ થયો હતો.
- જસદેવ સિંહે ૯ ઓલિમ્પિક્સ, ૮ હોકી વર્લ્ડ કપ અને ૬ એશિયન ગેમ્સમાં કોમેન્ટ્રી આપી હતી.
- ૧૯૫૫ માં રેડિયો સાથે જોડાયેલા જસદેવસિંહે દૂરદર્શનને પણ ૩૫ વર્ષ આપ્યાં.
- તેઓ રાષ્ટ્રીય સમારંભોમાં પણ કોમેન્ટ્રી આપતા હતા.
- તેમણે ઘણી સ્વતંત્રતા દિવસ અને ગણતંત્ર દિવસ સમારોહમાં પણ કોમેન્ટ્રી કરી હતી.
- ઓલિમ્પિકમાં શ્રેષ્ઠ કોમેન્ટ્રી કરવા બદલ તેમને ઓલિમ્પક ઓર્ડર પર પણ સમ્માનિત કરવામાં આવ્યા હતા.
- આ પુરસ્કાર તેમને આઇઓસીના પૂર્વ અધ્યક્ષ જુઆન એન્ટોનિયો સમારાંચે આપ્યો હતો.
- તેમને ૧૯૮૫માં પદ્મશ્રી અને ૨૦૦૮ માં પદ્મભૂષણથી સમ્માનિત કરવામાં આવ્યા હતા.
- દેશમાં સૌથી લોકપ્રિય રમત કોમેન્ટેટરમાંથી એક જસદેવ સિંહે ૧૯૫૫ જયપુરમાં ઓલ ઇન્ડિયા રેડિયોમાં કામ શરૂ કર્યું હતું.

**(૨) વિરાટ કોહલી અને મીરાબાઈ ચાનુને મળ્યો ખેલરત્ન :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભારતીય ક્રિકેટ ટીકમના સુકાની વિરાટ હોકલી અને વર્લ્ડ ચેમ્પિયન મહિલા વેઇટલિફ્ટર મીરાબાઈ ચાનુએ રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ થી સન્માનિત કર્યા હતા.
- સૌથી પહેલા મીરાબાઈ ચાનુને ખેલ રત્ન એવોર્ડ આપ્યો અને ત્યાર બાદ કોહલીને ખેલ રત્ન એવોર્ડ અપાયો.
- ખેલ રત્ન એવોર્ડ અને પ્રમાણપત્ર ઉપરાંત દરેક ખેલાડીને ૭.૫ લાખ રોકડ આપવામાં આવ્યા હતા.
- તેંદુલકર (૧૯૯૭) અને ધોની (૨૦૦૭) બાદ કોહલી ત્રીજો ક્રિકેટર કે જેણે ખેલ રત્ન એવોર્ડ અપાયો.
- આ વર્ષે ૨૦ ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવ્યા.
- આઠ કોચને ધ્યાન ચંદ્ર પુરસ્કાર એનાયત કરાયો હતો.
- રાજીવ ગાંધી રમત રત્ન : ભારતનો સૌથી મોટો રમત પુરસ્કાર
- શરૂઆત : ૧૯૯૧ – ૯૨
- પ્રથમ વિજેતા : વિશ્વનાથન આનંદ

**(૩) વિશ્વનો સૌથી ઊંચો ૩૬ ફૂટનો દીવો :**

- મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સાબરમતી રિવરફ્રન્ટ પર રૂા. ૪૪ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા રિવરફ્રન્ટ હાઉસનું મંગળવારે લોકાર્પણ કર્યું હતું.
- રિવરફ્રન્ટ હાઉસની બાજુમાં સૌર ઊર્જાથી કાયમી ઝળહળે તેવો દીવો મુકાયો છે.
- ઇન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝમાં રિસર્ચના વૈજ્ઞાનિક ડૉ. બ્રિજ શુક્લા દ્વારા માનવતાનો સંદેશો ફેલાવવાની નેમ સાથે સ્ટેનલેસ સ્ટીલનો દીવો ડોનેટ કરાયો છે.
- સૌર ઊર્જાથી ઝળહળતો દીવો હાલ રિવરફ્રન્ટ પર આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

**(૪) પોર્ટુગલના કિનારે ૪૦૦ વર્ષ પહેલાં ડૂબેલું જહાજ મળ્યું :**

- પોર્ટુગલની રાજધાની લિસ્બનની નજીકના શહેર કાશકાઇશના કિનારે ૪૦૦ વર્ષ જૂના ડૂબેલા જહાજનો કાટમાળ મળ્યો છે.
- એવું મનાય છે કે આ જહાજ મસાલા તથા અન્ય સામગ્રી સાથે ભારતની પોર્ટુગલ જઇ રહ્યું હતું.
- આ કાટમાળને છેલ્લા બે દાયકાની સમુદ્રી શોધોમાં સૌથી મહત્વની મનાઈ રહી છે.

- આ કાટમાળ સમુદ્રની સપાટીથી માત્ર ૪૦ ફૂટ નીચે હતો. અંદાજ એ છે કે આ જહાજ વર્ષ ૧૫૭૫ થી ૧૬૨૫ દરમિયાન ભારતથી લિસ્બન આવતી વખતે ડૂબ્યું હશે.
- મરજીવાઓને જહાજના કાટમાળમાં કાળા મરી, કાંસાની બનેલી તોપ અને કોડીઓ મળી છે. કોડીનો ઉપયોગ તે સમયે આફ્રિકાના કેટલાક ભાગોમાં ગુલામોના ખરીદ – વેચાણમાં ચલણ સ્વરૂપે કરાતો હતો.
- શરૂઆતના ખોદકામમાં ચીની માટી અને સિરામિકનાં વાસણ પણ મળ્યાં છે, જેને ૧૬ મી અને ૧૭ મી સદીમાં ચીનના વાનલી સામ્રાજ્ય સાથે સંકળાયેલ હોવાનું મનાય છે.
- આ કાટમાળ ગયા મહિને દેશના એટલાન્ટિક કિનારે મળ્યો હતો.

**(૫) ઇસ ઓફ લિવીંગ ઇન્ડેક્સ માં આંધ્રપ્રદેશ ટોચ પર**

- મકાનો અને શહેરી બાબતોના મંત્રાલયો દ્વારા શરૂ કરવામાં આવેલ ‘ઇસ ઓફ લાઇવિંગ ઇન્ડેક્સ’ રેન્કિંગમાં રાજ્યોની યાદીમાં આંધ્રપ્રદેશ ટોચ પર રહ્યું.
- આ યાદીમાં ઓડિશા બીજા જ્યારે મધ્યપ્રદેશ ત્રીજા સ્થાને રહ્યું.
- ઇઝ ઓફ લાઇવિંગ ઇન્ડેક્સ, ૨૦૧૮ના રાષ્ટ્રીય પસાર વર્કશોપમાં કયાયકલ્પ અને શહેરી પરિવર્તન માટે અટલ મિશન હેઠળ ત્રણેય રાજ્યોણે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજ્યો તરીકે સન્માનીત કરવામાં આવ્યા.
- Atal mission for Rejuvenation and urban Transrormation (AMRUT)
- શરૂઆત : ૨૦૧૫
- આ મિશનનો હેતુ દેશના તમામ શહેરોમાં પાણીની પાણી પુરવઠો અને સીવેજ જોડાણ પુરું પાડવું છે.

**(૬) ફિફાએ યોજેલા એવોર્ડ સમારોહ :**

- પ્લેયર ઓફ ધ યર’ નો એવોર્ડ ફિફા વર્લ્ડ કપમાં રનર્સ અપ ટીમ ક્રો એશિયાના ખેલાડીને મળ્યો છે.
- લંડનમાં આયોજિત સમારોહમાં તેનું સન્માન કરાયું હતું.
- ક્રો એશિયાનો લુકા મોડ્રિચે વિશ્વનો શ્રેષ્ઠ ફુટબોલ ખેલાડી બની ગયો છે.
- ૨૦૦૮ થી ૨૦૧૭ સુધી રોનાલ્ડો અને લિયોનલ મેસ્સલીને પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ મળ્યો હતો.
- બ્રાઝિલની ફોરવર્ડ ખેલાડી મોર્ટા ને શ્રેષ્ઠ મહિલા ફૂટબોલર તરીકે પસંદ કરવામાં આવી છે. તેણે આ છઠ્ઠીવાર એવોર્ડ મળ્યો છે. આ પહેલા ૨૦૦૬ અને ૨૦૧૦ માં સતત પાંચવાર આ માટે એવોર્ડ મળી ચુક્યો છે.
- માર્ટા એ બ્રાઝિલ માટે ૧૧૦ ગોલ કર્યા છે. એક વર્લ્ડ કપમાં સૌથી વધુ ૧૫ ગોલ કરવાનો પણ રેકોર્ડ તેના જ નામે છે.
- સ્ટાર ફૂટબોલર બ્રાઝિલનો નેમાર દુનિયાનો સૌથી મોંઘો ખેલાડી બન્યો છે નેમારને ગત વર્ષે પેરિસ સેંટ જર્મન ક્લબે લગભગ ૧૮૯૬ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

પ્રશ્નો :

૧ જસદેવસિંહને ઓલિમ્પિકમાં શ્રેષ્ઠ કોમેન્ટ્રી કરવા બદલ કયો એવોર્ડ એનાયત થયો હતો ?
- ઓલિમ્પિક ઓર્ડર

૨ જસદેવ સિંહને કયા વર્ષમાં પદ્મભૂષણ એવોર્ડ એનાયત થયો હતો ?
- ૨૦૦૮

૩ તાજેતરમાં કયા ક્રિકેટરને ખેલરત્ન એવોર્ડ એનાયત થયો ?
- વિરાટ કોહલી

૪ ૨૦૧૮માં કુલ કેટલા ખેલાડીને અર્જુન એવોર્ડ એનાયત થયા ?
- ૨૦

૫ પ્રથમ રાજીવગાંધી ખેલરત્ન વિજેતા જણાવો ?
- વિશ્વનાથ આનંદ

૬ પોર્ટુગલની રાજધાની જણાવો ?
- લિસ્બન

૭ ઇઝ ઓફ લિવિંગ ઇન્ડેક્સમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય રહ્યું હતું ?
- આંધ્રપ્રદેશ

૮ ફિફા – ૨૦૧૮માં ‘પ્લેયર ઓફ ધ યર’ નો એવોર્ડ કોને એનાયત થયો ?
- લુકા મોડ્રિચે

## 27.September 2018

**(૧) વિશ્વ પ્રવાસન દિવસ :**

- દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરના રોજ વિશ્વ પ્રવાસન દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી United Nations World Tourism organization દ્વારા કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી ૧૯૮૦ થી કરવામાં આવે છે.
- UNWTO ના નીતિ નિયમો ૨૭ સપ્ટેમ્બરના રોજ બનાવાયા હોવાથી આ દિવસને ૨૭ સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

(2) $E = mc^2$

- આ ક્રાંતિકારી સમીકરણ આજના દિવસે આઇન્સ્ટાઇન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.
- ૨૭ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇને આ સિદ્ધાંત રજૂ કર્યો. કોઇપણ પદાર્થમાંથી કેટલી ઊર્જા નીકળી શકે છે.
- આ સમીકરણે ભૌતિક, રસાયણ અને પરમાણુ વિજ્ઞાનમાં ક્રાંતિ કરી નાખી.

  આઇન્સ્ટાઇને વિજ્ઞાનને સાપેક્ષતાનો સિદ્ધાંત પણ આપ્યો છે. એથી આધુનિક ક્વૉન્ટમ ફિઝિક્સ ઊભું થયું.
- ૧૯૨૧ માં તેમને ફોટોઇલેક્ટ્રિક ઇફેક્ટના સિદ્ધાંત માટે નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

(૩) આધારહીન ઓળખ :

- કેન્દ્ર સરકારની મહત્વા કાંક્ષી આધાર યોજનાને સુપ્રીમકોર્ટે બંધારણીય રીતે કાયદેસર ગણાવી દીધી.
- સ્કૂલમાં એડમિશન, બેન્ક એકાઉન્ટ ખોલવા, મોબાઇલ સિમ લેવા તથા વિવિધ પરીક્ષાઓ માટે આધાર ફરજિયાત નથી.
- સિમના આધાર લિન્કને ગેરબંધારણીય કોર્ટે ટેલિકોમ કંપનીઓને ગ્રાહકોનો આધાર ડેટા ડીલિટ કરવાનો આદેશ કર્યો છે.
- કોર્ટે આધાર એક્ટની કલમ –૫૭ રદ કરી દીધી છે. આ કલમ ખાનગી કંપનીઓ સાથે આધારનો ડેટા શેર કરવાની મંજૂરી આપતી હતી.
- ઈન્કમ ટેક્સ રિટર્ન અને પાનકાર્ડને આધાર સાથે લિન્ક કરાવવું સુપ્રીમકોર્ટે અનિવાર્ય ગણાવ્યું છે.
- ચીફ જસ્ટિસ દીપક મિશ્રાનછી અધ્યક્ષતાવાળી પાંચ જજની બેન્ચે ૪:૧ની બહુમતીથી ચુકાદો આપ્યો.
- આધારને પડકારતી ૩૧ અરજીઓ અંગે બંધારણ બેન્ચે ૩૮ દિવસ સુધી સુનાવણી બાદ ૨૦ મેએ ચુકાદો અનામત રાખ્યો હતો.
- ૧૯૭૩ ના કેશવાનંદ ભારતી કેસ બાદ આ બંધારણ બેન્કની બીજી સૌથી લાંબી સુનાવણી હતી.

(૪) ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૨૪ કિ.મી. રનિંગનો વર્લ્ડ રેકોર્ડ

- બ્રિટનના ૮૫ વર્ષાના જ્યોર્જ ઓલિવરે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તેમણે સતત ૨૪ કલાકમાં ૧૨૪ કિ.મી. રનિંગ કરી.
- આ તેમની વય વર્ગમાં આટલા સમયમાં સૌથી વધુ અંતર કવર કરવાનો રેકોર્ડ છે.
- હિંક્લે રનિંગ ક્લબના અલ્ટ્રા રનર ઓલિવરે સાઉથ લંડનમાં આયોજિત ટૂટિંગ ૨૪ રેસમાં આ રેકોર્ડ બનાવ્યો હતો.
- ૮૫ પ્લસમાં અત્યાર સુધી કોઇ રેકોર્ડ નહોતો. ઓલિવરે ૪ અન્ય રેકોર્ડ પણ બનાવ્યા.
- તેમણે ૪૮ કિ.મી.નું અંતર ૬ કલાક ૪૭ મિનિટ ૫૯ સેકન્ડમાં પૂરૂ કર્યું.
- ૪૦ માઇલ (૬૪ કિ.મી.) નું અંતર પૂરૂં કરવામાં ૯ કલાક ૪૮ મિનિટ ૨૨ સેકન્ડનો સમય લીધો.
- જ્યારે ૧૮ કલાક ૨ મિનિટ ૨૬ સેકન્ડમાં ૧૦૦ કિ.મી.નું અંતર કાંપ્યું આ તેમના વયજૂથમાં રેકોર્ડ છે.
- ઓલિવરે ૨૦૧૩માં ૮૦ વર્ષની વયમાં આ જ રેસમાં સ્પીડ અને અંતરના સાત અન્ય રેકોર્ડ બનાવ્યા હતા. ત્યારે તેમણે ૧૫૨.૩ કિ.મી.નુ અંતર પૂરું કર્યું હતું.
- ઓલિવરે ૫૦ વર્ષતની વયે રનિંગ ટુર્નામેન્ટમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું.

(૫) વિશ્વની સૌપ્રથમ ફ્લાઇંગ કાર

- વિશ્વની સૌથી પહેલી ફ્લાઇંગ કાર ચીનના ગીલી ઓટો ગ્રૂપની એમરિકા સ્થિત પેટાકંપની ટેરાફુજિયાએ તૈયાર કરી.
- આ હાઇબ્રિડ ફ્લાઇંગ કારનું બુકીંગ આવતા મહીને શરૂ થઇ જશે. અને ડિલિવરી ૨૦૧૯માં કરાશે.
- આ ફ્લાઇંગ કારમાં બે વ્યક્તિ બેસી શકશે. કારને ટેક ઓફ અને લેન્ડિંગ માટે રનવેની જરૂર પડશે.
- ફ્લાઇંગ અને ડ્રાઇવિંગ મોડ વચ્ચે સ્વિચિંગમાં માત્ર એક મિનિટ લાગશે.
- તેના ગ્રાહકોનું ફર્સ્ટ ગ્રુપ અમેરિકનોનું જ હશે.
- ચીનના હાંગઝોઉમાં હેડક્વાર્ટર ધરાવતી ગીલી ચીનની સૌથી મોટી ઓટોમેકર્સ પૈકી એક છે.

(૬) રાષ્ટ્રીય ડિજિટલ કોમ્યુનિકેશન નીતિ : – ૨૦૧૮

- મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રિય મંત્રાલયે રાષ્ટ્રીય ડિજિટલ કોમ્યુનિકેશન નીતિ – ૨૦૧૮ને મંજૂરી આપી.
- તેના હેઠળ દરેક નાગરિક ૫૦ એમબીપીએસની સ્પીડથી સાર્વભૌમિક બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે.
- આ નીતિ અંતર્ગત દેશની તમામ ગ્રામ પંચાયતોને ૨૦૨૦ સુધી ૧ જીબીપીએસ કનેક્ટિવિટી પાડવામાં આવશે અને ૨૦૨૨ સુધી ૧૦ જીબીપીએસ કનેક્ટિવિટી આપવામાં આવશે.
- કેન્દ્રિય મંત્રાલયે દુરસંચાર આયોગને નવું નામ 'ડિજિટલ સંચાર આયોગ' આપવાનું નક્કી કર્યું.

પ્રશ્ન :

૧ વિશ્વ પ્રવાસન દિવસ ક્યારે ઉજવાય છે ?

- ૨૭ સપ્ટેમ્બર

૨ વિશ્વને .. સમીકરણ કોણે આપ્યું હતું ?

- આઈન્સ્ટાઇન

૩ તાજેતરમાં કેન્દ્ર સરકારે આધાર એક્ટની કેટલામી કલમ રદ કરી ?

- કલમ –૨૭

૪ ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૨૪ કિ.મી.નો રનિંગનો વર્લ્ડ રેકોર્ડ કોણે નોંધાવ્યો ?

- જ્યોફ ઓલિવર

૫ નીતિ આયોગ અંતર્ગત ગ્રામ પંચાયતને ૨૦૨૦ સુધીમાં કેટલા GBPS સુધી કનેક્ટિવિટી પુરી પાડવામકાં આવશે ?

- 1 GBPS

## 28.September 2018

### (૧) PM મોદીને UNનું ચેમ્પિયન ઓફ ધ અર્થ સન્માન

- સંયુક્ત રાષ્ટ્રએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ મેંક્રોએ સંયુક્ત રીતે સૌથી મોટું પર્યાવરણ સન્માન ચેમ્પિયન ઓફ ધ અર્થ થી નવાજ્યા છે.
- મોદીને આ સન્માન તેમની પોલિસી લીડરશિપ કેટેગરીમાં મળ્યું છે. આ સિવાય અન્ય પાંચને પણ નવાજાયા છે.

**યુનાઈટેડ નેશન્સ પર્યાવરણ કાર્યક્રમ મુખ્યમાહિતિ :**

- સ્થાપના : ૧૯૭૨
- મુખ્યમથક : નૈરોબી (કેન્યા)

### (૨) મનોહરસિંહજી જાડેજા (દાદા)નું નિધન :

- રાજકોટના રાજવી, રાજ્યના પુર્વ નાણાંમંત્રી, આરોગ્યમંત્રી, પુરવઠામંત્રી, કોંગ્રેસના દિગ્ગજ નેતા મનોહરસિંહજી જાડેજા (દાદા)નું ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ નિધન થયું.
- રાજકોટના રાજવી પરિવારમાં તા. ૧૮/૧૧/૧૯૩૫ના રોજ તેમનો જન્મ થયો હતો. તેઓ રાજકોટના ૧૫માં ઠાકર સાહેબ હતા.
- મનોહરસિંહ રાજકોટના પૂર્વ રજવાડા રાજ્યના છેલ્લા શાસક પ્રદ્યમાનસિંહ જાડેજાના પુત્ર હતા.
- તેમણે રાજકોટ સ્થિત રાજકુમાર કૉલેજ માંથી તેમની પ્રાથમિક અને ઉચ્ચતર શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું હતું.
- તેમણે ગુજરાત વિરૂદ્ધ રણજી ટ્રોફી મેચમાં ૧૯૫૫–૫૬ માં સૌરાષ્ટ્ર માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.
- તેમણે ૧૪ રણજી ટ્રોફી મેચ રમ્યા અને સૌરાષ્ટ્ર ટીમના કેપ્ટન હતા.

### (૩) ૧૫૮ વર્ષ જૂનો એડલ્ટરી કાયદો રદ :

- એડલ્ટરી એટલે કે લગ્નેતર સંબંધ હવે ગુનો નથી. સુપ્રીમ કોર્ટે પરિણીત મહિલા સાથે પરપુરૂષના સંબંધને ગુનાહિત ગણતી આઇપીસીની કલમ ૪૯૭ ને ગેરબંધારણીય ગણાવી.
- પાંચ જજની બંધારણીય બેન્ચ મુજબ પતિ તેની પત્નીનો માલિક નથી.
- કોર્ટે સ્પષ્ટ કર્યું કે એડલ્ટરી ભલે ગુનો નથી પણ સમાજની દ્રષ્ટિએ ખોટું છે. તેના આધારે છૂટાછેડા ઉશ્કેરવા તરીકે જોવાશે.
- એડલ્ટરી સાથે સંકળાયેલી ૧૫૮ વર્ષ જૂની કલમને રદ કરતા કલમ ૪૯૭ હેઠળ પરિણીત મહિલા સાથે પર પુરૂષના સંબંધને ગુનો ગણાતો અને દોષિત પુરૂષને પાંચ વર્ષ સુધીની જેલ થઇ શકતી હતી. જ્યારે મહિલા પર કોઇ કાર્યવાહી થતી નથી.
- મહિલા જો પતિની ઇચ્છાથી બીજા પુરૂષ સાથે સંબંધ બનાવે તે પણ ગુનો ગણાતો ન હતો.

**ચુકાદાની ત્રણ મહત્વની વાત :**

(૧) પરિણીત મહિલા કે પુરૂષ પોતાના પાર્ટનર ઉપરાંત અન્ય કોઇ સાથે સંબંધ બનાવે છે તો તે હવે ગુનો નહીં ગણાય.

- મહિલા કે પુરૂષ પોતાના પાર્ટનરના લગ્નેત્તર સંબંધના આધારે છૂટાછેડા માંગી શકે છે. આ જોગવાઇ પહેલા પણ હતી. આગળ પણ એ જળવાઇ રહેશે.
- મહિલા કે પુરૂષ પોતાના પાર્ટનરના લગ્નેત્તર સંબંધોથી કંટાળી આપઘાત કે તેની કોશિશ કરે તો બીજાની સામે ઉશ્કેરણીનો કેસ ચાલશે. આ જોગવાઇ પહેલાંની જેમ ચાલુ રહેશે.

### (૪) રાષ્ટ્રીય પ્રવાસન પુરસ્કાર – ૨૦૧૬–૧૭

- પ્રવાસન મંત્રી કે. જે. ઍલ્ફોન્ઝ દ્વારા નવી દિલ્હી ખાતે ૨૦૧૬–૧૭ માટે રાષ્ટ્રીય પ્રવાસન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.
- આ પુરસ્કાર સમારોહમાં રાજ્યોની શ્રેણીમાં આંધ્રપ્રદેશની પર્યટનનો વિસ્તૃત કરવા બદલ પ્રથમ પુરસ્કાર આપોમાં આવ્યો.
- આ કેટેગરીમાં કેરળ બીજા સ્થાને છે અને રાજસ્થાન અને ગોવાએ સંયુક્ત રીતે ત્રીજા છે.
- પ્રવાસન મંત્રી કે.જે. ઍલ્ફોન્ઝે ઇનક્રેડિબલ ઇન્ડિયા મોબાઇલ એપ્લિકેશન અને ઇનક્રેડિબલ ઇન્ડિયા ટૂરિસ્ટ ફેસિલિટી પ્રોવાઇડર સર્ટિફિકેશન પ્રોગ્રામ પણ શરૂ કર્યો.
- વર્ષ ૨૦૧૯ માં United Nations World Tourism organization દ્વારા ઉજવવામાં આવતા વિશ્વ પર્યટન દિવસની મેજબાની કરશે.

**પ્રશ્નો :**

૧ પી.એમ. મોદીને યુ.એન. દ્વારા તાજેતરમાં કયું સન્માન આપી સન્માનીત કરવામાં આવ્યા ?



Vivekanand Academy Gandhinagar

– ચેમ્પિયન ઓફ ધ અર્થ
૨ યુનાઇટેડ નેશન્સનું મુખ્યમથક જણાવો ?
– નૈરોબી (કેન્યા)
૩ મનોહરસિંહજી જાડેજા કુલ કેટલી રણજી ટ્રોફી મેચ રમ્યા હતા ?
– ૧૪
૪ તાજેતરમાં સુપ્રીમ કોર્ટ એડલ્ટરીને લગતી કઇ આઇપીસી કલમ રદ કરવામાં આવી ?
– ૪૯૭
૫ રાષ્ટ્રીય પ્રવાસન પુરસ્કાર ૨૦૧૬–૧૭ ક્યાં રાજ્યને એનાયત થયો ?
– આંધ્રપ્રદેશ

## 29.September 2018

**(૧) વર્લ્ડ હાર્ટ ડે :**

– ૬૦૦૦ સ્ટેશનો પર ૧૨૦ દિવસમાં ઝડપી વાઇફાઇ મળશે.
– આ માટે ગૂગલ અને રેલવે વચ્ચે કરાર થયા છે.
– રેલવે મ્યુઝિયમમાં ગૂગલના સહકારથી રેલવેનો વારસો ડિજિટલ સ્વરૂપે રજૂ કરાયો તેની પ્રશંસા કરતા રેલવે મંત્રી ગોયલે આ જાહેરાત કરી હતી.

**(૨) અમદાવાદને બેસ્ટ હેરિટેજ સિટીનો એવોર્ડ એનાયત :**

– પ્રવાસન મંત્રાલયે અમદાવાદ મ્યુનિ. ને દિલ્હી ખાતે નેશનલ ટુરીઝમ એવોર્ડર્સ અંતર્ગત બેસ્ટ હેરિટેજ સિટીનો એવોર્ડ એનાયત કર્યો છે.
– આ સાથે સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટને પણ બેસ્ટ એરપોર્ટનો એવોર્ડ મળ્યો છે.
– ૨૦૧૬–૧૭માં યોજાયેલી સ્પર્ધામાં ગુજરાત રાજ્યએ મુખ્ય ત્રણ બાબતો માટે એવોર્ડ મેળવ્યો છે.
– રાજ્યને શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ બનાવવાના પ્રયત્નો બદલ શ્રેષ્ઠ સિવિક મેનેજમેન્ટ, શ્રેષ્ઠ હેરીટેજ સીટી અને શ્રેષ્ઠ એરપોર્ટના એવોર્ડ મળ્યા છે.
– યુનેસ્કો દ્વારા અમદાવાદને વર્ષ ૨૦૧૭માં ભારતનું પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

**(૩) ૮૦૦ વર્ષ પછી મંદિરમાં 'દેવી' પ્રવેશ :**

– કેરળના સબરીમાલા ખાતેના ભગવાન અય્યપ્પા મંદિરમાં હવે દરેક વયજૂથની મહિલા પ્રવેશી અને પૂજા કરી શકશે. સુપ્રીમ કોર્ટે ૧૦ થી ૫૦ વર્ષની મહિલાઓ માટે આ મંદિરમાં પ્રવેશ પર મુકાયેલા પ્રતિબંધને હટાવી દીધો.
– સદીઓ જૂની આ પ્રથા માટે કેરળમાં ૧૯૬૫માં બનેલા હિન્દુ પૂજાસ્થળ (પ્રવેશ અધિકાર) કાયદાના નિયમ – ૩ (બી) ને પણ કોર્ટ રદ કરી દીધો.
– પાંચ જજોની બંધારણીય બેન્ચમાં સામેલ ચાર જજે મહિલાઓ પર મુકાયેલા પ્રતિબંધને જાતીય ભેદભાવના આધારે ગેરકાયદે અને ગેરબંધારણીય ગણાવ્યો.
– બંધારણીય કલમો મહિલાઓ પર પ્રતિબંધનું સમર્થન કરતી નથી બંધારણીય કલમ ૨૫ અને ૨૬ સબરીમાલા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની મહિલાઓના પ્રવેશ પ્રતિબંધનું સમર્થન કરતી નથી.
– મહિલાઓ પર પ્રતિબંધ કલમ ૨૫ (ક્લોઝ– ૧) નું ઉલ્લંઘન છે. તેથી કેરળ હિન્દુ સાર્વજનિક પૂજાસ્થળ (પ્રવેશ અધિકાર) નિયમ, ૧૯૬૫ ના નિયમ ૩ (બી) ને રદ કરવામકાં આવે છે.
– મુખ્ય ન્યાય મુર્તી દીપક મિશ્રાના નેતૃત્વ હેઠળ પાંચ જજની બેન્ચે જણાવ્યું કે ધાર્મિક સ્થળોના મેનેજમેન્ટની સ્વતંત્રતાના અનુચ્છેદ ૧૪ નો ભંગ ના કરી શકાય.

**(૪) વિક્રમ મિસ્રી ચીનમાં ભારતના નવા રાજદૂત બનશે.**

– મ્યાનમારના ભારતના રાજદૂત વિક્રમ મિસ્રીને ચીનમાં નવા ભારતીય રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
– તેઓ ૧૯૮૯ બેચના વિક્રમ મિસ્રીને મ્યાનમારમાં ૨૦૧૬ માં ભારતના રાજદૂત તરીકે નિમવામાં આવ્યા હતા.

**ચીન મુખ્યમાહિતી :**

– રાજધાની : બેઈજિંગ
– રાષ્ટ્રપતિ : શી ઝિંગ પિંગ

**(૫) ભારત એશિયા કપમાં સાતમી વાર ચેમ્પિયન :**

– ૧૪ માં એશિયા કપનું આયોજન ૧૫ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બર સુધી દુબઈ ખાતે કરવામાં આવ્યું હતું.
– ૧૪ માં એશિયા કપમાં કુલ ૬ ટીમોએ ભાગ લીધો હતો.
– એશિયા કપનું આયોજન એશિયન ક્રિકેટ કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે.
– ભારતે ચોથીવાર એક પણ મેચ હાર્યા વગર એશિયા કપનો ખિતાબ જિત્યો છે.
– ૧૪ માં એશિયા કપમાં મેન ઓફ ધ સિરિઝનો ખિતાબ ભારતીય ક્રિકેટર શિખર ધવનને આપવામાં આવ્યો હતો.
– ૧૪ માં એશિયા કપના ફાઇનલ મેન ઓફ ધ મેચનો ખિતાબ બાંગ્લાદેશના ક્રિકેટર લિટર દાસને આપવામાં આવ્યો હતો.
– ૧૪ માં એશિયા કપમાં પ્રથમ વાર સુપર ઓવર નિયમ લાગુ કરવામાં આવ્યો હતો.
– પ્રથમ એશિયા કપનું આયોજન વર્ષ ૧૯૮૪ માં સંયુક્ત અરબ અમીરાત ખાતે કરવામાં આવ્યું હતું.
– વર્ષ ૧૯૮૬ માં શ્રીલંકામાં યોજાયેલ એશિયા કપમાં ભારતે ભાગ લીધો ન હતો.
– આ પહેલા ૧૯૮૪, ૧૯૮૬, ૨૦૧૬માં ભારતે એક પણ મેચ હાર્યા વગર ખિતાબ જીત્યો હતો.
– શ્રીલંકાએ પાંચવાર આ ટાઇટલ જીત્યું છે.
– એશિયન ક્રિકેટ કાઉન્સિલ સ્થાપના : ૧૯૮૪

**(૬) ઇકોનોમિક ફ્રીડમ ઇન્ડેક્સમાં ભારત ૯૬ માં સ્થાને :**

– સેન્ટર ફોર સિવિલ સોસાયટી (સીસીએસ) દ્વારા પ્રકાશિતથ કરવામાં આવેલા ગ્લોબલ ઇકોનોમિક ફ્રીડમ ઇન્ડેક્સમાં ૧૬૨ દેશોમાં ભારત ૯૬માં સ્થાને છે.
– ગયા વર્ષે ઇન્ડેક્સમાં ભારત ૯૮ માં સ્થાને હતું.

- આ યાદીમાં હોંગ કોંગ અને સિંગાપોર અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને અનુક્રમે ટોચ પર છે.
- ૨૦૧૮ ઇન્ડેક્સનો ૨૦૧૬ના આંકડા પર આધારિત છે.

પ્રશ્ન :

૧ વર્લ્ડ હાર્ટ ડે ક્યારે ઉજવવામાં આવે છે ?
- ૨૯ સપ્ટેમ્બર

૨ તાજેતરમાં ગુજરાતની કઇ સીટીને બેસ્ટ હેરિટેજ સિટીનો એવોર્ડ એનાયત થયો ?
- અમદાવાદ

૩ અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સીટી ક્યારે જાહેર કરવામાં આવ્યું ?
- ૨૦૧૭

૪ ચીનમાં ભારતના નવા રાજદૂતનું નામ જણાવો ?
- વિક્રમ મિસ્ત્રી

૫ ભારત કુલ કેટલી વાર એશિયા કપમાં વિજેતા થયું છે ?
- સાત વાર

૬ ૧૪ માં એશિયા કપમાં મેન ઓફ ધ સિરિઝનો ખિતાબ કોને મળ્યો હતો ?
- શિખર ધવન

૭ ઇકોનોમિક ફ્રીડમ ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન જણાવો ?
- ૯૬

## 30.September 2018

### (૧) સંગીતકાર પંડિત તુલસીદાસ બોરકર નિધન :

- સંગીતકાર પંડિત તુલસીદાસ બોરકરનું ૮૩ વર્ષની વયે ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ નિધન થયું.
- તેમનો જન્મ ૧૮ નવેમ્બર ૧૯૩૪ના રોજ મુંબઈ ખાતે થયો હતો.
- હાર્મોનિયમ વાદક બોરકરને ૨૦૦૫માં સંગીત નાટક અકાદમી પુરસ્કાર અને ૨૦૧૬માં પદ્મશ્રી મળ્યો હતો.

### (૨) રંગચાર્ય શ્રીધરનNFRA ના વડા બન્યા.

- ભૂતપૂર્વ આઇએએસ અધિકારી રંગચાર્ય શ્રીધરનને ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ નેશનલ ફાઇનાન્શિયલ રિપોર્ટિંગ ઓથોરિટી (એનએફઆરએ) ના પ્રમુખ તરીકે નિમવામાં આવ્યા છે.
- તેઓ નેશનલ ફાઇનાન્શિયલ રિપોર્ટિંગ ઓથોરિટીના પ્રથમ પ્રમુખ બન્યા.
- તે ૩ વર્ષ અથવા ૬૫ વર્ષની ઉંમર સુધી કાર્ય કરશે.
- એનએફઆરએ ઑડિટના નિયામક તરીકે કાર્ય કરશે.
- નેશનલ ફાઇનાન્શિયલ રિપોર્ટિંગ ઓથોરઋટી (એનએફઆરએ) – સ્થાપના – ૨૦૧૮

### (૩) પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના દેશનું પહેલું ગોલ્ડન કાર્ડ :

- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ હજારીબાગ જિલ્લા હોસ્પિટલમાં દેશનું પહેલું ગોલ્ડન કાર્ડ બન્યું.
- રેણુદેવી નામની મહિલાના નામથી પહેલું ગોલ્ડન કાર્ડ બનાવવામાં આવ્યું.
- કેન્દ્રની મહત્વાકાંક્ષી યોજના, આયુષ્માન ભારત રાંચીમાં યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી.

### (૪) પરાક્રમ પર્વ :

- ભારતીય સશસ્ત્ર સેના નિયંત્રણ રેખા પર આતંકવાદી વિરૂદ્ધ કરવામાં આવેલ સર્જિકલ હુમલાના બીજી વર્ષ પુરા થયા.
- સશસ્ત્ર બળોના સાહસ, બહાદુર અને બલિદાનને પ્રદર્શિત કરવા.
- માટે ભારતીય સેના અને કેન્દ્ર સરકાર દ્વારા સંયુક્ત રીતે ૨૮ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર સુધી પરાક્રમ પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારતીય સેના દ્વારા વર્ષ ૨૦૧૬માં સર્જીકલ હુમલો કરવામાં આવ્યો હતો.
- ત્રાસવાદીઓને દૂર કરવા અને નિયંત્રણ રેખા પર ત્રાસવાદી લોંચ પેડને નાશ કરવા માટે સર્જિકલ હુમલો હાથ ધરવામાં આવ્યો હતો.
- પરાક્રમ પર્વના મુખ્ય કાર્યક્રમનુ આયોજન ન્યુ દિલ્લીમાં રાજપથ મયર ઇન્ડિયા ગેટના પરિસરમાં કરવામાં આવ્યું હતું.
- સમગ્ર દેશમાં ૫૧ શહેરોમાં ૫૩ સ્થળો પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારતીય સેના દ્વારા દેશના વિવિધ ભાગોમાં દેશની જનતા માટે સસ્ત્ર પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

### (૫) સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૧૮ :

- સ્વચ્છતા અભિયાનમાં વિવિક માપદંડોને ધ્યાને લઇ સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૧૮ માટે ગુજરાતના પાટણ જિલ્લાની પસંદગી કરવામાં આવી.
- પાટણ જીલ્લાએ કરેલી સારી કામગીરીને ધ્યાને લઇ કેન્દ્ર સરકાર તરફથી પાટણને એવોર્ડ એનાયત કરવામાં આવશે.

પ્રશ્નો :

૧ પંડિત તુલસીદાસ બોરકરને કયા વર્ષમાં સંગીત નાટક અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો ?
- ૨૦૦૫

૨ NFRA ના નવા વડા જણાવો ?
- રંગચાર્ય શ્રીધરન

૩ પ્રધાનમંત્રીજન આરોગ્ય યોજના હેઠળ દેશનું પહેલું ગોલ્ડન કાર્ડ કયાં બન્યું ?
- હજારીબાગ જિલ્લા હોસ્પિટલ

૪ પરાક્રમ પર્વનું આયોજન કોણે કર્યું હતું ?
- ભારતીય સેના અને કેન્દ્ર સરકાર

૫ સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ–૨૦૧૮ માં ગુજરાતના કયા જિલ્લાની પસંદગી થઇ હતી ?
- પાટણ

-------------સત્યમેવ જયતે---------------

Vivekanand Academy Gandhinagar

Vivekanand Academy Gandhinagar